Chap-3

# 3

## ગુજરાતમાં પ્રવર્તમાન ગામઠી શિક્ષણવ્યવસ્થા તથા નવી કેળવણીનો પ્રારંભ અને તેની પ્રશાસનવ્યવસ્થાનો વિકાસ

### ૩.૧ પ્રારંભિક

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતની રાજકીય, ધાર્મિક અને સામાજિક પશ્ચાદ્-ભૂમિકાનું ચિત્ર આ અગાઉ વિગતવાર દર્શાવવામાં આવ્યું છે. બ્રિટિશ સામ્રાજ્યનો પાયો નંખાયો, તે પહેલાંનો કાલ ગુજરાતમાં રાજકીય અનિશ્ચતતા અને અંધાધૂંધીનો કાલ હતો. પ્રજાના જાનમાલની સલામતીનો પ્રશ્ન વેધક હોય, ત્યારે શૈક્ષિક પ્રગતિ માટે ઘણો ઓછો અવકાશ રહે, એ સમજી શકાય એમ છે. ગુજરાતમાં મુસ્લિમશાસન પૂર્વે દેશી શિક્ષણની ઉન્નત પરંપરા પ્રસ્થાપિત થઇ ચૂકી હતી. પરંતુ મુસ્લિમ-મરાઠી શાસનના આતંકના યુગમાં આ પરંપરા ધીમે.ધીમે હીન થઇ ગઇ. પ્રજાના ધાર્મિક અને સામાજિક જીવનમાં પ્રવેશેલાં અનિષ્ટોની અસર હેઠળ કેળવણીની આ ઉન્નમ પરંપરા ક્રમશઃ અવનત બનતી ગઇ. નવલરામ નોંધે છે, તેમ અંગ્રેજોના આગમન સમયે દેશી શિક્ષણના અવશેષ રૂપે ટકેલી ગામઠી શિક્ષણ-વ્યવસ્થા એટલી બધી અધમ બની ચૂકી હતી કે તેને કેળવણી કહેવી એ જ વિપરીત લાગે.[૧] બ્રિટિશ પદ્ધતિની નવી કેળવણીનો પ્રારંભ થયો ત્યારે જનશિક્ષણની આ વ્યાપક પ્રથાનો વારસો ગુજરાત પાસે હતો. પ્રસ્તુત પ્રકરણમાં, ઓગણીસમી સદી દરમ્યાન

તેની સ્થિતિ કેવી હતી એને જરા વિસ્તારપૂર્વક અવલોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બ્રિટિશ કેળવણીના પ્રારંભ અને વિકાસ દરમ્યાન ગુજરાતની રાજકીય, સામાજિક અને ધાર્મિક પશ્ચાદ્ભૂની રજૂઆત બીજા પ્રકરણમાં થઇ છે. અત્રે ગામઠી શિક્ષણનું વિસ્તૃત અવલોકન આપવા પાછળ એતદ્કાલીન શૈક્ષણિક પશ્ચાદ્ભૂની રજૂઆત કરવાનો પણ ઉપક્રમ છે.

ઓગણીસમી સદીના ગુજરાતના શૈક્ષણિક ઇતિહાસના અભ્યાસીને ગામઠી શિક્ષણ પ્રથાનો ક્રમિક હ્રાસ અને બ્રિટિશ કેળવણીનો ઉત્તરોત્તર વિકાસ, એ બે ઘટનાઓ લગભગ સમાંતર આકાર લેતી જોવા મળે છે. ગામઠી શિક્ષણની અવગતિને લીધે બ્રિટિશ પદ્ધતિની નવી કેળવણીને વેગ મળ્યો. અને બ્રિટિશ પદ્ધતિની કેળવણીનો વિકાસ ગામઠી શિક્ષણની અવનતિ માટે જવાબદાર નીવડયો, એવી દ્વિવિધ પારસ્પરિક અસરો ઉભયને થઇ છે.

ઓગણીસમી સદીના ત્રીજા દાયકામાં ગુજરાતમાં નવી પદ્ધતિની કેળવણીનો પ્રારંભ થયો, પરંતુ બ્રિટિશ રાજ્યની શૈક્ષણિક નીતિનું ખરું મંડાણ તો ૧૮૫૪ના વૂડના ખરીતાએ કર્યું. આ ખરીતાના ઘડવૈયાઓએ ભારતમાં પ્રચલિત દેશી શિક્ષણ વ્યવસ્થાને રક્ષણ આપવાની અને એની બુનિયાદ પર નવી કેળવણીની ઇમારત ચણવાની ખ્વાહિશ પ્રગટ કરેલી. ૧૮૮૨માં હંટર કમિશને પણ વૂડના ખરીતાની ઉક્ત નીતિનું અનુમોદન કરેલું. આમ છતાં, પશ્ચિમની શિક્ષણ-પ્રથાના સામર્થ્ય અને શ્રેષ્ઠતામાં શ્રદ્ધા ધરાવતા અંગ્રેજ અમલદારોને પૂરતાં સાધનસવડ વગરની, દેશી પદ્ધતિએ શીખવતી ગામઠી શાળાઓ ટકાવી રાખવાની જરૂરિયાત સમજાઇ નહિ. પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિના રંગે રંગાયેલા કેટલાક ભારતીયજનોને પણ માદરેવતનની ઐતિહાસિક ગૌરવ ધરાવતી દેશી શિક્ષણ પ્રથાના અવશેષરૂપે નભતી આવી ગામઠી શાળાઓનો પુનરુદ્ધાર કરવાનું મુનાસિબ ન લાગ્યું. પરિણામે, બહુજન-સમાજની કેળવણીનું એક અણમોલ સાધન નામશેષ બની ગયું.

પ્રસ્તુત પ્રકરણમાં, ઉક્ત બન્ને સમકાલીન ઘટનાઓને વિશદતાપૂર્વક - નિરૂપવાનો પ્રયત્ન મુખ્યત્વે આને ચરિત્રસાહિત્યના આધારે કરવામાં આવ્યો છે. એમાં પ્રથમ ગામઠી શિક્ષણનો અર્થ, તેની ઐતિહાસિક પશ્ચાદ્ભૂ ટૂંકમાં જોઇશું તથા અધ્યેયકાલ દરમ્યાન તેના ઉદ્દેશો, પ્રવેશવય અને વિધિઓ, અભ્યાસક્રમ, શિક્ષણ-

પદ્ધતિઓ, શિક્ષકો અને તેમની યોગ્યતાઓ, શિક્ષાપદ્ધતિઓ વગેરે કેવાં હતાં તેની પણ સમીક્ષા કરીશું. ત્યારબાદ એના અનુસંધાનમાં ગુજરાતમાં બ્રિટિશ કેળવણી પ્રથાની માંડણી અને વિકાસ શી રીતે થયાં તે અવલોકીશું.

3.2 પ્રવર્તમાન ગામઠી શિક્ષણ :-

(1) અર્થ :

પ્રસ્તુત પ્રકરણમાં જેને માટે 'ગામઠી શિક્ષણ' એવો શબ્દ-પ્રયોગ કર્યો છે, એ શિક્ષણવ્યવસ્થા સૂચવવા નવલરામે 'વ્યવહારી કેળવણી' અને 'વાણિયાઇ ભણતર' એવા શબ્દ પ્રયોગોનો ઉપયોગ કર્યો છે.[2] 'વ્યવહારી કેળવણી' એવો. શબ્દ પ્રયોગ, બ્રિટિશ શાસન પહેલાંની ગામઠી શિક્ષણવ્યવસ્થાની ઉચ્ચ સ્થિતિનો દ્યોતક છે. બ્રિટિશ શાસન વ્યવસ્થાના આરંભ સમયે તો આ કેળવણી 'ગાંધીના વ્યવહારમાં જ ઉપયોગી થઇ પડે એવી થઇ રહી હોવાથી' નવલરામ ઉચિત રીતે જ એને 'વાણિયાઇ ભણતર' ગણે છે.

'વાણિયાઇ ભણતર' માટેના આ શિક્ષણનો ઉલ્લેખ ચરિતસાહિત્યમાં વિવિધ રીતે થયો છે. મોટાભાગના ચરિતકારોએ પ્રસ્તુત શિક્ષણ પ્રથા માટે 'ગામઠી શિક્ષણ' અને તે પૂરું પાડતી સંસ્થાઓ માટે 'ગામઠી શાળાઓ' એવા શબ્દપ્રયોગો યોજ્યા છે 'ગામઠી' શબ્દ મૂળ સંસ્કૃત ग्राम+स्थ પરથી ઊતરી આવ્યો છે. તેનો અર્થ 'ગામડાનું' કે 'ગામડાને લગતું' અથવા 'ગ્રામ્ય' કે 'ગામડિયું' એવો થાય છે. પરંતુ ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થતાં પ્રમાણો દર્શાવે છે તેમ, મુંબઇ, સૂરત, અમદાવાદ જેવાં મોટાં શહેરો કે કપડવંજ, ધોળકા જેવા કસબાઓમાં અસ્તિત્વ ધરાવતી આ શિક્ષણ વ્યવસ્થા તત્ત્વતઃ એકરૂપ જ હતી. એ રીતે જોતાં પ્રસ્તુત શિક્ષણ વ્યવસ્થા માટે પ્રથમ અર્થ બંધબેસતો જણાતો નથી. બ્રિટિશ પદ્ધતિની નિશાળો શરૂ થતાં 'વાણિયાઇ ભણતર' માટેની દેશી શાળાઓનાં વળતાં પાણી થયાં, અને એની સરખામણીમાં આ શાળાઓ જનસમાજને 'ગામડિયા' જેવી જણાવા લાગી, તેથી તુચ્છકારમાં એ પદ્ધતિની શિક્ષણ વ્યવસ્થા માટે 'ગામઠી શિક્ષણ' અને શાળાઓ માટે 'ગામઠી શાળાઓ' એવા હીનતા-સૂચક શબ્દ પ્રયોગો પ્રચલિત થઇને રૂઢ બન્યા હશે, એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે. ઉક્ત શિક્ષણ

વ્યવસ્થા માટે આ શબ્દ રૂઢ થઇ ગયો હોવાથી, સંશોધકે પણ અહીં તેનો ઉપયોગ કર્યો છે.

ગામઠી શિક્ષણની આ સંસ્થાઓનો ઉલ્લેખ ચરિત્રસાહિત્યમાં "ધૂળી નિશાળો" તરીકે પણ થયો છે. બ્રિટિશ પદ્ધતિની શિક્ષણ-સંસ્થાઓની અસર હેઠળ ગામઠી શાળાઓમાં સ્લેટ-પેનનો વપરાશ થવા લાગ્યો એ પહેલાં ગામઠી નિશાળોમાં લેખન-કાર્ય માટે થતો ધૂળનો ઉપયોગ આ નામને સાર્થક ઠરાવે છે :

> "આપણા દેશની ગામઠી નિશાળોમાં સ્લેટ અને સ્લેટપેનો પરદેશથી આવવા લાગી તે અગાઉ પાટીઓ વપરાતી, લાકડાની પાટી પર ખડી કે રંગીનો લેપ દઇ તે ઉપર ધૂળ-વિદ્યા પાથરી છોકરાં લખતાં....... પરંતુ એથી આખી નિશાળમાં છોકરાના શરીર પર ને તેમના લૂગડા પર ધૂળ ધૂળ થઇ રહેતી."[3]

રવિશંકર રાવળ તેમના 'આત્મકથાનક'માં આ પ્રકારની શાળાઓ માટે એ જ નામનો ઉપયોગ કરી એ નિશાળો શા માટે 'ધૂળી નિશાળો'ના નામે ઓળખાતી તેનું સ્પષ્ટીકરણ આ રીતે કરે છે :

> "એને ધૂળી નિશાળો કહેવાનું કારણ તો એ કે દેશમાં ત્યારે સ્લેટ-પેનનો વપરાશ ન હોવાથી ઘેરથી બારીક ધૂળની પોટલી બાળકો લેતાં આવતાં, ને તેનાથી લાકડાની નાની પાટી પર ધૂળ છંટકારી તેમાં લાકડાના કલમ જેવા વતરણાથી અક્ષરો ઘૂંટતા (અભણને ત્યારે પણ મહેણું દેવાનું કે, કોઇ દી પાટી પર ધૂળ નાખી છે?)"[4]

આ ઉપરાંત લેખનકાર્યમાં ધૂળ, માટીનો ઉપયોગ થતો હોવાનાં અન્ય પ્રમાણો પણ ઉપલબ્ધ થાય છે. ધૂળના વ્યાપક ઉપયોગને લીધે આ નિશાળો ધૂળી શાળાઓ તરીકે ઓળખાતી હતી એ સ્પષ્ટ થાય છે.

કેટલેક સ્થળે આ શાળાઓ 'પંડ્યાની નિશાળો' તરીકે ઓળખાતી હોવાનાં પ્રમાણો પણ પ્રાપ્ત થાય છે. પંડ્યા એ મૂળ સંસ્કૃત *પંડિત* પરથી ઉતરી આવેલો શબ્દ છે. તેનો અર્થ 'શાસ્ત્રમાં નિષ્ણાત' વિદ્વાન કે સાક્ષર એવો થાય છે. પ્રાચીન-કાળમાં પ્રસ્તુત શિક્ષણવ્યવસ્થાનાં સૂત્રો આવા વિદ્વાન બ્રાહ્મણોના હાથમાં હતાં અને એના પરથી આ શાળાઓ પંડિતોની-પંડ્યાઓની શાળાઓ તરીકે જાણીતી બની

હશે એમ માનવું સયુક્તિક ગણાય.

જે સ્થળે આ પ્રકારની એક કરતાં વધારે શાળાઓ હતી ત્યાંનો સ્થાનિક લોકસમૂહ આવી નિશાળોને તેના મહેતાજીના નામથી ઓળખતો જેમ કે, 'નારણ મહેતાની નિશાળ,' 'ચકુ મે'તા'ની નિશાળ વગેરે વગેરે.

(૨) ઐતિહાસિક પશ્ચાદ્ભૂ :

ભટ્ટ ગણપતરામ રાજારામ, એક સમયે સમગ્ર ભારતવર્ષમાં પ્રચલિત થયેલી અને લોકપ્રિય બનેલી, ગામઠી શિક્ષણ વ્યવસ્થાનો પદ્યાત્મક ચિતાર આ રીતે રજૂ કરે છે.[૫] :

"પાંચ વર્ષનો પુત્ર થતાં જન, અક્ષર બોધ હતા કરતા,
ગામેગામ નિશાળોમાં ગુરુ પંડિત નામ હતા ધરતા,
પંડિતનો પંડયો અપભ્રંશે, વદાય છે જનમાં હજિયે,
વર્ણવવા શુભ રીત તેમની, આળસ અંગ થકી તજિયે.

હિસાબ સાધન આંક શીખવી, સરવાળાદિક ઝટ ગણતાં,
નાનાવિધ લેખાં વ્યવહારિક, શીખવતા મુખથી ભણતાં,
ગણિતમાં લીલાવતી આદિક, શીખવતા ગુરુ સભ્ય રહી,
અક્ષરમાં વિવેકામાતૃકા°, લીપિવિવેકાદિક સહી.

લેખ પધ્ધતિ, પત્રપ્રશસ્તિ, લેખ વિષયમાં શીખવતા,
પ્રબંધ વિક્રમ, ભોજ આદિના, વાચન વિષયે આવિજ્ઞતા,
નીતિમાં ચાણાક્ય, વિદુરનીતિ, પંચો પારવ્યાનાદિ તથા,
સિધ્ધ વ્યાકરણો શીખવતા, કહ્યુ મેં જાણ્યું જેમ યથા.

........ X ......... X .........

બાળાઓને પણ કેળવણી, માબાપો ગુરુથી દેતાં,
શાળામાં બીજી જગ્યાએ, બાળકી વૃંદ હતાં રહેતાં.
વૃધ્ધ, સુશીલ, ગંભીર દૃઢવપુના/મેતાજી તે વેળ હતા,
કરપ તેમનાથી કંપીને, નૃપસુત સરખા સજડ થતાં,

---

° આ પદ્યમાં અધોરેખિત શબ્દો અને શબ્દસમૂહો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયેલા છે.

બાળક રોતું છાનું રહેતું, ઓ પંડયા આવ્યા કે'તાં,
આજ્ઞાંકિત અભ્યાસી ઝાઝા, ગુરુના વચન મહી રે'તા"

રાય અને રંક, કુમાર અને કન્યા સહુને માટે ઉપકારક, લેખન, વાચન, ગણન, નીતિબોધ આદિથી બનેલા અભ્યાસક્રમ વડે ઓપતી અને વિદ્વાન બ્રાહ્મણો-પંડિતો દ્વારા પુરસ્કૃત અને સંચાલિત શિક્ષણની આ ઉત્તમ પરંપરામાં કાળાંતરે અનેક વિકૃતિઓએ પ્રવેશ કર્યો. ફલત: અંગ્રેજી શાસનના પ્રારંભ સમયે તો તે હીન કક્ષાએ પહોંચી હતી. બ્રિટિશ શાસનના પ્રારંભ કાળે ગામઠી શિક્ષણની સ્થિતિનો નિર્દેશ કરતાં નવલરામ નોંધે છે કે "એ વેળાએ તો એ વ્યવહારી કેળવણી હલકી થતાં એક ગાંધીના વ્યવહારમાં જ ઉપયોગી થઇ પડે એવી થઇ રહી હતી."[6]

અંગ્રેજી શાસનના પ્રારંભકાળે ગામઠી શિક્ષણ પ્રથા છેક હલકી કક્ષાએ પહોંચી ગઇ એની પાછળ નીચેનાં પરિબળો જવાબદાર જણાય છે :

(૧) મુસ્લિમ શાસન દરમ્યાન રાજકર્તાઓની ભાષા શીખીને રાજવહીવટમાં ઉચ્ચ સ્થાનો મેળવવાનું શિષ્ટજનોનું વલણ રહ્યું. એને પરિણામે સંસ્કૃતને સ્થાને રાજભાષા બનેલી ફારસી શીખવા તરફ પ્રજાનો પ્રવાહ વળ્યો અને સંસ્કૃતભાષાના શિક્ષણને ગામઠી શિક્ષણ પદ્ધતિમાંથી જાકારો મળ્યો. સંસ્કૃત શીખવા માટે બ્રાહ્મણ બાળકો પાઠશાળાઓ કે વિદ્વાન શાસ્ત્રીઓનું શરણ શોધવા લાગ્યાં, ક્ષત્રિય પ્રજાએ મુખ્યત્વે ફારસી અરબીના અધ્યયનમાં રસ લેવા માંડયો. જ્યારે ગામઠી શાળાઓનું શિક્ષણ વૈશ્ય બાળકો પૂરતું મર્યાદિત બની રહ્યું. વૈશ્ય બાળકોને હિસાબકિતાબ કરતાં અને નામું લખતાં આવડે એ પૂરતા એના ઉદ્દેશ, અભ્યાસક્રમ અને શિક્ષણપદ્ધતિઓ સંકુચિત બની ગયાં.

"શૂદ્રોને તો કોઇ ભણાવતું જ નહીં, તો પણ કેટલાક જિજ્ઞાસુ છોકરા ખુલ્લામાં મોટા મોટા બરાડા પાડી પાડીને નિશાળો ચાલતી હોય તેના સત્સંગથી બધુંએ શીખી લેતા.[7]

(૨) મુસ્લિમ શાસન દરમ્યાન કન્યાઓની સલામતીનો પ્રશ્ન પણ વિકટ બન્યો, અને એમને ઝટપટ પરણાવી દેવાની વૃત્તિ વ્યાપક બનતી ગઇ. પરિણામે બાળલગ્નનો વ્યાપક ચાલ લગભગ તમામ કોમોમાં પ્રવેશ્યો અને એ રીતે કન્યાઓ શિક્ષણ લેતી અટકી.

બ્રિટિશ શાસનના પ્રારંભકાળે ગામઠી કેળવણી આ રીતે નિઃસત્વ અને એકમાર્ગી બનતી ગઇ.

(૩) ઇ.સ. ૧૮૧૮ના ખીડકીના યુદ્ધ પછી અંગ્રેજોએ ગુજરાતનું રાજ્ય પણ પોતાના હસ્તક લીધું, રાજકીય અંધાધૂંધી દૂર કરી અને પ્રજાજીવનમાં શાંતિ, સ્થિરતા અને વ્યવસ્થા આણ્યાં. ઇ.સ.૧૮૩૫થી લૉર્ડ વિલિયમ બેન્ટિક અને મેકોલેની અંગ્રેજી કેળવણી આપવાની નીતિ અમલમાં મૂકાઇ. ૧૯મી સદીની બીજી પચીસી દરમ્યાન, તળ ગુજરાતમાં પણ બ્રિટિશ પદ્ધતિની ગુજરાતી - અંગ્રેજી શાળાઓની સ્થાપના થવા લાગી.

"મહીપતરામના સમયમાં સુરતમાંથી નવાબી ગઇ હતી અંગ્રેજ સરકારે પદ્ધતિસરની કેળવણીનો આરંભ સને ૧૮૨૬માં બે ગુજરાતી શાળાઓ ઉઘાડીને કર્યો. તે પછી સોળ વર્ષે એટલે કે સને ૧૮૪૨માં અંગ્રેજી શાળા સ્થપાઇ આથી મહીપતરામ તેર ચૌદ વર્ષના થયા તે વખતે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવાને માટે સાધન તૈયાર હતું.."[૮]

સુરત આમ તો છેક ૧૭મી સદીથી અંગ્રેજ પ્રજાના સંપર્કમાં હતું અને તેથી ત્યાં અંગ્રેજી શિક્ષણનો પાયો સૌ પ્રથમ નંખાય, તેવી અનુકૂળતાઓ ઊભી થઇ હતી.

શિક્ષણની ઉકત નવીન પદ્ધતિનો પ્રારંભ એ દેશી શિક્ષણવ્યવસ્થા પરનો એક બીજો મોટો ફટકો હતો. હવે પ્રજાનું વલણ અંગ્રેજી ભાષા શીખી સરકારી નોકરીઓ મેળવવા તરફ વળ્યું. ફલતઃ દેશી શિક્ષણવ્યવસ્થાનાં વળતાં પાણી થયાં. આ હકીકતનો ઉલ્લેખ કરતાં દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી - (જ. ૧૮૬૮) દર્શાવે છે કે "એ (બ્રિટિશ) ઘાટી પરની પ્રાથમિક કેળવણી એટલે ઓટલા પર બેસી લાકડાની પાટી, સફેદો ને લેખણ કે વતરણા વડે શિખનારા વિદ્યાર્થીઓની ગામઠી નિશાળોનો મૃત્યુઘંટ. ધીમે ધીમે એ નિશાળો બંધ થતી ગઇ."[૯] ઓગણીસમી સદીના અંતિમ દાયકા (ઇ.સ.૧૮૯૨)માં જન્મેલા અને આ પદ્ધતિની ગામઠી શાળામાં પ્રારંભિક શિક્ષણ પામેલા એક બીજા ચરિતકાર પણ પોતાની આત્મકથામાં આ હકીકતનું સમર્થન કરતાં જણાવે છે કે "વર્ષો સુધી એ (ગામઠી) શાળાઓ ચાલતી હતી, અને ગામઠી મટી 'રજિસ્ટર્ડ' પણ થઇ હતી એમ, કેટલાંક વર્ષો પછી મારા જોવામાં આવ્યું. કેળવણીની વ્યવસ્થિત યોજનામાં આવી ગામઠી

શાળાઓ સમાઇ ગઇ."[60]

આમ બ્રિટિશ રાજયઅમલ દરમ્યાન ગામઠી શિક્ષણ વ્યવસ્થામાં મોટું ભગાણ પડયું, પરંતુ તે સાવ નિર્મૂળ તો નહોતી જ થઇ. એક યા બીજા સ્વરૂપે તે વધતે ઓછે અંશે સમગ્ર બ્રિટિશ અમલ દરમ્યાન વિદ્યમાન રહી. આગળ જતાં તેણે બ્રિટિશ પદ્ધતિની ઔપચારિક કેળવણીની પ્રારંભિક વ્યવસ્થાનું સ્વરૂપ ધારણ કર્યું અર્થાત્ તે પૂર્વ-શાળા-શિક્ષણ વ્યવસ્થામાં પરિણમી. આમ છતાં તેની લોકપ્રિયતા ક્રમશઃ ઘટતી જતી હતી, અને ગામઠી શાળાઓના શિક્ષકોની પ્રતિષ્ઠા પણ સમાજમાં ઘટતી જતી હતી. નંદશંકર મહેતાના જીવનચરિત્રમાં "જ્યારે સરકારી શાળાઓ ખૂલી ત્યારે આ (ગામઠી) શાળાનું માન ઊતરી ગયું, ને "નારણ મહેતા કારેલી" વગેરે તુચ્છ શબ્દોથી આ પુરાણા પંતૂજીનો તિરસ્કાર થવા લાગ્યો" એવો - ઉલ્લેખ છે.[61]

ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં આવી ગામઠીશાળાઓમાં અનુક્રમે ભાવનગર અને નાડિયાદમાં શિક્ષિત થયેલા બે આત્મચરિત્તકારો પોતાની શાળાના મહેતાજીઓ વિશે પ્રચલિત થયેલાં જોડકણાંનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે. એના પરથી પણ નવી કેળવણીના વિકાસ સાથે ગામઠી શાળાઓ અને ગામઠી શિક્ષકો લોકનજરમાંથી કેવા ઉતરી ગયા હતાં, તેની ઝાંખી થાય છે.

"બાપુડો બજાર,  
રોટલા ખાય હજાર,  
પાણી પીએ ઘડો,  
પેટ થાય દડો,  
પેટ ગયું ફૂટી,  
બાપુડો ગયો બૂડી."[62]


......... X .........

"એ.......કડે.....એ.....કો  
મહેતાનો ભાગ્યો ઢે......કો  
ઢેકા ઉપર ઘા.........ણી  
મહેતાણી વહુ કા.......ણી


ચાર્ટ નં. ૨

# ગુજરાતના બ્રિટિશ જિલ્લાઓમાં ગામઠી શાળાઓ


(સને ૧૮૨૯)




શાળાઓ




વિદ્યાર્થીઓ




કુલ વસતીના પ્રમાણમાં એક વિદ્યાર્થી દીઠ શહેરવસતી

આધાર: શિવપ્રસાદ રાજગોર: "ગુજરાતની કેળવણીનો ઈતિહાસ" પૃ. ૪૮

કાણી ઉપર કલા.....ડું
મહેતાનું છૈયું બલા....ડું"[13]

આમ બ્રિટિશ શિક્ષણપદ્ધતિની શાળાઓના વિકાસ સાથે ગામઠી શિક્ષણ-સંસ્થાઓ અને એના મહેતાજીઓની પ્રતિષ્ઠા ઘટી. ઇ.સ. ૧૯૧૪માં વર્તમાન પદ્ધતિની પૂર્વશિક્ષણ સંસ્થાઓ - બાલવાડીઓનાં બીજ ગુજરાતમાં રોપાયાં, તે ગામઠી શિક્ષણ-સંસ્થાઓ પરનો એક વધુ મરણતોલ ફટકો હતો. છતાંય આગળ કહ્યું તેમ બ્રિટિશ રાજ્ય અમલ દરમ્યાન છેક સુધી ગામઠી શિક્ષણ-સંસ્થાઓ મરવાના વાંકે જીવી રહી હતી.

ગામઠી શિક્ષણ વ્યવસ્થાનો આ રીતે એક લાંબો ઇતિહાસ છે. પરંતુ પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર અંગ્રેજી રાજ્ય અમલના એક સૈકા પૂરતું મર્યાદિત છે. આથી સંશોધકે એ યુગની ગામઠી શિક્ષણ-વ્યવસ્થાને જ અભ્યાસમાં કેન્દ્ર-સ્થાને રાખી છે.

બ્રિટિશ અમલ દરમ્યાન ગુજરાતના ખૂણે ખૂણે આવી શાળાઓ જોવા મળતી. મુંબઇ, સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર વગેરે જેવાં મોટાં શહેરોમાં કે ધોળકા, કપડવંજ, લખપત, અંજાર જેવાં કસબાનાં મથકોમાં પ્રચલિત આવી સંસ્થાઓ તત્ત્વતઃ સમાન જ હતી :

> "મહીપતરામ ગામઠી નિશાળે અભ્યાસ કરવા બેઠા તે છીપવાડની કે ગોપીપુરાની નારણ મહેતાને નામે મશહૂર થયેલી નિશાળે બેઠા તે હું કહી શકતો નથી. તો પણ ગામઠી નિશાળ કહી એટલે એ નામે ઓળખાતી બધી નિશાળો લગભગ એક સરખીજ. શિક્ષણ પણ બધે એક સરખું જ."[14]

આમ, શિક્ષણના ઉદ્દેશો, અભ્યાસક્રમ, સાધનસુવિધાઓ, શિક્ષણપદ્ધતિઓ વગેરેની દૃષ્ટિએ આ સંસ્થાઓમાં ઘણી એકરૂપતા હતી. અહીં મુખ્યત્વે અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) ને લક્ષમાં રાખીને ગામઠી શિક્ષણના ભિન્ન ભિન્ન પાસાંઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

## (૩) ઉદ્દેશો :-

ગામઠી શિક્ષણના ઉદ્દેશોની સીધી ચર્ચા કે ઉલ્લેખ કોઇ ચરિતકારે કર્યા નથી,

પરંતુ ગામઠી શિક્ષણના ઉદ્દેશો સ્પષ્ટ થાય એવાં કેટલાંક પ્રમાણો સંશોધકને ઉપલબ્ધ થયાં છે.

> "વાણીઆના છોકરા આઠદસ વરસની ઉંમરે ગામઠી મહેતાજીની નિશાળે ભણવા બેસતા, ત્યાં બેત્રણ ચાર વર્ષની મુદત સુધીમાં આંક, કક્કો, નામાં વગેરે શીખતા. ચાલતા કોષ્ટકોની ધાતો કે શીરીમાં મણીકાં લેખાં થોડાઘણાં આવડે. વાંચવાના પુસ્તકો તો હોય જ શાનાં. અશુદ્ધ લખતાં શીખે એ રીતે કેટલોક વખત ગુમાવ્યા પછી પંદર સોળ વર્ષની ઉમંરે કોઇ શરાફ કે મારફતીયાની દુકાને દાખલ થાય. ત્યાં કેટલીક મુદત લગી ઉમેદવારીથી કામ કરે. નામું લખવાની સમજ તથા તોલ, બારદાન, વીઆજ ગણવાની રીત, વટાવ, મુદત કાપવાના હિસાબ વગેરેમાં માહિતી મેળવી હુશીયાર થાય તો તેની લાયકી મુજબ છ દસ કે બાર રૂપીઆનું વરસાન જારી થાય. બહુ કુશલતા પ્રાપ્ત થાય તો વીશેક વરસની ઉંમરે ગુમાસ્તો થાય. ચડતાં ચડતાં મુનીમ કે કીલીદાર થાય. નોકરી મેળવવાને વાસ્તે એ ઉપક્રમ હતો."[૧૫]

આના પરથી નીચેની હકીકતો સ્પષ્ટ રીતે છતી થાય છે :

(૧) ગામઠી શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વૈશ્ય બાળકોની ભાવિ જરૂરિયાત સંતોષવાનો હતો.

(૨) વ્યાપાર-રોજગારમાં ઉપયોગી થાય એવાં પાયાનાં લેખન, ગણન અને વાચન કૌશલ્યોની ખિલવણી સિવાય તેનું અન્ય કોઇ લક્ષ્ય ન હતું. આ કેળવણીને આથી જ 'વાણિયાઇ શિક્ષણ' તરીકે ઓળખવામાં આવતી.

(૩) બાળકોની પ્રતિભાના સર્વતોમુખી વિકાસની આ પ્રથામાં ઉપેક્ષા જ થતી.

જે વૈશ્યેતર બાળકોને ગામઠી શાળામાં દાખલ કરવામાં આવતાં તેમને એ પ્રકારનું શિક્ષણ આપવાનો તેમના વાલીઓનો ઉદ્દેશ પણ વ્યાપારી કૌશલ્યોની ખિલવણીનો જ હતો, એમ દર્શાવતાં પ્રમાણો પણ ઉપલબ્ધ થાય છે :

> "મંછારામ દવે .......પંડે વેદશાસ્ત્ર ભણેલા ન હતા અને પોતાના છોકરાને પણ એ વિદ્યાનો અભ્યાસ કરાવ્યો નહિ. ગૂજરાતી

(ગામઠી) નિશાળે બેસાડી આંક ને લેખાં ભણાવ્યાં. આઠ વર્ષની ઉંમરે તેનો આ બુધ્ધિમાન પુત્ર વીસે આંક પુરા કરી લખતાં વાંચતાં શિખ્યો હતો એમ કહેવાય છે...... નિશાળેથી ઉઠયા પછી કોઇ ગૃહસ્થ નાગર ગોવિંદરામ જીવણરામની પેઢીએ નામું શીખવા મૂકયા. તે આવડયા પછી એ શેઠે તેને ઘણા હલકા વરસાને વાણોતર રાખ્યા. સંવત ૧૮૭૮"[૧૬]

'નંદશંકર જીવનચિત્ર' ના લેખક પણ "નામા લખતાં આવડે માટે આંક પાડા કરવા હિંદુ પારસી ગામઠી શાળામાં જતા"[૧૭] એમ જણાવે છે.

આમ બ્રિટિશ યુગની ગામઠી શિક્ષણપ્રથાનો ઉદ્દેશ પ્રજાના એક વર્ગની ભાવિ ધંધાકીય જરૂરિયાતો સંતોષવા પૂરતો મર્યાદિત બની રહયો હતો.

(૪) <u>પ્રવેશવય અને વિધિઓ</u> :-

શાળાપ્રવેશવય અંગે આત્મકથાનકો અને જીવનચરિત્રોમાંથી નીચે જેવાં પ્રમાણો ઉપલબ્ધ થાય છે :

(૧) નર્મદ પોતાના શિક્ષણનો પ્રારંભ ઇ.સ. ૧૮૩૮ના અરસામાં મુંબઇની એક ગામઠી શાળામાં પાંચ વર્ષની ઉંમરે થયો એમ દર્શાવતાં લખે છે કે "પાંચ વરસનો થયા પછી મારા બાપે મુંબઇમાં ભુલેશ્વર આગળ નાના મ્હેતાની નિશાળે મુકયો હતો."[૧૮]

(૨) નારાયણ હેમચંદ્ર (જ.૧૮૫૦) "હું પોતે"માં ઇ.સ. ૧૮૫૭-૫૮માં ૭-૮ વર્ષની ઉંમરે પોતે મુંબઇની એક ગામઠી શાળામાં પ્રવેશ કરેલો એમ દર્શાવતાં જણાવે છે કે "સાતમે વર્ષે કે આઠમે વર્ષે અમને ગામઠી નિશાળે મૂકયાં."[૧૯]

(૩) પોતાની 'આત્મકથા"માં ઇન્દુલાલ યાજ્ઞિક (૧૮૯૨-૧૯૭૨), ઇ.સ.૧૮૯૭ ના અરસામાં પોતાના શિક્ષણનો પ્રારંભ નડિયાદની એક ગામઠી નિશાળમાં થયો એમ દર્શાવતાં નોંધે છે કે "હું ચારપાંચ વરસનો થયો ત્યારે પાડોશના એક છોકરાની સાથે માસીબાએ મને પંડયાની ખાનગી નિશાળે મોકલ્યો."[૨૦]

ઉપર્યુકત આત્મકથાનકો ઉપરાંત જીવનચરિત્રોમાં પણ શાળાપ્રવેશવય અંગે નીચે જેવો ઉલ્લેખ મળે છે :

(૧) ગુજરાતની અર્વાચીન કેળવણીના પિતા રણછોડદાસ ગીરધરભાઇ – (જન્મ ઇ.સ. ૧૮૦૩)ના જન્મચરિત્રમાં ૧૯મી સદીના પ્રારંભિક દાયકાની ભરૂચની શૈક્ષણિક ભૂમિકાની ચર્ચા કરતાં એ કાળે 'વાણીઆના છોકરા આઠદસ વરસની ઉંમરે ગામઠી મહેતાજીની નિશાળે ભણવા બેસતા."[૨૧] એવો ઉલ્લેખ છે.

(૨) "નંદશંકર જીવનચિત્ર"ના રચયિતા ચરિતનાયકના જન્મ (ઇ.સ. ૧૮૩૫) સમયની સુરતની શૈક્ષણિક ભૂમિકામાં "તે વેળા છોકરો ચારેક વર્ષનો થાય, એટલે મુંડન કરાવી ઘોડે ચઢાવી વાજતે ગાજતે તેને નિશાળે મૂકવામાં આવતો"[૨૨] એમ દર્શાવે છે.

(૩) એ જ અરસામાં સુરતમાં શિક્ષણઆરંભવય સામાન્યતઃ સાત વર્ષની હોવાનું જણાવતાં 'મહીપતરામ'ના સર્જક દર્શાવે છે કે "મહીપતરામની ઉમ્મર સાત વર્ષની થઇ એટલે તે હવે નિશાળે ભણવા બેસવાને લાયક ગણાયા, ને તેથી વડીલોએ તેમને નિશાળે ભણવા મૂકયા."[૨૩]

(૪) 'તળપદી પ્રતિભાનું નૂર : સ્વ. શ્રી હરિલાલ દામોદરદાસ વકીલ'માં ..., લેખક કપડવંજમાં ઇ.સ. ૧૮૪૫ના અરસામાં ચરિતનાયકના શિક્ષણનો પ્રારંભ પાંચમા વર્ષે થયો એમ જણાવતાં નોંધે છે "એ ગૃહસ્થની કેળવણીનો પ્રારંભ પાંચમા વર્ષથી થયો હતો."[૨૪]

આમ, ગામઠી શાળામાં ચાર પાંચ વર્ષથી માંડીને ૮-૧૦ વર્ષની વય સુધી પ્રવેશ થતો હોવાના પ્રમાણો પ્રાપ્ત થાય છે. અપવાદરૂપ કિસ્સાઓમાં પાંચ કરતાં ય ઓછી અને ૮-૧૦ કરતાં ય વધારે વર્ષની ઉંમરે બાળકો ગામઠી શાળામાં પ્રવેશ કરતાં હોવાનો સંભવ છે. એ જોતાં એમ કહી શકાય કે, ગામઠી શાળામાં પ્રવેશવય અંગે કોઇ મુકરર ધોરણો ન હતાં. પરંતુ સામાન્ય રીતે પાંચ વર્ષની ઉંમરે બહુજન સમાજની દૃષ્ટિએ ગામઠી શાળામાં પ્રવેશ માટેની યોગ્ય ઉંમર ગણાતી એવું ચોકકસપણે કહી શકાય. અપવાદરૂપ કિસ્સાઓમાં, શાળાપ્રવેશવયના નિર્ધારણમાં બાળકની ક્ષમતા, ઉપલબ્ધ શિક્ષણ સુવિધા (ગામઠીશાળા અને ઘર વચ્ચેનું અંતર), વાલીઓની જાગૃતિ વગેરે નોંધપાત્ર ભાગ ભજવતાં હશે એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે.

ગામઠી શાળામાં પ્રવેશ વેળાની વિધિઓ અંગે આત્મચરિત અને જીવનચરિત્ર સાહિત્યમાંથી વૈવિધ્યપૂર્ણ માહિતી પ્રાપ્ત થાય છે. શિક્ષણ-પ્રારંભના દિવસનાં સ્મરણોની ઊંડી છાપ, ચરિતનાયક પર રહેતી હોય છે, અને તેનું વર્ણન ઘણા આત્મચરિતકારો કરતા હોય છે, તેથી આત્મચરિત્ર સાહિત્યમાંથી આ અંગે પ્રમાણમાં વિશેષ માહિતી ઉપલબ્ધ થાય છે.

(૧) ઇ.સ.૧૮૩૮ના અરસામાં મુંબઇની એક ગામઠી શાળામાં પ્રવેશ કરનાર નર્મદ પોતાના સ્વાત્મચરિત્રમાં "તે વેળાએ નિશાળિઆઓને ઘેર તેડયા હતા ને ગોળધાણા તથા ધાણી વેંહેચ્યાં હતાં, ને છોકરાઓ 'સરસતિ સરસતિ તું મારી માતને 'જો મેતાજી સલામત' એમ બોલતા હતા તે મને સાંભરે છે,....." એમ દર્શાવે છે.[૨૫]

(૨) મુંબઇમાં જ ૧૮૫૭-૫૮ના અરસાના ગામઠીશાળાપ્રવેશનાં પોતાનાં સ્મરણો એક ચરિતનાયક આ રીતે રજૂ કરે છે :

"સાતમે વર્ષે કે આઠમે વર્ષે અમને ગામઠી નિશાળે મૂકયાં. તે વખત હાલ પણ યાદ આવે છે. મોટી અમદાવાદી પાઘડી પહેરીને બે મહેતાજી એક આગળ ને બીજો પછવાડે છોકરાઓને પલટણની હારની પેઠે ગોઠવીને શીખામણની ઘાત સરસ્વતીને પધારવાનાં ગીત ગાવા માંડયા પછી મોટો મહેતાજી જેઠાલાલ ઘરમાં આવીને અમે સારાં કપડાં લત્તા પહેરેલા ત્યાં હાજર હતા, અમને મહેતાજીએ - સરસ્વતીની પૂજા કરાવી પછી જેઠાલાલને મારા પિતાએ પાઘડી બંધાવી ગોળ ધાણા છોકરાને વેચ્યા પછી જેઠાલાલ મહેતાજી મોટી પાઘડી સાથે આગળ ચાલ્યા અને મારો ભાઇ વિઠ્ઠલ ને હું મહેતાજીની પછવાડે પાટી ઉપર કંકુગુલાલ નાખેલી પાટી બે હાથમાં ઝાલીને નિશાળ તરફ ચાલ્યા, સોના-રૂપાનાં ઘરેણાં પેર્યાં હતાં તે વેળાએ ખુશી થતો હતો કે દિલગીર થતો હતો તેનું મને હમણાં ભાન નથી.............."[૨૬]

(૩) ઇ.સ.૧૮૯૭ના અરસામાં નડિયાદની એક ગામઠી નિશાળપ્રવેશનાં સંસ્મરણો આલેખતાં બીજા એક ચરિતનાયક લખે છે કે ".......રાજકોટમાં વાસો

કરતા દાદા તે વખતે અચાનક નડિયાદ હતા. તેમની સાથે કુંભારવાડે હું માટીનો કાચો ખડીઓ લેવા ગયેલો. તેમાં પંચામૃત ભરીને રિવાજ મુજબ સમડી ચકલા પાસે એક ધર્મશાળામાં ચાલતી નિશાળે ગયેલો ને સામેની દીવાલ પર ખડીઓ જોરથી ફેંકીને ફાડેલો........"[२७]

(૪) ઇ.સ. ૧૮૮૭-૮૮માં અમરેલીની એક ગામઠી શાળામાં પોતાના શિક્ષણક્રમના પ્રારંભિક દિવસનાં સ્મરણો આલેખતાં જગજીવન નારાયણ મહેતા (જ. ૧૮૮૨) આવી નોંધ લે છે :

"એ દિવસે મને સારાં કપડાં પહેરાવવામાં આવેલાં, કપાળમાં ચાંદલો કરવામાં આવેલો, મહેતાજી અને નિશાળના તમામ છોકરાઓને ઘેર બોલાવવામાં આવેલા. છોકરાઓ 'ચડતી દશાની ધાતરે, ખારે રે કૂવે જળ મીઠાં પાણી' એ ગીત લલકારતા લલકારતા મારે ઘેર આવેલા. છોકરાઓને પતાસાં વહેંચ્યાં ને મહેતાજીને અખ્યાણું° આપી મને શાળાએ વિદાય કર્યો. હું પણ હોંશે હોંશે ગયો. મહેતાજીએ પાટી ઉપર મને એકડો મંડાવ્યો."[२८]

ઉપર્યુક્ત હકીકત અધિયત આત્મચરિત્રોમાંથી પ્રાપ્ત થાય છે. જીવનચરિત્રોમાંથી પણ એવી વિધિઓનું સમર્થન કરતાં પ્રમાણો મળે છે.

પોતાના પિતાના સમયના ગામઠી શિક્ષણની એટલે કે ૧૯મી સદીના ત્રીજા ચોથા દાયકાની સુરતની પરિસ્થિતિ વર્ણવતા વિનાયક નંદશંકર મહેતા જણાવે છે કે

"તે વેળા છોકરો ચારેક વર્ષનો થાય, એટલે મુંડન કરાવી ઘોડે ચઢાવી વાજતે ગાજતે તેને નિશાળે મૂકવામાં આવતો. (પોતે કહેતા કે માત્ર તે જ દહાડે ખુશીથી તે શાળામાં જતો)............તે દિવસ તહેવારનો ગણવામાં આવતો. છુટ્ટી મળતીને છાત્રગણને મીઠાઇ પણ મળતી. 'મહેતાજીને પામરી°:ઓઢાડો' એ રાગ છોકરાઓ પાસે ગવાડતા. નારણ મહેતાને શાલ પામરી કે પાઘડી અને દક્ષિણા મળતી."[२९]

------------

° કાર્યારંભે અપાતી બક્ષિસ

°: ઊન કે રેશમનો ઉપરણો

આ બધા ઉલ્લેખો પરથી સિદ્ધ થાય છે કે શાળાપ્રવેશનું સારું એવું માહાત્મ્ય સારાયે ગુજરાતમાં હતું. ઘણી જગાએ તો સારી એવી ધામધૂમથી આ પ્રસંગની ઉજવણી થતી. આ પ્રસંગે સરસ્વતી આરાધના અને ગુરુવંદનાનાં ગીતો ગાવાનો ચાલ લગભગ બધે જ પ્રચલિત હતો. બાળકોને આ પ્રસંગે ગોળ-ધાણા, પતાસાં કે મિઠાઇ વહેંચીને મોં મીઠું કરાવવામાં આવતું અને ગુરુજીને પણ શાલ, પાઘડી વગેરે બક્ષિસમાં અપાતાં. કેટલીક જગાએ નવાગંતુકના માનમાં શાળાનાં બાળકોને છુટ્ટી મળતી. લોકમાનસમાં આ બધી બાબતો એટલી બધી રૂઢ બની ગઇ હતી કે, ગુજરાતમાં નવી પધ્ધતિની નિશાળો શરૂ થવા છતાંયે ઘણા વખત સુધી ત્યાં આ બધી વિધિઓ નહીં થતી હોવાને કારણે ઘણા લોકો એમનાં બાળકોને આ નવી પધ્ધતિની નિશાળોમાં દાખલ કરવામાં ખચકાટ અનુભવતા અને તેથી મરણોન્મુખ ગામઠી શાળાઓને પ્રાણવાયુ મળી રહેતો :

> "............ધીમે ધીમે એ (ગામઠી) નિશાળો બંધ થતી ગઇ. જો કે નિશાળગરણું કરવું, પુત્રને પહેલી વખત નિશાળે બેસાડવાનો ઉત્સવ ઉજવવો, એ રીત તો હજુ પણ કોઇ કોઇ જગાએ હસ્તીમાં છે, તેથી એવી ગામઠી શાળાઓને ચાલુ હોવાની જરૂર હતી. કારણ એ વિધિ, નાળીએર, ગોરધાણા, ગુરુજીને અપાતી શીખ વગેરેને માટે સરકારી નિશાળના વડા મહેતાજીઓ તૈયાર પણ ન હતા/અને તેમ કરવાની તેમના ઉપરીઓ તેમને રજા પણ આપે નહિ માટે એ સ્કૂલો મરતી મરતી પણ જીવતી હતી............." [30]

(૫) <u>અભ્યાસક્રમ</u>: ગામઠીશાળાના અભ્યાસક્રમ વિશે આત્મચરિત્રો અને જીવનચરિત્રો એમ ઉભય સાહિત્ય સ્વરૂપોમાંથી માહિતી પ્રાપ્ત થાય છે, પરંતુ આત્મચરિત્રો કરતાં જીવનચરિત્રોમાંથી આ અંગે વધુ સંગીન વિગતો મળે છે.

ગામઠી શાળાઓના અભ્યાસક્રમનું સ્વરૂપ કેવું હતું એની કંઇક ઝાંખી એના પૂર્વકથિત ઉદ્દેશો પરથી થાય છે. એ ઉપરાંત નીચેના પ્રમાણો પરથી તેનું સ્વરૂપ વેધક રીતે સ્પષ્ટ થાય છે :

(૧) ૧૯મી સદીના પ્રારંભિક દાયકાઓમાં ગામઠી શાળાઓનો અભ્યાસક્રમ કેવો હતો તેની ઝાંખી 'અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ'માં પ્રગટ

M. S. UNIVERSITY OF BARODA



થયેલા રણછોડદાસ ગીરધરભાઇના જન્મચરિત્ર પરથી થાય છે :

"વાણીઆના છોકરા આઠ-દસ વરસની ઉંમરે ગામઠી મહેતાજીની નિશાળે ભણવા બેસતા, ત્યાં બેત્રણચાર વરસની મુદત સુધીમાં આંક, કક્કો, નામાં વગેરે શીખતા. ચાલતા કોષ્ટકોની ઘાતો કે.શેરીઆં મણીકાં લેખાં થોડાં ઘણાં આવડે. વાંચવાનાં પુસ્તકો તો હોય જ શાનાં. અશુદ્ધ લખતાં શીખે...............વાણીઆઇ લખાણ એટલે કાનામાત્રાના ઠેકાણા વગરનું. જે લખાણમાં કાનામાત્રાનું ઠેકાણું નહિ તો પછી હ્રસ્વ દીર્ઘ કે જોડાક્ષર તો તેમાં હોય જ ક્યાંથી!"[31]

(૨) 'મહીપતરામ'ના લેખક, ચરિતનાયકની બાલ્યાવસ્થા દરમ્યાનની ગામઠી શાળાઓના અભ્યાસક્રમનો ખ્યાલ આ રીતે આપે છે :

"............ભણવામાં મુખ્ય વસ્તુ આંક, આંકના પલાખા, મોઢાના હિસાબ, ગણિત અને વાચન. હસ્તાક્ષર સુધારવાનો ઘુંટવાનાં દોપિસ્તા.° આંકમાં બધા પાડાઓ, પાયાં, અર્ધા, પોણાં, દોઢાં, અઢિયાં, ઉઠાંને અગિયારી વગેરેનો મુળપાઠ, બારાક્ષરીના શિક્ષણની પધ્ધતિ કંઇક વિરલ. અનાદિકાળથી ચાલી આવેલી એ પધ્ધતિમાં સમયાનુસાર ફેરફાર કરવાની મરજી કે હિંમ્મત મહેતાજીની નહિ."[32]

(૩) સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પધ્ધતિની સરકારી નિશાળો શરૂ થઇ, તે અરસામાં અસ્તિત્વ ધરાવતી ગામઠી શાળાઓનો શિક્ષણક્રમ કેવો હતો એની ઝાંખી એક ચરિતકાર આ રીતે કરાવે છે :

"આ પહેલાંની આપણા દેશનાં શહેરોમાંની સ્વદેશી કે પરંપરાએ ઉતરી આવેલી કેળવણી એટલે પંડયાજીની નિશાળો, તેમાં નહીં છાપેલી ચોપડીઓ, નહીં નિયમિત ધોરણો કે ક્રમવાર શિક્ષણ, નહીં દેશનું, પૃથ્વીનું વા વિશ્વનું સામાન્ય જ્ઞાન.........આંક, કક્કો, નામું લેખાંક, કાગળો લખવાની રીત, હુંડીઓ લખવાની, ખત લખવાની રીત, વગેરે કહેવતો, કવિતાઓ આદિ સાથે મુખપાઠથી શીખાતું..."[33]

---

° અક્ષર ઘૂંટવાનું જાડું પૂંઠુ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ઉપર્યુકત પ્રમાણો પરથી ગામઠી શાળાઓના અભ્યાસક્રમ અંગે નીચેની હકીકતો ફલિત થાય છે :

(૧) ગામઠી શિક્ષણ પ્રથામાં નિશ્ચિત કાલમર્યાદા ધરાવતો, સુયોજિત શ્રેણીબદ્ધ શિક્ષણક્રમ નહોતો. બાળકને 'બધું આવડી ગયું છે' એવી પ્રતીતિ મહેતાજીને અને વાલીઓને થાય ત્યારે બાળકનો અભ્યાસ પૂરો થયેલો ગણાતો. આ પરિસ્થિતિમાં દરેક બાળક માટે શિક્ષણકાલમર્યાદા જુદી જુદી રહેતી હોવાનું અનુમાન કરી શકાય. તેનો આધાર મહદઅંશે વિદ્યાર્થીની ગ્રહણશીલતા અને મહેતાજીની કુશળતા તેમજ વાલીઓની જરૂરિયાત પર રહેતો હોવાનું માની શકાય.

(૨) વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે અભ્યાસક્રમના અવધિને લગતા તફાવતો હતા, છતાં ય એમને શીખવાનું વસ્તુ તો લગભગ એક સરખું જ હોવાનું માલમ પડે છે. શિક્ષણનો ઉદ્દેશ મુખ્યત્વે વેપારધંધામાં ઉપયોગી થાય એવા વ્યાવહારિક કૌશલ્યોની ખિલવણીનો હોવાથી આંક-નામું, હિસાબકિતાબ અને લેખનવાચનને અભ્યાસક્રમમાં મહત્ત્વનું સ્થાન હતું. આમ છતાં ગામઠી શાળાના અભ્યાસક્રમ દ્વારા જે જ્ઞાન મળતું તે આજીવિકા પ્રાપ્તિ માટે પર્યાપ્ત તો નહોતું જ. આ હકીકતનું સમર્થન કરતાં 'આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય'ના રચયિતા જણાવે છે તેમ "નામું, વ્યાજ આદિ પદ્ધતિસર અને વ્યવહાર રૂપમાં શીખવા માટે દુકાને બેસવું પડતું. કોઇપણ સરકારી ખાતાને લગતું શીખવા તે ખાતામાં ઉમેદવાર લેખે અનિશ્ચિત સમય ગાળવો પડતો.........."[૩૪] ગમે તેમ, પણ આંક, લેખાં, કક્કો વગેરે ગામઠી શાળાઓમાં સંગીન રીતે શીખવવામાં આવતાં તેથી સરકારી નિશાળોમાં બાળક પ્રવેશે એ પહેલાં થોડાં વર્ષો એમને ગામઠી શાળામાં પલોટવાનું વાલીઓનું વલણ રહેતું. રવિશંકર રાવળ, તેમના 'આત્મકથાનક'ના પહેલા ખંડમાં નોંધે છે કે "બધાની માન્યતા હતી કે આંક અને કક્કો તો ધૂળી નિશાળવાળા જ પાકા કરાવે છે."[૩૫] આ જ કારણસર કેટલાક વાલીઓ સરકારી શાળામાં પ્રવેશેલાં બાળકોને ય અવકાશ મળતાં થોડા સમય પૂરતાં ગામઠી શાળામાં દાખલ કરતા હોવાનાં પ્રમાણો

ઉપલબ્ધ થાય છે. સમગ્ર બ્રિટિશ કાલ દરમ્યાન ગામઠી શિક્ષણની સંસ્થાઓ ઘસાતી ઘસાતી પણ ટકી રહી, તેની પાછળ આ એક મહત્ત્વનું કારણ ગણાય.

(૩) ગામઠી શાળામાં પ્રવેશતાં બાળકોની પૂર્વકથિત વયના અનુસંધાનમાં, પ્રસ્તુત અભ્યાસક્રમ અમનોવૈજ્ઞાનિક ગણી શકાય કે નહિ, એ અંગે વિરોધાભાસી મંતવ્યો પ્રાપ્ત થાય છે. અમૃતલાલ લાલજી ઓઝાના બાલ્યકાળ સમયની ગામઠી શિક્ષણ સંસ્થાઓ સાથે વર્તમાન બાલમંદિરોની સરખામણી કરતાં ચરિતલેખક ગામઠી શિક્ષણના અભ્યાસક્રમનું સમર્થન આ રીતે કરે છે :

"ઉમ્મર થતાં અમૃતલાલભાઈને ગામઠી નિશાળે મુકવામાં આવ્યા હતા. એ અરસામાં ગામઠી નિશાળો બહુ ઓછી હતી. હાલ જેમ બાલમંદીરોનો રાફડો ફાટયો છે અને ગામઠી નિશાળોનો લોપ થયો છે તેવું તે વખતે નહોતું. ગામઠી નિશાળોમાં હિસાબકિતાબ અને નામું ખાસ શીખવવામાં આવતું, જ્યારે બાળમંદિરોમાં - નાચવાકુદવાનું, જલસો, ઉડાવવાનું, હરવાફરવાનું અને પર્યટનો કરવાનું ધોરણ ખાસ રાખવામાં આવે છે. બાહ્યશિક્ષણની દૃષ્ટિએ આ કાર્યો નકામા તો નથી જ પરંતુ બાળ મગજ ઉપર ભાર રૂપ તો છે જ. એક શીશામાં જેટલુ પાણી ભરી શકાય તે કરતાં વધારે ભરવા જઈએ તો ઢોળાય છે, તેમ બાળ મગજમાં શકિત ઉપરાંત શિક્ષણો ભરવાથી વધુ ભાર ભરેલા ગધેડાની માફક તે બેસી જાય છે."[૩૭]

ગામઠી શિક્ષણના અભ્યાસક્રમનું સમર્થન કરતું અને વર્તમાન બાલમંદિરોના અભ્યાસક્રમને ભાર રૂપ ગણાવતું લેખકનું આ દૃષ્ટિબિંદુ કેળવણી અને બાલમાનસ વિશેની સાચી સમજના અભાવમાંથી પેદા થયું હોય એ બનવા જોગ છે. એની પાછળ એમની પરંપરાપ્રિયતા કામ કરતી હોય એવું બને. વાસ્તવમાં તો બાળકની પ્રકૃતિની સમજ સિવાય ઉપરથી લાદવામાં આવતો ગોખણપટ્ટી પર રચાયેલો ગામઠી શાળાઓનો અભ્યાસક્રમ જ વધુ બોજારૂપ હતો એ ચોક્કસ. ચંદ્રવદન મહેતા પોતાની આત્મકથા

૦ કૃતિ પ્રકાશન વર્ષ : ૧૯૪૭

'બાદશગઠરિયા'માં યોગ્ય રીતેજ દર્શાવે છે કે "પિકનિક, પર્યટન, ઝાડ નીચે વર્ગો, રમતગમત વગેરેની ઉપયોગિતા શિક્ષણમાં ત્યારે સમજાઇ નહોતી. ૧૯૦૫-૬ના એ જમાનામાં ગિજુભાઇ અને મોન્ટેસોરી જન્મ્યાં તો હશે, પણ કોઇને એવી વાતોની ખબર નહોતી."[૩૭]

(૪) કેટલીક ગામઠી શિક્ષણસંસ્થાઓમાં લેખન, વાચન, ગણન જેવાં વ્યાવહારિક કૌશલ્યોની ખિલવણી ઉપરાંત બાળકોને નીતિ-સદાચારનું શિક્ષણ આપવામાં આવતું એમ બતાવતાં પ્રમાણો પણ ઉપલબ્ધ થાય છે. "નીતિના પાઠમાં એવો મુખપાઠ લેવામાં આવતો હતો કે સવારના પહોરમાં વહેલાં ઊઠવું જી, દાતણપાણી કરવું જી, નાહીધોઇ માબાપને પગે લાગવું જી, કકડો કોર ખાવું જી, નિશાળે ભણવા જાવું જી, ગુરુની આજ્ઞા માનવી જી, બેસ કહે તો બેસવું જી, ઉઠ કહે તો ઉઠવું જી, વગેરે વગેરે"[૩૮]

ગામઠી શાળાઓમાં લેવાતા આવા મુખપાઠને નીતિશિક્ષણ કે સદાચારના શિક્ષણ પાઠો કહેવા એ વધુ પડતું છે. એને ચારિત્ર્યઘડતર માટેની કેળવણીનો પ્રયત્ન ગણીએ એ પણ યોગ્ય નથી. વાસ્તવમાં એ કેટલીક સુટેવોના સિંચન માટેનો એક અર્થહીન પ્રયત્ન ગણાય. આવા શુષ્ક પોપટિયા મુખપાઠનું મૂલ્ય હંમેશાં શંકાસ્પદ રહેતું હોવું જોઇએ.

(૫) ગામઠી શાળાઓના અભ્યાસક્રમમાં પરિવર્તનશીલતા કે લચક કેટલી હતી, એ પણ એક વિચારવાયોગ્ય પ્રશ્ન છે. આના પર પ્રકાશ પાડે એવી એક નોંધ આ પ્રમાણે મળે છે :

"સત્તરમી સદીમાં થઇ ગયેલા ગુજરાતના કવિ નાકરે ચંદ્રહાસ આખ્યાન લખ્યું હતું. તેમાં ચંદ્રહાસના ગુરુએ એને જે ઢબની બારાક્ષરી શીખવી હતી તેને કંઇક અંશે મળતી બાળાક્ષરી મહીપતરામના સમયમાં પણ શિક્ષાગુરુઓ શીખવતા હતા. એટલુ જ બસ નથી. મહીપતરામ પછી કેટલે વર્ષે લેખક પણ ગામઠી નિશાળે ભણવા બેઠો હતો તેણે પણ એ જ પદ્ધતિ પ્રમાણે બારાક્ષરી શીખી હતી. આ ઉપરથી સહજ સમજાશે કે, શિક્ષણની બાબતમાં જૂના કાળથી જે ઘરડ ઘસાઇ ઘસાઇને ખોદાઇ રહી હતી તે જ ઘરડ અનુસરાતી હતી... ............"[૩૯]

આમ, પરંપરાપ્રિયતા કે સ્થિતિ-ચુસ્તતા ગામઠી શાળાઓના અભ્યાસક્રમની મુખ્ય નબળાઈ હતી. બ્રિટિશ પદ્ધતિની કેળવણીના હુમલા સામે એ ટક્કર ઝીલી ન શકી, એ માટે જમાનાની માગને અનુરૂપ ફેરફારો નહીં સ્વીકારવાનું તેનું વલણ પણ મહદઅંશે જવાબદાર ગણાય.

(૬) શિક્ષણ-પદ્ધતિ :-

ગામઠી શાળાઓની શિક્ષણ-પદ્ધતિઓ અંગે આત્મચરિત્ર અને જીવનચરિત્ર સાહિત્યમાં જે અછડતા સંદર્ભો પ્રાપ્ત થાય છે, તેના પરથી એ શિક્ષણવ્યવસ્થાની શિક્ષણપદ્ધતિઓની પણ કંઈક ઝાંખી થાય છે.

(૧) 'મહીપતરામ'ના લેખક બારાક્ષરીનો મુખપાઠ છેક સત્તરમી સદીથી ગામઠી શાળાઓમાં નીચે પ્રમાણે લેવામાં આવતો એમ નોંધે છે :

"કક્કો કેવેલો, ખખ્ખો ખાજેલો, ગગ્ગા ગોરી ગાય વિયાય, ઘઘ્ઘે પુરાણ માર્યું જાય, નન્ની આવે દુમેલો, ચચ્ચાની ચોપડી, છછ્છા વધા પોટલો, જજ્જે જેર વાણીઓ, ઝઝ્ઝા રાણી શેરી કોટ, નન્નો ખાડો ચંદરમા, ટટ્ટા પોળી ખાંડે ખુટ, ઠઠ્ઠે ગયું ગાડું, ડડ્ડા રાવણ શેરી કોટ, ઢઢ્ઢા શરવણ પુંઠે, તત્તુ બોલે કાનૈયા, થથ્થા બાઋડ વાવલે, દદ્દા રાવણ દીવેટીયો, ધન ધન ધોળિયાં, નન્નો પટેલીઓ, પપ્પા પોળી પાટે, ફફફે ફગલું જોતું જાય, બબ્બામાંનું ચાંદરણું, ભભ્ભે ભેર ભાંજી, મમ્મે પાપી બાંધી વગેરે વગેરે."[૪૦]

(૨) ૧૯મી સદીના અંતિમ ચરણોમાં ગામઠીશાળાઓની અંક-શિક્ષણની પદ્ધતિ કેવી હતી એ દર્શાવતાં ર. વ. દેસાઈ નોંધે છે : "વિદ્યાર્થીસમૂહ બૂમો પાડી જરા રાગદારીમાં આંક બોલતો ત્યારે હું પણ તે બૂમોમાં સામેલ થતો હોઈશ. 'બે.......ઉ......એકડા........અગિયાર......... એકડે બગડે........બા.....ર......'એ લહેંકામાં મીજાન અને વજન સમાયેલાં હતાં !"[૪૫]

(૩) આશારામ દલીચંદ શાહ (૧૮૪૨-૧૯૨૧)ના જીવનચરિત્રમાં ગામઠી શાળાઓની એતદ્દકાલીન શિક્ષણપદ્ધતિ વિશે આવી રજૂઆત જોવા મળે છે :

"છોકરાનું ઘાડું ગમે તેટલું હોય પણ મ્હેતાજી એકજ. એટલે ઘણું ખરૂં તો ન્હાના નિશાળીઆ વડા નિશાળીઆ તેમને શીખવે તે જ - શીખવાનું તેમ ન શીખવાનું બન્ને શીખે. પદ્ધતિસર વાચન નહીં, લાકડાની પાટી ઉપર ભીની માટીનો થર કરીને તેમાં વતરણે લખતાં શીખવાનું, કે ખડીના અક્ષર કિત્તા વડે કહાડવાના. પછી દોપીસ્તાં અને દેશી શાહીનો વારો આવતો. આંક, કક્કો, નામું, લેખાંક, કાગળો લખવાની, ખત લખવાની રીત, વગેરે, કહેવતો કવિતાઓ, આદિ સાથે મુખપાઠથી શીખાતું. 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ' એ કેળવણીશાસ્ત્રનું એક મહાન સૂત્ર મનાતું."[૪૨]

(૪) બ્રિટિશ યુગના પ્રારંભિક કાળમાં -સ્લેટ પેનનો વપરાશ શરૂ થયો તે પહેલાં ગામઠી શાળાઓમાં લેખનશિક્ષણ પદ્ધતિ કેવી હતી તેની નોંધ રવિશંકર રાવળના 'આત્મકથાનક'માંથી પ્રાપ્ત થાય છે :

"રાજકોટ ગયા પછી પહેલી વાત તો મને નિશાળમાં મૂકવાની બની. પિતાશ્રી કહેતા કે મને નિશાળમાં મૂકતાં પહેલાં આશ્રમમાં પૂ.ગુરુશ્રીની પાસે એકડો ઘુંટાવ્યો હતો. સદરમાં જ પોસ્ટ ઓફિસની નજીક માર્કેટ પાસે એક 'ધૂળી નિશાળ' ચાલતી હતી ત્યાં મને મૂકયો.... .......એને ધૂળી નિશાળ કહેવાનું કારણ તો એ કે દેશમાં ત્યારે સ્લેટ-પેનનો વપરાશ ન હોવાથી ઘેરથી બારીક ધૂળની પોટલી બાળકો લેતાં આવતાં, ને તેનાથી લાકડાની નાની પાટી પર ધૂળ છંટકારી તેમાં લાકડાના કલમ જેવા વતરણાથી અક્ષરો ઘૂંટતા... ......એમ હાથ પાકો થાય ત્યારે દાતણનો કિત્તો બનાવી ખડીથી અક્ષરો લખતાં શીખવાનું."[૪૩]

(૫) ઈ.સ.૧૮૫૭-૫૮ના અરસામાં મુંબઈની એક ગામઠી શાળામાં દાખલ થયેલા ચરિત્રકાર ગામઠી શાળાઓની શિક્ષણપદ્ધતિ અંગેનાં પોતાનાં સ્મરણો અને મનોભાવો આ પ્રમાણે વર્ણવે છે :

"બધા નાના મોટા છોકરા હારબંધ એકમેકની સાથે પલાંઠીવાળીને ગોઠવાઇ, પાડા લખતા, ક, ખ, પાટી ઉપર ચાકથી લખતા, અને છોકરાઓ

બુમો પાડતા, મહેતાજી ચુપ કરો ચુપ કરો કહીને ઘાંટા પાડતો હતો.
...........જેનાં માબાપ કંઇક પૈસા વધારે આપતાં તેના
છોકરાને પોતાની પાસે બેસાડીને મહેતાજી ભણાવતા હતા. મોટા
છોકરા નાનાને ભણાવતા હતા, આંક મોંએ કરતાં શીખવતા હતા,
ક, ખ, બોલતાં શીખવાડતા હતા, દરેક છોકરાની જોડી હતી,
જોડીમાંથી એક જણો કંઇક વધારે જાણીતો હતો, તે બીજાને
મોહોટથી બોલીને આંક શીખવતો હતો, સવારના આઠ વાગે મહેતાજી
ઘેર ઘેર જઇને છોકરાને એકઠા કરીને નિશાળમાં લઇ જતો અને
ત્યાં દશ વાગ્યા સુધી ગોંધીને કંઇક આંકના પાડા તથા ક, ખ,
શીખવતો હતો. મોટા છોકરાને ઉભો રાખી તેની પછવાડે બીજા
તેના કહયા પ્રમાણે બોલતા, કાગળ લખવાની રીત પણ આવી રીતે
શીખવતા હતા." [૪૪]

(૬) 'નંદશંકર જીવનચિત્ર'નાં નાયકના મનોભાવો ગામઠી શાળાઓની શિક્ષણ પધ્ધતિઓ અંગેના બાળકોના પ્રત્યાઘાતોનું ઉચિત પ્રતિનિધિત્વ કરે છે :

"અમે રોજ ઇચ્છતા કે નવો નિશાળિયો આવે°. શિક્ષણમાં રસ પડતો નહિ.
મારનો ત્રાસ ભારે, લાંબો વખત બેસી રહેવાનું ને એકનું એક જ
પીંજણ.........નવા શાગિર્દને સૌથી વડો નિશાળિયો પોતાની
સોડમાં લેતો, ને નરકના અંધકારમાં પડેલા માનવોમાં ઉમેરો થાય
છે ત્યારે स्वागत X કહી એકથી બે ભલા, એ ખ્યાલથી કે પછી
दु:खे दु:खाधिकं पश्य X એ ન્યાયથી, પોતાના દુ:ખમાં
ભાગીદાર થનારને તે દિવસે તો આવકાર મળતો." [૪૫]

આ બધી બાબતો પરથી ગામઠી શાળાઓની શિક્ષણપધ્ધતિઓને લગતી નીચે જેવી કેટલીક હકીકતો વેધક રીતે સ્પષ્ટ થાય છે :

(૧) બારાખરી, અંક, નામું, પત્ર આદિ બધું જ મોટેભાગે મુખપાઠથી શીખવાતું. આવો મુખપાઠ કયારેક તો તદ્દન અર્થહીન ગોખણપટ્ટીમાં સરી પડતો.

---

° નવો નિશાળિયો આવતાં શાળાઓમાં છુટ્ટી આપવાનો ચાલ હતો.

X અધોરેખિત શબ્દો અને શબ્દસમૂહો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયા છે.

બાળકની સમજના વિકાસને બદલે એના નાનકડા મગજમાં ઠાંસી ઠાંસીને વિગતો ભરવા પર જ વધારે ધ્યાન અપાતું.

(૨) બાળકની વય, કક્ષા, રુચિ, ગ્રહણશીલતા એ બધાંને લક્ષમાં લીધા સિવાય તેને ઝટપટ શીખવી નાખવાની વૃત્તિ શિક્ષણપદ્ધતિઓના વિષયકેન્દ્રી અભિગમની દ્યોતક ગણાય. ૧૯મી સદીની બીજી પચીસી દરમ્યાન નવી પદ્ધતિઓની નિશાળો સ્થપાઈ, ૨૦મી સદીની પહેલી પચીસી દરમ્યાન બાલકેન્દ્રી શિક્ષણ અભિગમ અપનાવતાં બાલમંદિરો અસ્તિત્વમાં આવ્યાં, છતાં ગામઠી શાળાઓની શિક્ષણ-પદ્ધતિઓમાં કોઈ પરિવર્તનો આવ્યાં ન હતાં. આનું કારણ ગામઠી શાળાઓના મહેતાજીઓનું બાલમાનસ અંગેનું અજ્ઞાન ગણાય.

(૩) લેખન-શિક્ષણ માટે લાકડાની પાટી પર ધૂળ, ભીની માટી, ખડી, રંગી વગેરેનો લેપ કરી અક્ષરો - અંકો ઘૂંટાવવાની પદ્ધતિ અસ્તિત્વમાં હતી. આ પદ્ધતિ બાળકો માટે કંઈક અંશે રસપ્રેરક હતી કારણ કે એમાં ક્રિયાત્મકતાને કંઈક સ્થાન હતું. સ્વ. ર. વ. દેસાઈ, પોતાની આત્મકથા 'ગઈકાલ'માં આ હકીકતનું સમર્થન કરતાં જણાવે છે કે "પાટી ઉપર ધૂળ નાખી વતરણા વડે અક્ષરો ઘૂંટવાની બાલસ્વભાવને ગમે એવી પ્રથા તે સમયે હતી એનો પણ મને અનુભવ એ શાળામાં થયો."[૪૬]

આ રીતે થોડો સમય વીત્યા બાદ આંગળીઓ પર કાબૂ જામતાં બાળકોને દોપિસ્તા પર શાહીથી અક્ષરો લખવાની છૂટ મળતી. પરિણામે ગામઠી નિશાળમાં ભણેલાં ઘણાં બાળકોના અક્ષર નોંધપાત્ર રીતે સુંદર રહેતા. "શાળામાં તથા ઘરે દોપિસ્તાં ઘૂંટવાની ટેવથી તે સમયના ઘણા લોકો સારા લહીઆ થયા હતા. તેમના હસ્તાક્ષરની મરોડ, મોતીના દાણા જેવા અક્ષરો, એ બધું એવું સરસ હતું કે તેને લીધે તેઓ પ્રસિદ્ધિને પામ્યા છે."[૪૭] બ્રિટિશ પદ્ધતિની શાળાઓના પ્રારંભ પછી જેમ જેમ સ્લેટપેનોનો ઉપયોગ વધતો ચાલ્યો તેમ તેમ, અને છાપખાનાના પ્રવેશ સાથે હસ્તાક્ષરો પર ઓછું ધ્યાન અપાવા લાગ્યું.

(૪) ગામઠી શાળાઓમાં બાળકોની સંખ્યા જ્યાં વધારે હોય ત્યાં શિક્ષણકાર્યમાં

અગાઉ પ્રવેશેલા મોટા વિદ્યાર્થીની નાના નવાગંતુકોને શીખવવામાં સહાય લેવામાં આવતી. એની સારી-માઠી અસર વિદ્યાર્થીઓના શિક્ષણ અને ચારિત્ર્ય પર પડતી.

(૫) શિક્ષણસિદ્ધિમાં મંદ પડતા બાળકો માટે 'સોટી'નો ઉપયોગ ઘણો સામાન્ય હતો. ફલતઃ મોટાં ભાગનાં બાળકો શાળા અને શિક્ષક ઉભય માટે ધૃણા સેવતાં. આ માટે પણ મહેતાજીઓનું બાલમાનસનું અજ્ઞાન જવાબદાર ગણાય.

(૬) શિક્ષણકાર્ય માટે કોઇ સાધનોનો શિક્ષકો દ્વારા ઉપયોગ થતો હોવાનો કોઇ ઉલ્લેખ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતો નથી.

(૭) <u>શિક્ષકો : તેમની યોગ્યતા અને પ્રાપ્તિ</u>

શિક્ષકોની યોગ્યતા અને શિક્ષણવ્યવસાયમાંથી તેમને મળતા પુરસ્કાર અંગે કેટલીક ઉપયોગી હકીકતો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

"આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય"માં ચરિતલેખક મુખ્યત્વે અન્ય વ્યવસાયોમાં નિષ્ફળ જનાર બ્રાહ્મણો જ શિક્ષણકાર્યમાં પડતા એવી રજૂઆત કરે છે:

"જે કોઇ બ્રાહ્મણ મંદિરોમાં અને શ્રીમંતોમાં પારાયણ કે કથાઓ કરી શકતો, અથવા માણભટ, વૈદ્ય કે જોશી બની શકતો, જેને ગુજરાનવૃત્તિ પૂરતું આપી રહે એવી હોય, અગર સંસ્કૃત પાઠશાળા ચલાવવા જેટલી જેની યોગ્યતા હોય, તે પંડયો બનતો જ નહીં. એટલે આપણી આધુનિક વાણીમાં કહીએ તો જીવનકલહમાંની સારી પ્રાપ્તિ આપી રહે એવી કોઇપણ વૃત્તિ જેને સાધ્ય હતી તે આ શિક્ષકવૃત્તિ કુદરતી રીતે સ્વીકારતો જ નહીં. બીજા પ્રયત્નોમાં હારેલો થાકેલો શિક્ષક બ્રાહ્મણજ પંડયોજી બનતો. દરેક શહેરમાં કેટલીક નિશાળો બેત્રણ પેઢી વંશપરંપરા પણ ચાલતી, અને સારા પંડયાની પંકાયલી નિશાળ તેના પુત્રોમાંથી સૌથી ઓછી લાયકાતવાળો એક ઉપાડી લેતો, અથવા તો બધા પુત્રો વારા બાંધી અનુક્રમે એક એક વર્ષ અગર અમુક મુદત લગી ચલાવતા."[४८]

ઉકત શાળાઓ મુખ્યત્વે બ્રાહ્મણો ચલાવતા એ હકીકતને ઘણી આત્મકથાઓ અને ચરિત્રગ્રંથોનું સમર્થન પ્રાપ્ત થાય છે. આગળ જણાવ્યું તેમ આ શાળાઓ પંડયાની

નિશાળો તરીકે ઓળખાતી. પરંતુ આવું શિક્ષણકાર્ય સ્વીકારતા બ્રાહ્મણો ભાગ્યે જ વિદ્વાન હતા. એમની યોગ્યતા ઉપર જણાવ્યા પ્રમાણે ઘણી સામાન્ય કક્ષાની રહેતી. એ હકીકતનું સમર્થન નારાયણ હેમચંદ્ર પોતાની આત્મકથામાં આ રીતે કરે છે :

> "તે પ્રમાણે હું કેટલાક દહાડા (ગામઠી નિશાળે) ગયો, પણ શીખવાનું તે શું હોય ? મહેતાજીની વિદ્યા કેટલી ? કોઇ ગુજરાતના ગામડાના બ્રાહ્મણ ભાઇએ કમાવા માટે જગજીવન કીકા સ્ટ્રીટમાં એક દુકાન ભાડે લઇને નિશાળ કાઢેલી. આસપાસના ઘરના માબાપો પોતાના છોકરાને ઘરમાં ઉત્પાત કરતાં રોકવાને માટે તે નિશાળે મોકલતા હતા. તેમાં ફકત કંઇક હીસાબના પાડા સિવાય બીજું કંઇ શીખવવામાં આવતું નહોતું."[૪૯]

ગામઠી શાળાઓનો શિક્ષણક્રમ અને શિક્ષણ-પદ્ધતિઓ જોતાં પણ એમ લાગે છે કે એ શાળાઓમાં શીખવવા માટે ઝાઝી યોગ્યતાની જરૂર રહેતી નથી. આથી અન્ય વ્યવસાયમાં નિષ્ફળ જતા કે એ માટે અયોગ્ય ઠરતા બ્રાહ્મણો દ્વારા મુખ્યત્વે ઉદરપૂર્તિના હેતુ અંગે આવી સંસ્થાઓ ચલાવાતી. આમ છતાં જે કંઇ થોડું ઘણું શિક્ષણકાર્ય એ નિશાળોમાં થતું એ સંગીન હતું કારણ કે ઉપર જોયું, તેમ આ ધંધો વંશપરંપરાનો હતો. દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી પોતાનાં 'સંસ્મરણો'માં નોંધે છે તેમ "એ નિશાળોના જીવનમાં ચીવટપણું સાહજિક રહેલું હતું. કારણ આવી ગામઠી નિશાળોમાં ભણાવવાનો ધંધો વંશપરંપરાનો હતો, એટલે જયાં સુધી તેના બાલકો માટે બીજી ગોઠવણ ન થાય ત્યાં સુધી ઉદરનિર્વાહને માટે એ નિશાળો ચલાવવી પડતી જ."[૫૦]

અધ્યેયકાલ દરમ્યાન ગામઠી શાળાના મહેતાજીઓ મુખ્યત્વે ઉપર દર્શાવ્યા પ્રમાણે આજીવિકા પ્રાપ્તિના હેતુથી શિક્ષણના વ્યવસાયમાં પડતા. એમાંથી એમને કેવી અને કેટલી આજીવિકા મળતી એ અંગેના નિર્દેશો પણ ચરિત્ર-સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે

(૧) મહીપતરામના જીવનચરિત્રના લેખક એતદ્‌વિષયક નિર્દેશ કરતાં જણાવે છે કે "નિશાળમાં ભણવાની ફી નહોતી. મહેનતાણા જેવું નામ આપીએ તો વારતહેવારે, વારપર્વે, વૈધૃત વ્યતિપાતે, પૂર્ણિમા અમાવાસ્યે અને એકાદશીએ

મહેતાજીને દાણો, પંચભાગ વગેરે લીંક ઇચ્છાનુસાર મળતી એ જ મહેતાજીનું મહેનતાણું હતું. ને તેટલાથી મહેતાજી સંતોષ માનતા."[51]

આમ મહેતાજીને શિક્ષણશુલ્ક રોકડ રકમમાં નહીં, પરંતુ વારતહેવારે બાળકોના વાલીઓ તરફથી સીધારૂપે મળતું.

(૨) કેટલાંક સ્થળોયે બાળકો દરરોજ ઘેરથી મૂઠી બે મૂઠી દાણા લઇ જઇ મહેતાજીને આપતાં. એના વડે મહેતાજીનું ગુજરાન ચાલતું. વાલીઓ માટે પણ આ પ્રથા ઉપકારક હતી. આ પદ્ધતિનો નિર્દેશ જયકૃષ્ણ ઇંદ્રજી (૧૮૪૯-૧૯૩૦)ના જીવનચરિત્રમાં થયો છે :

"ગામનો એકાદ બ્રાહ્મણ નિશાળમાં ભણાવવાનું કામ કરતો. વિદ્યાર્થીઓ ઘેરથી મુઠ્ઠી બે મુઠ્ઠી બાજરી કે જુવાર હંમેશ લઇ જઇ ગુરુજીને આપતા. આમ ગુરુજીને ભરણપોષણની ચિંતા રહેતી નહિ અને વિદ્યાર્થીના માબાપને પણ મુઠ્ઠી અનાજ આપવું ભારે પડતું નહિ."[52]

(૩) ઉપર જણાવ્યુ તેમ અનાજપાણી, સીધુસામાન વગેરે ગામઠી શાળાના મહેતાજીઓને અધ્યાપન પુરસ્કાર રૂપે મળતાં. એ સિવાય બાળક શાળામાં પ્રવેશે, શાળા છોડી જાય એવા પ્રસંગે પણ એમને રોકડમાં દક્ષિણા મળતી. તદ્ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ મહેતાજીને અવારનવાર મદદ કરતા. એમ એમનું ગુજરાન ચાલતું :

"છેવટ, પંડયાજીને નિર્વાહનું સાધન એમની નિશાળ જ હતી. જાતે ભિક્ષુક જાતિનો બ્રાહ્મણ..........એટલે દરેક વિદ્યાર્થીને ઘેરથી ઘણા વરત આદિ લાગા લેખે મળે, ઉપરાંત આખી નિશાળને જમવા નોતરે ત્યારે દક્ષિણા મળે, દરેક નવા વિદ્યાર્થીનું "નિશારગયણું" થાય ત્યારે આંલ્લી મળે, વિદ્યાર્થી નિશાળ છોડે ત્યારે કે તે પછી ગુરુદક્ષિણા મળે, પ્રસંગે પ્રસંગે મળ્યા કરે, સારી સ્થિતિના શિષ્યો સાથે ગુરુશિષ્ય સંબંધ થાય તેમાંથી મળ્યા કરે. એમ એમનો વ્યવહાર, આપણા સંસાર અને સમાજની બીજી ઘણી યોજનાઓની જેમ ચાલતો તેમજ શર્માધર્મી વહીવટે, જે આંખની શરમે અને ધર્મબંધન સ્વીકારે તેવી ધર્મબુદ્ધિને આધારે ચાલતો."[53]

(૪) કોઇ કોઇ સ્થળે અમુક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ અમુક રોકડ રકમ આપવાની ચાલ પણ જોવા મળે છે. "છોકરાઓ આંક શીખી રહે ત્યારે મહેતાજીને એક રૂપીઓ અને સીધું મળે, અને બારાખડી શીખી વાંચતાં લખતાં આવડે અને થોડા હિસાબ કરતાં શીખે ત્યારે મહેતાજીને ગુરુ-દક્ષિણામાં કંઇક મળે"[૫૪] એવો નિર્દેશ દલપતરામના જીવનચરિત્રમાં થયો છે. જગજીવન નારાયણ મહેતા પણ 'મારાં જીવન સંસ્મરણો'માં આ હકીકતનું સમર્થન કરતાં નોંધે છે કે "એ દિવસોમાં નિશાળોમાં મહેતાજીને કંઇ નિયમિત ફી નહોતી આપવી પડતી. પણ સૌ એકડા સુધી કક્કડાટ મોઢે આવડે ત્યારે આઠ આના અને સવાયાં-અઢિયાં આવડે ત્યારે રૂપિયો તેમજ વારતહેવારે મહેતાજીને સીધું અપાતું."[૫૫]

ઉપર્યુક્ત પ્રમાણો પરથી નીચેની હકીકતો સિદ્ધ થાય છે :

(૧) ગામઠીશાળાઓના મહેતાજીઓને જુદે જુદે સ્થળે જુદી જુદી રીતે મહેનતાણું અપાતું. મોટેભાગે વિદ્યાર્થી-પ્રવેશ તેમજ વિદ્યાર્થીવિદાય વેળાએ તેમજ તેમને સાલ, પાઘડી વગેરે રોકડરકમ સાથે બક્ષિસમાં મળતાં. કેટલીક જગાએ વારતહેવારે એમને સીધાં પણ મહેનતાણાના રૂપમાં મળતાં. કોઇ કોઇ સ્થળે વિદ્યાર્થીઓ નિયમિત થોડાથોડા દાણા મહેતાજીઓ માટે લઇ જતા.

(૨) કોઇ કોઇ સ્થળે અમુક કક્ષાના આંક-હિસાબ કે લેખન-વાચનનો ક્રમ પૂરો થતાં આઠ આનાથી માંડી રૂપિયા સુધીની રકમ મહેતાજીઓને આપવાનો રિવાજ હતો.

(૩) આમ, મહેતાજીઓની આવક અનિશ્ચિત હતી, પરંતુ તે ઉદર-નિર્વાહ માટે પૂરતી હતી એવા અનુમાન પર સહેલાઇથી આવી શકાય એમ છે.

(૮) સજાઓ અને તદ્જનિત પ્રત્યાઘાતો :

ગામઠી શાળાનાં સ્મરણો રજૂ કરનાર મોટાભાગના આત્મચરિતકારો એ શાળાઓમાં પ્રચલિત શિક્ષાપદ્ધતિનો અને તેને લીધે મહેતાજીઓની પોતાના મન પર પડેલી છાપનું વર્ણન કરે છે. એ ઉપરાંત ચરિત્રનિરૂપકો પણ ચરિત્રનાયકના જમાનાના ગામઠી શિક્ષકો દ્વારા થતી શિક્ષાઓની ચર્ચા કરે છે. આના પરથી

એ જમાનામાં પ્રચલિત શિક્ષા—પદ્ધતિઓ અને બાલમાનસ પર થતી તેની અસરોનો ખ્યાલ આવે છે.

પહેલાં જીવનચરિત્રોમાંથી આ અંગે પ્રાપ્ત થતાં પ્રમાણો જોઇએ.

(૧) 'નંદશંકર જીવનચિત્ર'ના લેખક પોતાના પિતાના શબ્દોમાં એમના જમાનાના શિક્ષકો દ્વારા મોટા પ્રમાણમાં થતી શારીરિક શિક્ષાઓનું વર્ણન આ રીતે કરે છે :

"નારણ મહેતા જાતે બ્રાહ્મણ હતા. હાથમાં મોટી સોટી રાખતા. ગોપીપુરામાં એક ખડિયેરના તયખાનામાં પોતાની તખ્ત માંડતા, ને दशवर्षाणि ताडयेत् °નો નિયમ ઘરમાં તો અમલમાં મુકાયો હોય કે નહિ, પણ નિશાળમાં તો નિષ્પક્ષપાતે મૂકતા."[૫૬]

(૨) સુરતના ઉપર્યુક્ત મહેતાજી વિશે 'મહીપતરામ'ના લેખક આવી નોંધ લે છે:

"નિશાળનો વખત થતો એટલે મહેતાજી હાથમાં દંડુકો રાખી મહોલ્લે મહોલ્લે ફરતા ને પોતાના પ્રત્યેક વિદ્યાર્થીનું નામ ઉંચે સ્વરે બોલી 'આવ્યો કે' એવી હાકલ મારતા. એ હાકલ જ બાપડા બાળવયના નિશાળિયાના હાંજા ગગડાવી નાખતી. નિશાળિયા આંખો ચોળતા, રડતા હાથમાં પત્થરપાટી પકડી ઘેરઘેરથી બહાર આવતા, ચકલે ભેગા થતા ને એ ટોળાને મહેતાજી નિશાળ તરફ હાંકી લઇ જતા. મહીપતરામના સમયની નિશાળના આ શિક્ષા ગુરુ કે મહેતાજી."[૫૭]

(૩) લખપત (કચ્છ)ની ગામઠી શાળાના મહેતાજી શિક્ષણપદ્ધતિ વિશે એક ચરિતકાર આ પ્રમાણે નોંધ લે છે :

"માવજી પંડયા નિશાળમાં નાના મોટા તરેહ તરેહના ચાબખા રાખતા. આ ચાબખાઓનો ઉપયોગ તેઓ ભાગ્યે જ કરતા. કોઇ વિદ્યાર્થીને તેડવા માટે કોઇ મોટા વિદ્યાર્થીને મોકલવો પડે ત્યારે એ ચાબુક એ મોટા વિદ્યાર્થીને આપવામાં આવતો"[૫૮]

---

° અધોરેખિત શબ્દો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયા છે.

આ બધાં પ્રમાણો પરથી ફલિત થાય છે કે ગામઠી શાળાઓમાં શારીરિક શિક્ષા વ્યાપક પ્રમાણમાં થતી. વિદ્યાર્થીના વ્યક્તિત્વના સ્વીકારનો પ્રશ્ન જ ગામઠી શાળાઓના મહેતાજીઓ સમક્ષ ઊભો થયો નહોતો. ધાકધમકી અને ગભરાટના વાતાવરણમાં ઉછરતાં બાળકોના વ્યક્તિત્વ પર એની કેવી અસરો થતી હશે, એની કલ્પના થઇ શકે એમ છે. આવું વાતાવરણ બાળકોના મનમાં શાળા અને શિક્ષક વિશે કેવા મનોભાવો પેદા કરતું હશે, એ સમજવું પણ મુશ્કેલ નથી.

કેટલીક આત્મકથાઓના નાયકોએ તો ગામઠી શાળાઓમાં પ્રવર્તમાન ઘાતકી શારીરિક શિક્ષાઓનું વેધક ચિત્ર રજૂ કર્યું છે, એટલું જ નહિ પરંતુ આવી સજાઓના પ્રત્યાઘાતો કેવા પડતા તે પણ દર્શાવ્યું છે. નીચે આત્મકથાનકોમાંથી પ્રાપ્ત થતાં આવાં કેટલાંક પ્રમાણો રજૂ કર્યાં છે :

(૧) મુંબઇની એક ગામઠી શાળામાં શિક્ષણ પામેલા ચરિત્રનાયક પોતાની શાળામાં થતી શિક્ષાઓનું વર્ણન આ પ્રમાણે કરે છે :

"મહેતાજી એક ઉંચા બાંક ઉપર બેસતા હતા, તેના ઉપર ગાદી તકિયા હતા, મોટી નેતર હાથમાં લઇને આસપાસ બતાવતા હતા, તે વેળાએ કોઇ છોકરો રમત કરતા જોતો તો તેને સોટીથી મારતા હતા..........કેટલાક છોકરાઓ બહુ મસ્તીખોર હતા, તેઓને મારવાને માટે નાનોમહેતાજી ઇશ્વરલાલ એક રીતે ખુની જેવો હતો, તે ઘાતકીની પેઠે મારતો હતો, મહેતાજીઓના મનમાં દયાનું નામ પણ મેં નાનપણમાં જોયું નહિ,.............."[૫૯]

(૨) રમણલાલ દેસાઇ સોટીઓ મારવાની અને વિવિધ સજાઓ કરવાની પોતાના શિક્ષકની કુશળતાનું આવું ચિત્ર આપે છે :

"વિદ્યાર્થીઓને ઠીક ઠીક પ્રમાણમાં સોટી સહન કરવી પડતી હતી, અને મજબૂત મગનલાલ માસ્તર સટાસટ સોટીઓ ચોડી કાઢવામાં કુશળ હતા. એટલેથી તેઓ ન રીઝે તો વિદ્યાર્થીઓને અંગૂઠા અવળે હાથે પકડાવી બોચી ઉપર પાટી મૂકવામાં તેમને જરાય વાર લાગતી નહિ. હું બહુ નાનો હોવાથી સજામાંથી ઉગરી જતો હતો."[૬૦]

(૩) નાનાભાઇ કાલીદાસ ભટ્ટ પોતાની આત્મકથા 'ઘડતર અને ચણતર'માં ગામઠી શાળાના શિક્ષક પ્રત્યેના પોતાના મનોભાવો આ રીતે વર્ણવે છે :

"ચકુ મે'તો અને બાપુ મે'તો અમારા શિક્ષકો હતા. ચકુ મે'તો રોજ સવારે ચાર વિદ્યાર્થીઓને લઇને મને તેડવા આવે અને ન જાઉં તો ટાંગા ટોળી કરીને મને ઉપાડયે રહે. બાપુ મે'તો મને જરાય ન ગમતા, એમની ફાંદ એવડી મોટી હતી. ઘણી વાર અમે ઘેર આવીને ગાતા :

"બાપુડો બજાર,
રોટલા ખાય હજાર,
પાણી પીએ ઘડો,
પેટ થાય દડો,
પેટ ગયું ફૂટી,
બાપુડો ગયો છૂટી"[61]

(૪) ઇન્દુલાલ યાજ્ઞિક પોતાની આત્મકથામાં બાળકોનો શિક્ષકો પ્રત્યેનો શિક્ષાજનિત અભાવો વર્ણવતાં દર્શાવે છે કે "પડયા ચિડાતા ત્યારે છોકરાને આંકણી મારતા, ને છોકરા વિફરતા ત્યારે લલકારતા :

"એ.........કડે.......એ.......કો
મહેતાનો ભાગ્યો ઢે.........કો
ઢેકા ઉપર ઘા..........ણી
મહેતાની વહુ કા........ણી
કાણી ઉપર કલા.........ડુ
મહેતાનું છૈયું બલા.......ડુ"[62]

(૫) રવિશંકર રાવળ પોતાના 'આત્મકથાનક'માં ગામઠી શાળા પ્રત્યે પોતાનામાં કેવી ઘૃણા હતી તેનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે :

"પણ ધૂળી નિશાળ મને તો ગમી જ નહિ. કેટલા દિવસ હું ત્યાં ગયો હોઇશ તે યાદ નથી. એકબેવાર માસ્તર છોકરાઓને લઇને મને તેડવા આવ્યા. બે છોકરાઓએ હાથ પકડયા, પણ મેં પછાડ મારી

છોડાવી દીધા અને પછી રૂસણું લઇ ઘરમાં ભરાઇ બેઠો. આ ધૂળી નિશાળના મહેતાજીઓ તે દિવસોમાં પણ છોકરાઓને લેવા નીકળતા અને રડતાં-કકળતા બાળકોને મોટા છોકરાઓ પાસે ટીંગાટોળી કરાવી નિશાળમાં લઇ જતા એવું મેં ભાવનગરમાં પણ જોયું હતું."[63]

આ બધા પ્રમાણો પરથી નીચેની હકીકતો ફલિત થાય છે :

(૧) બ્રિટિશ યુગની ગામઠી શાળાઓમાં શારીરિક શિક્ષા ભરપટે થતી. 'ડર ન ઉપજાવે એ શિક્ષક નહીં' એવી એ જમાનાની માન્યતા હતી અને શિક્ષકો એ જ વાતાવરણમાં ઊછર્યા હતા. યેન કેન પ્રકારેણ વિદ્યાર્થીઓ શિક્ષકથી ડરતા રહે એવા પ્રયત્નો શિક્ષકો દ્વારા થતા. શારીરિક શિક્ષા માટે નેતરની સોટી, ચાબખા, આંકણી વગેરે વિવિધ સાધનોનો ઉપયોગ થતો જાણે કે બાળક પ્રાણી ન હોય !

(૨) વિદ્યાર્થી શાળામાં આવવા આનાકાની કરે, ચાલુ શિક્ષણકાર્ય દરમ્યાન વાતચીત કે ધિંગામસ્તી કરે, સમયસર ગૃહપાઠ, સ્વાધ્યાય વગેરે તૈયાર ન કરી શકે એ બધા કારણોસર ઘણી વાર ક્રૂર અને ઘાતકી શિક્ષાઓ થતી.

(૩) આવી ઘાતકી સજાઓને પરિણામે બાળકોમાં શાળા અને શિક્ષક માટે ઘૃણા પેદા થતી. શાળા તેમને કેદખાના કે કતલખાના જેવી અને મહેતાજી જલ્લાદ કે ફોજદાર જેવા ભાસતા. બાળક ઉત્સાહપૂર્વક ગામઠી શાળામાં જવા તૈયાર થતું હોય એવું એક પણ પ્રમાણ સંશોધકને પ્રાપ્ત થતું નથી.

(૪) સામાન્ય જનસમાજ પણ આવી શિક્ષાઓથી ટેવાઇ ગયો હતો. વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા ગામઠી શાળાઓમાં પ્રવર્તમાન આવી શિક્ષાઓનો વિરોધ થયો હોય, એવું એક પણ પ્રમાણ ચરિત્રસાહિત્યમાંથી મળતું નથી. આજના વિદ્યાર્થીઓની અશિસ્તના સંદર્ભમાં રમણલાલ વ. દેસાઇ બ્રિટિશ યુગની ગામઠી શાળાઓના શિક્ષકોની કડકાઇ અને શિક્ષાઓનું સમર્થન કરતાં આવી રજૂઆત કરે છે :

"........ડર ન ઉપજાવે એ શિક્ષક નહિ એવી માન્યતામાં ઘડાયેલા અમારા ચિરસ્મરણીય મગનલાલ માસ્તર આજની શાળા પાઠશાળાઓમાં

શિક્ષક - પ્રોફેસરના હુરિયા બોલાવી તેમની જિંદગી ઝેર કરી નાખતા વિદ્યાર્થીઓનાં બેશરમ ટોળાં નિહાળવા જીવંત રહયા હોત તો તેઓ જરૂર આપઘાત કરતા. શિક્ષકોને અપમાન ભરી સ્થિતિમાં મૂકી દેતા વિદ્યાર્થીઓ કેળવણીને શોભારૂપ તો નથી જ. સખ્તી એ દોષ હશે - છે, પરંતુ વિદ્યાર્થીઓ માથે ચઢી વાગે એવી શિક્ષણ-સલુકાઇ નથી વિદ્યાર્થીને લાભદાયક કે નથી શિક્ષકને. અવિનય, ઉધ્ધતાઇ, અછકલાપણું, રમૂજના દેખાવ નીચે રહેતું છિછલ્લાપણું, અને સમૂહને ઓથે ઊભા રહી બહાદુર દેખાવાની નામર્દાઇ એ વિદ્યાર્થીઓમાં વધ્યે જતા રોગો દેશની ભવ્ય દોલત સમા યુવાનોને જોતજોતામાં નિરુપયોગી અને નિર્માલ્ય બનાવી દે છે. શિક્ષકની સોટીઓ ખાઇ તૈયાર થયેલો વિદ્યાર્થી આજના વેવલા વિદ્યાર્થી કરતાં વધારે ધરખમ હતો એમાં સંશય નથી."[64]

(૫) 'સોટી વાગે ચમ ચમ ને વિદ્યા આવે ધમધમ'ના સિદ્ધાંત પર રચાયેલી આ શિક્ષણપદ્ધતિઓમાં મુખ્યત્વે શિક્ષકોનું અને વાલીઓનું બાલમાનસ અને તેની પ્રકૃતિ અંગેનું ઘોર અજ્ઞાન છતું થાય છે.

શ્રી દેસાઇની ઉપર્યુક્ત માન્યતા વિવાદાસ્પદ ગણાય. સૌ પ્રથમ તો શ્રી દેસાઇ જે ગેરશિસ્તની વાત કરે છે, તે કયા વયજૂથના વિદ્યાર્થીઓ માટે ? પૂરતો વિચાર કરતાં જણાય છે કે ગામઠી શાળાની વયજૂથનાં બાળકોમાં આજેય આ અશિસ્તનો પ્રશ્ન દેખા દેતો નથી. વળી, 'શિક્ષક-પ્રોફેસર' શબ્દ વાપરીને સ્વયં દેસાઇ પણ વિદ્યાર્થીઓના જુદા જ જૂથની વાત કરતા હોય એમ જણાય છે. ગામઠી શાળાઓમાં ભણતા બાળકોએ ગંભીર ગેરશિસ્ત આચર્યું હોય, એવું એકેય દૃષ્ટાંત સંશોધકને પ્રાપ્ત થતું નથી, જેના માટે એને પૂર્વકથિત ગંભીર શિક્ષાઓ સહન કરવી પડી હોય. વળી 'સોટી' એ 'ગેરશિસ્ત'નો સાચો ઇલાજ પણ નથી એમ આજે સ્વીકારાઇ રહયું છે ત્યારે, 'શિક્ષકની સોટીઓ ખાઇ તૈયાર થયેલો વિદ્યાર્થી આજના વેવલા વિદ્યાથી કરતાં વધારે ધરખમ હતો' એમ માનવું યોગ્ય નહિ ગણાય. સંભવ છે કે શ્રી દેસાઇના વિચારો તેમના જમાનાની અસર હેઠળ ઘડાયેલા હોય. આમ શિક્ષણમાં શારીરિક શિક્ષાનું સમર્થન કરતી આ માન્યતા વિવાદાસ્પદ છે.

M. S. UNIVERSITY OF BARODA



(૯) મકાનો અને સાધન સુવિધાઓ :

ગામઠી શાળાઓનાં મકાનો અને સાધન સુવિધાઓ અંગે ચરિત્ર-સાહિત્યમાંથી ઘણાં ઓછાં પ્રમાણો પ્રાપ્ત થાય છે. પરંતુ જે પ્રમાણો મળે છે, તેના પરથી એની કંઇક ઝાંખી થઇ શકે એમ છે :

"મહીપતરામ"ની સુરતની ગામઠી શાળાનું વર્ણન ચરિત-લેખક આ પ્રમાણે કરે છે.

> "નિશાળ આડે દહાડે તો જોવા જેવી, તેમાં ખાડા ખાબોચિયાની તો ગણત્રી જ નહિ. માત્ર અમાવાસ્યાના દિવસે ગુરુપત્ની લીપીગુંપી, માંહે ઓકળી પાડી જમાનાને રુચતી બનાવતી. નિશાળિયાને બેસવાનું શાંય ઉપર કોઇ સારા ગૃહસ્થનો છોકરો હોય તો તે પોતાની સાથે સાદડીનો કકડો કે પાથરણું બેસવાને માટે ઘેરથી લેતો આવે. કોઇ અમલદારનો દીકરો હોય તો તે મહેતાજીની સોડે બેસે"[૬૫]

મોટેભાગે શાળાઓ ખાનગી ધોરણે ચાલતી હોવાથી મહેતાજીના ઘરના એકાદ ઓરડા કે ઓસરીનો શાળા માટે ઉપયોગ કરવામાં આવતો અને એની મરામત પાછળ ઘણું ઓછું ધ્યાન અપાતું. ક્યારેક તો શાળા ઘરના ઓટલા પર બેસતી એવા ઉલ્લેખ પણ મળે છે. બાળકોની સંખ્યા વધતાં ધર્મશાળાઓમાં કે જૂના ખંડિયેરોમાં આ શાળાઓ બેસતી હોવાની વિગતો પણ ચરિત્રસાહિત્યમાંથી સાંપડે છે :

> "નારણ મહેતા જાતે બ્રાહ્મણ હતા..........ગોપીપુરામાં એક ખંડિયેરના તયખાના (ઉઘાડું ભોંયરું)માં પોતાનો તખ્ત માંડતા ને '<u>દશવર્ષાણિ</u> <u>તાડયેત્</u>' નો નિયમ ઘરમાં તો અમલમાં મુકાયો હોય કે નહિ, પણ નિશાળમાં તો નિષ્પક્ષપાતે અમલમાં મૂકતા."[૬૬]

મહેતાજીઓને બેસવા માટે ઊંચી વ્યાસપીઠોનો ઉપયોગ થતો હોવાના ઉલ્લેખ અન્યત્ર પણ પ્રાપ્ત થાય છે. એ જ રીતે પૈસાદારોનાં અને અમલદારોનાં બાળકોને મહેતાજી પાસે તખ્ત પર બેસવાનો લાભ મળતો એ હકીકતને પણ કેટલાંક સમર્થનો ચરિત્રસાહિત્યમાંથી મળે છે.

આમ એકંદરે જોતાં મકાન અને અન્ય સુવિધાઓની અગત્ય પ્રત્યે બહુજનસમાજનું લક્ષ્ય દોરાયું ન હતું. રાજ્ય તરફથી સહાયનો અભાવ, શિક્ષણ દ્વારા થતી અલ્પ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

પ્રાપ્તિ વગેરે જેવાં પરિબળો એને માટે જવાબદાર ગણાય.

વિદ્યાર્થીઓને શીખવવા માટે મહેતાજીઓ દ્વારા સોટી, આંકણી, ચાબુક સિવાય અન્ય કોઇ સાધનોનો ઉપયોગ થતો હોવાનો એક પણ સંદર્ભ પ્રાપ્ત થતો નથી. વિદ્યાર્થીઓ દ્વારા લેખન માટે પ્રયોજાતાં સાધનો - પાટી, રંગી, માટી, ખડી, વતરણા, શાહી વગેરેનો ઉલ્લેખ અગાઉ થઇ ચૂક્યો છે. બ્રિટિશ પદ્ધતિની શાળાઓના પ્રારંભ પછી ધીમે ધીમે આ લેખન-સાધનોએ ગામઠી શાળામાંથી વિદાય લીધી અને તેને સ્થાને "અંગ્રેજ સરકારે નિશાળો ઉઘાડયા પછી વિલાયતની સ્લેટ અને સ્લેટ-પેનનો ઉપયોગ થવા લાગ્યો. એ સાધનોમાં વધારે સફાઇ અને સગવડ હોવાથી તેમનો બહોળો ઉપયોગ થયો."[૬૭]

મુસ્લિમ અને મરાઠી શાસનકાળ દરમ્યાન સર્જાયેલી અંધાધૂંધી અને આતંકના યુગમાં, ગુજરાતની સમુન્નત સંસ્કૃતિનો જે સર્વતોમુખી વિનિપાત થયો તેની નોંધ આ અગાઉ વિસ્તારથી લેવામાં આવી છે. શિક્ષણ પણ આવા અધઃપાતમાંથી ન જ ઉગરી શકે એ તો દેખીતું છે. એ યુગમાં ઊભાં થયેલાં વિઘાતક પરિબળોએ, દેશી-શિક્ષણની પૂર્વોક્ત ગૌરવાન્વિત પરંપરાને પણ હચમચાવી મૂકી. પરિણામે અંગ્રેજ-શાસનના પ્રારંભકાળે તો આ શિક્ષણપ્રથા આગળ જોયું તેમ અનેક રીતે અવનત બની ચૂકી હતી. અંગ્રેજ અધિકારીઓ કે ભારતીય અગ્રણીઓ તરફથી દેશીશિક્ષણની આ પરંપરામાં નવું ચેતન રેડવાના કોઇ સહૃદય પ્રયત્નો થયા નહિ. ફલસ્વરૂપે બ્રિટિશ-યુગ દરમ્યાન ભારતમાં તેમ ગુજરાતમાં પણ ગામઠીશિક્ષણ પ્રથા ક્રમશઃ કાલગ્રસ્ત થતી રહી. અંગ્રેજી કેળવણીના વિકાસ માટેનો માર્ગ આથી મોકળો બન્યો.

અધ્યેયકાલ દરમ્યાન, પ્રવર્તમાન લોકશિક્ષણની ઉપર્યુક્ત ભૂમિકાના સંદર્ભમાં, ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની કેળવણીનો પ્રારંભ અને વિકાસ શી રીતે થયો તે હવે નિહાળીશું.

## ૩.૩ ગુજરાતમાં બ્રિટિશ કેળવણીનો પ્રારંભ અને પ્રારંભિક અવરોધો :-

ગયા વિભાગમાં જે ગામઠી શિક્ષણ પ્રથાની વાત થઇ તેનાં વળતાં પાણી અંગ્રેજોની સત્તાની અસર વ્યાપક બનતાં જણાવા માંડયાં અને ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની નવી શિક્ષણપ્રથાનો પ્રારંભ થયો. ગુજરાતમાં આવા પ્રકારનું શિક્ષણ આપતી

શિક્ષણ સંસ્થાઓના પ્રારંભનો નિશ્ચિત સમય દર્શાવતાં કેટલાંક પ્રમાણો ચરિતસાહિત્ય-માંથી ઉપલબ્ધ થાય છે.

'દુર્ગારામચરિત્ર'ના લેખક, ચરિત્રનાયક દુર્ગારામ મહેતાજીX તેમની સોળ વર્ષની ઉંમરે ઇ.સ. ૧૮૨૫માં મુંબઇ ગયા તે અરસામાં મુંબઇ ઇલાકાનાં મોટાં શહેરોમાં નિશાળો સ્થાપવાનો નિર્ણય સરકારે લીધો હતો એમ દર્શાવે છે :

> "એ વેળા મુંબઇમાં સરકાર તરફથી પ્રજાને ભણાવવાની નિશાળ સ્થાપન થઇ હતી, અને ઇલાકાના મોટાં શહેરોમાં નિશાળો બેસાડવાની ઠરાવ થયો હતો. એવું બન્યું કે આ વાતથી અજાણ્યા દુર્ગારામ મુંબાઇની સરકારી નિશાળ આગળથી એક દિવસ જતા હતા, ત્યાં તેમણે મોટા માણસોની ગાડીઓ અને લોકને મળેલા જોયા....... ને દુર્ગારામ તે નિશાળે બેઠા. વરસ દોઢેક સુધી ઉલટથી અભ્યાસ કર્યો એટલે તેના ઉપરીએ ગૂજરાતી નિશાળ ભણાવવાને લાયક ગણી રૂ.૨૦/-ના પગારે મેહેતાજી નીમી સુરત મોકલ્યા. તે શેહેરના હરીપરામાં દુર્ગારામે નવી નિશાળ (તા.૧૩ સપ્ટેમ્બર ૧૮૨૬ના રોજ) માંડી"[૬૮]

'મહીપતરામ'ના ચરિતકાર ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા પણ મહીપતરામની બાલ્યાવસ્થાના સમયની શૈક્ષણિક પરિસ્થિતિનું ચિત્રાલેખન કરતાં આ હકીકતનું સમર્થન આ પ્રમાણે કરે છે :

> "મહીપતરામના સમયમાં સુરતમાંથી નવાબી ગઇ હતી. એ વખતે તો અંગ્રેજ લોકનાં વાજાં વાગતાં હતા, તથાપિ રાજભાષા તરીકે થોડો સમય ફારસી ને ઉર્દુ ચાલતી હતી. તેમાં ધીમે ધીમે અંગ્રેજી ભાષા દાખલ કરવાનો પ્રયત્ન થતો હતો. અંગ્રેજ સરકારે પદ્ધતિસરની કેળવણીનો આરંભ સને ૧૮૨૬માં બે ગુજરાતી શાળાઓ ઉઘાડીને કર્યો. તે પછી સોળ વર્ષે એટલે કે ૧૮૪૨માં અંગ્રેજી શાળા સ્થપાઇ. આથી મહીપતરામ તેર ચૌદ વર્ષના થયા તે વખતે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવાને માટે સાધન તૈયાર હતું."[૬૯]

---------

X જીવનકાળ (૧૮૦૯-૧૮૭૬)

'નંદશંકર જીવનચિત્ર'ના લેખક શ્રી વિનાયક નંદશંકર મહેતા પણ ગુજરાતી - અંગ્રેજી શાળાઓનો પ્રારંભ તળ ગુજરાતમાં સુરતમાં ઉપર્યુકત સમયે થયો, એવું પ્રતિપાદન કરતાં નોંધે છે કે "અંગ્રેજ સરકાર તરફથી ઇ.સ.૧૮૨૬માં પહેલવહેલી ગુજરાતી શાળાઓ ખોલવામાં આવેલી"[૭૦] તથા "ત્યાર પછી ઇ.સ.૧૮૪૦માં 'બોર્ડ ઓફ એજ્યુકેશન' સ્થપાયું, અને ઇ.સ. ૧૮૪૨માં અંગ્રેજી શાળા શરૂ થઇ."[૭૧] સુરતની સાથે ભરૂચ અને અમદાવાદમાં પણ બ્રિટિશ પધ્ધતિની નિશાળોનો પ્રારંભ થયો હતો, એ હકીકતનું પ્રમાણ 'ગુજરાતી કેળવણીના પિતા' રણછોડદાસ ગીરધરભાઇના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે. ઇ.સ. ૧૮૨૫માં 'બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલ બુક સૌસાયટી'માં જોડાયા બાદ ગુજરાત અને દક્ષિણમાં નિશાળો ખોલવાનું અને તે માટે શિક્ષકો તૈયાર કરવાનું કામ ચરિતનાયકને સોંપાયું હતું, અને સુરતની સાથે ભરૂચ અને અમદાવાદમાં પણ તેમણે નિશાળો સ્થાપી હતી. આમ, નવી શાળાઓની સ્થાપનામાંથી શિક્ષકતાલીમનું પ્રેરકબીજ પ્રગટયું એની નોંધ પણ અત્રે લેવી ઘટે.

> "પણ દક્ષિણ તથા ગુજરાતમાં દેશી નિશાળો સ્થાપન કરવાનું સરકારે વધારે અગત્યનું જાણી તેને સારું મહેતાજીઓ થવાને યોગ્ય માણસો શોધી કાઢવાનું તથા તેમને ભણાવી તૈયાર કરવાનુ કામ રણછોડદાસને માથે પડયું, તેથી થોડી મુદતમાં મુંબઇથી તેમને પાછા ગુજરાતની મુસાફરીએ મોકલ્યા. અમદાવાદ, સુરત વગેરે ઠેકાણે ફરીને તથા મુંબઇમાંથી જ કેટલાક માણસો શોધી કહાડયા. પ્રથમ સુરત ભરૂચને અમદાવાદને સારું માણસો તૈયાર થયા. તેમની સાથે જઇ તે શહેરોમાં નિશાળોનો આરંભ કર્યો."[૭૨]

આ ત્રણ સ્થળોએ નિશાળો સ્થપાયા પછી વધુ મહેતાજીઓને તૈયાર કરીને ઓરપાડ, કાલીઆવાડી, વલસાડ, બગવાડી, અંકલેશ્વર, જંબુસર, આમોદ, નડીઆદ વગેરે જેવા મોટાં કસ્બાનાં મથકોમાં પણ ટૂંક સમયમાં જ નવી પધ્ધતિની શાળાઓ શરૂ કરવામાં આવી.[૭૩]

ઉપર્યુકત હકીકતો પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં બ્રિટિશ શાસન-વ્યવસ્થાનો પ્રારંભ થયા પછી, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના નિર્માણમાં

એક પચીસી જેટલો સમય પસાર થયો. પૂર્વકથિત અંધાધૂંધી જોતાં શિક્ષણવિકાસ માટેની યોગ્ય ભૂમિકા સર્જવામાં આટલો કાળ પસાર થાય એ સમજી શકાય એમ છે. વળી, દિવસે દિવસે અંગ્રેજશાસનના વર્ચસ્વ હેઠળ આવતા વિસ્તારોનાં વહીવટી કામો શુ કરવામાં ઉપયોગી થાય એવો કર્મચારી ગણ દેશીજનોમાંથી જ ઊભો કરવાની અને તે માટે એમને યોગ્ય કેળવણી મળી રહે, એવી યોજનાબદ્ધ શિક્ષણ-તરાહનું નિર્માણ કરવાની તીવ્ર આવશ્યકતા પણ હવે કંપની સરકારને વર્તાઇ હોય એમ લાગે છે. એટલે "તે વખતના ઇંગ્લાંડમાં ચાલતા લાનકયાસ્ટ્રીઅન ધોરણને અનુસરીને ગુજરાતમાં કેળવણી આપવાનું કામ શરૂ કરવામાં આવ્યું"[૭૪] હોય એમ જણાય છે.

આવી નવા પ્રકારની નિશાળોનો પરંપરાગત ગામઠી નિશાળોથી ટેવાયેલા જનસમાજ દ્વારા પ્રારંભમાં વિરોધ થાય એ સ્વાભાવિક હતું. જૂના અને નવા વચ્ચેનો આ સંઘર્ષ થોડા સમય સુધી ચાલુ રહયો :

> "સરકારી નિશાળો સ્થાપન કરવી ને તેમાં ભણનારા આવે એવી રીતે કામ કરવું એ તે વખતમાં આજના જેવું સેહેલું નહોતું - ગામઠી મહેતાજીઓનું જોર, ભણતરનો પ્રકાર ચાલુ રીવાજથી જુદો, લોકોને ડર કે સરકાર અમારા છોકરાને ભણાવીને લશ્કરમાં રાખશે કે વટલાવશે વગેરે અનેક વિઘ્નો હતાં. તે ખસેડી નિશાળો આબાદ કરવી એ સેહેલું કામ નહોતું- માટે તે કારણથી રણછોડદાસને એ શહેરોમાં કાંઇક મુદત ગાળવી પડેલી. સારા સારા લોકોને સમજાવી તેમના છોકરા નિશાળમાં દાખલ કરાવ્યાં."[૭૫]

ગામઠી મહેતાજીઓ માટે નવી પદ્ધતિની નિશાળો આફતરૂપ હતી. જો લોકસમાજ એ તરફ વળી જાય તો એમના માટે રોજીરોટીનો સવાલ ઉપસ્થિત થતો હતો, એટલે ગામઠી શાળાના મહેતાજીઓ દ્વારા તેનો વિરોધ થાય એ સમજી શકાય એમ છે. આવો વિરોધ જ્યાં જ્યાં નવી નિશાળો ઊભી થાય ત્યાં ત્યાં અનેક રીતે થતો. ઇ.સ.૧૮૬૩માં ભરૂચ જિલ્લાના અમલેશ્વરમાં નવી નિશાળનો પ્રારંભ કરતાં પોતાને થયેલા આવા અનુભવની નોંધ લેતાં છોટાલાલ નરભેરામ ભટ્ટ પોતાના 'આત્મવૃત્તાંત'માં નોંધે છે કે, "આ નિશાળ સ્થાપન થવાથી ગામઠી

મહેતાજી કાળીદાસની રોજી ગઇ હતી તેથી તે જે મેહેતાજી આવે તેને હલકો પાડવાની તજવીજ કરતા, અને એ માણસ બેઠો હોય ત્યારે પ્રસંગ કાઢી મેહેતાજીને કોયડાના હિસાબ પૂછતા"[૭૬] ટૂંકમાં, લોકોને ઊંધુંચત્તું સમજાવવાથી માંડી શિક્ષકોની પ્રતિષ્ઠાને ઝાંખી પાડવા સુધીના અનેક રસ્તા ગામઠી શાળાના મહેતાજીઓ અપનાવતા હશે, એમ ખચીતપણે કહી શકાય.

એ વખતનું જનમાનસ પણ અંધશ્રદ્ધાથી ભરપૂર હતું અને વૈજ્ઞાનિક સત્યો ઉપર રચાયેલા નવા જ્ઞાનને ઝડપથી ગ્રહણ કરી શકે એમ નહતું. અલબત્ત નવી શરૂ થતી અંગ્રેજી પદ્ધતિની શાળાઓના મહેતાજીઓને ભૂગોળ-ખગોળ વગેરેથી અભિમુખ કરવાના સહૃદયી પ્રયત્નો પણ બ્રિટિશ સરકારે કરેલા. આમ છતાંય આખરે એ મહેતાજીઓ પણ અંધશ્રદ્ધાપ્રચુર સમાજમાંથી જ આવતા હતા, એટલે વૈજ્ઞાનિક સત્યો ઝડપથી તેઓ આત્મસાત કરી શકતા નહીં. અગર જો કરી શકતા તો તે સત્યો પોતાના વિદ્યાર્થીઓને શીખવી સમાજની રૂઢ માન્યતાઓને આઘાત આપવા તૈયાર નહોતા, કારણ કે એમ કરતાં રૂઢિચુસ્ત સનાતની સમાજની જબરજસ્ત વિરોધનો તેમને સામનો કરવો રહેતો. ઈ.સ. ૧૮૨૬માં સુરતમાં શરૂ થયેલી ઉપર્યુક્ત સરકારી શાળાઓના મહેતાજીઓના અનુભવો આ હકીકત પર સારો પ્રકાશ પાડે છે :

"મુંબઇમાં મહેતાજીઓએ ભૂગોળ તથા ખગોળ વિદ્યાઓમાં પ્રવેશ કર્યો હતો, અને ઉપરીના હુકમથી હવે તે બાબતો નિશાળમાં ચલાવી. પુરાણોમાં લખ્યા પ્રમાણે એ વિદ્યા નહિ હોવાથી લોકમાં નિંદા ચાલી. નિત્યાનંદ અને પરમાનંદના સંવાદ રૂપે છપાએલી એ વિશેની ચોપડી ભણે તે લોકને ગમે નહિ. પ્રાણશંકર (સુરતની એક સરકારી નિશાળના માસ્તર) છોકરાને કહેતા કે સાહેબ પરીક્ષા લેવા આવે ને પૂછે ત્યારે કહેવું કે પૃથ્વી ગોળ છે અને ફરે છે પણ તે તમે માનશો નહિ, કેમ કે પૃથ્વી ગોળ હોય ને ફરે તો આપણાં ઘર પડી જાય, તે પડતાં નથી માટે એ વાત ખોટી છે. પ્રાણશંકર મહેતાજીના સમજવામાં આ વિદ્યાઓ આવી (નહોતી) ન હતી, પણ બુદ્ધિવાન દુર્ગારામથી તે સમજાઇ હતી, ને તે નિશાળીઆને સમજણ

પાડી બારોબર શિખવતા. એથી લોક તેને ધર્મ-ભ્રષ્ટ કહી નિંદવા લાગ્યા."[૭૭]

એ અરસામાં અંગ્રેજ સરકારે હિન્દુઓને વટલાવી ધર્મભ્રષ્ટ કરવા માટે શાળાઓ શરૂ કરી છે એવી એક માન્યતા પણ લોકમાનસમાં વ્યાપક બનતી જતી હતી. આવી માન્યતા સાવ અકારણ પણ નહોતી. એ વેળાએ ખ્રિસ્તી પાદરીઓએ શરૂ કરેલી મિશનશાળાઓમાં ધર્મપરિવર્તનના કેટલાક છૂટા છવાયા કિસ્સા બનતા અને તેથી લોકો ચોંકી ઊઠતા અને તેમની માન્યતાને સમર્થન મળતું. (આવા) સુરત ખાતે બનેલા આવા એક કિસ્સાની નોંધ શ્રી વિનાયક નંદશંકર મહેતાએ 'નંદશંકર જીવનચિત્ર'માં લેતાં નોંધ્યું છે કે "વિદ્વાન પાદરી મોન્ટગોમરીના ફંદામાં ફસી નસરવાનજી માણેકજી નામના એક પારસી યુવકે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. હોહા થઇ ગઇ. પારસી જેવી સાહસિક કોમ પણ અંગ્રેજી શિક્ષણ લેતાં બીવા લાગી. હિંદુઓના છોકરા શીખતા બંધ થવા લાગ્યા."[૭૮]

આ કિસ્સાની નોંધ 'મહીપતરામ'ના લેખકે આ રીતે લીધી છે :

"સુરતમાં અંગ્રેજી નિશાળ સરકાર તરફથી સ્થપાઇ હતી, તેમ અંગ્રેજ પાદરીઓએ પણ નિશાળ સ્થાપી હતી. તેમાં પણ છોકરાંઓ ભણવા જતા હતા. પાદરીની શાળામાં અંગ્રેજીના અભ્યાસની સાથે અંગ્રેજી ધર્મપુસ્તક બાઇબલનો પણ અભ્યાસ છોકરાઓને કરવો પડતો હતો. પાદરીઓનું ધ્યેય વિદ્યાર્થીઓને એ ભાષાનું જ્ઞાન આપવા કરતાં તેમને વટલાવી ખ્રિસ્તી બનાવવા તરફ વિશેષ હતું, એવી માન્યતા લોકોની હતી. સુરતમાં મોન્ટગોમરી નામનો પાદરી હતો, તેણે એક નવરોજજી પારેખ નામના પારસી યુવકને વટલાવી ખ્રિસ્તી ધર્મમાં દાખલ કર્યો હતો. આ બનાવથી આખા સુરત શહેરમાં ભારે હો હા થઇ હતી ને ઘેર ઘેર એ જ બાબતની ચર્ચા ચાલી રહી હતી. ખુદ પારસી કોમમાં પણ ખળભળાટ મચી રહયો હતો. આવા દાખલા બને ત્યારે કયા માબાપની હિમ્મત પોતાના બાળકને અંગ્રેજી ભાષા ભણાવવા તરફ ચાલે ? આ બનાવથી લોકોની શ્રદ્ધા અંગ્રેજી ભાષા ભણવા ઉપરથી તદ્દન ઉઠી ગઇ, નિશાળ ખાલી થઇ ગઇ, ને સંખ્યા પણ

ઘટી ગઈ. આની અસર સરકારી નિશાળમાં પણ થઈ."૭૯

આમ, મિશનશાળાઓના ધર્મ પરિવર્તનના કિસ્સાઓની અસર સરકારી શાળાઓ સુધી પણ પહોંચતી. એને પરિણામે અંગ્રેજો, એમની ભાષા અને સંસ્થાઓ તરફનો લોકવિરોધ પ્રબળ બનતો હતો. યાવની ભાષા 'ભણવાથી ધર્મભ્રષ્ટ થવાય, વટલાઈ જવાય.....યાવની શબ્દનો કર્ણને સ્પર્શ થયો હોય અથવા ભૂલેચૂકે એનો ઉચ્ચાર થઇ ગયો હોય તો સચૈલસ્નાન કરવું પડે એવું મંતવ્ય તેમનું હતું."૮૦ નવી પદ્ધતિની નિશાળોએ આવા પ્રબળ લોકવિરોધનો સામનો કરીને પોતાનો માર્ગ કાપવાનો હતો.

રા. બ. મોહનલાલ રણછોડદાસ ઝવેરી (જ. ૧૮૨૮) પોતાના 'આત્મકથન'માં નોંધે છે તેમ નવી નિશાળોના પ્રારંભ સામે બીજોય એક મોટો અવરોધ હતો, અને તે તલાટીઓ તેમજ રેવન્યુખાતાના કર્મચારીઓના અસહકારનો. આ વર્ગને લોકો અજ્ઞાનમાં રહે તેમાંજ રસ હતો કારણ કે જો લોકો જ્ઞાન પ્રાપ્ત કરી હોશિયાર થઇ જાય તો આડમાર્ગે થતી પોતાની આવક બંધ થઇ જાય એવી એમની ભીતિ હતી. ૧૮૫૪ના ડિસ્પેચ પછી, વધારે શાળાઓ ખોલવા અંગે 'વીઝીટર ઓફ સ્કુલ્સ'ના હોદ્દા પર કામ કરતાં મોહનલાલને જયારે ભરૂચ જિલ્લામાં જવાનું થયું ત્યારે પોતાને થયેલા અનુભવનું વર્ણન તેમણે આ પ્રમાણે કર્યું છે :

> "ભરૂચ જીલ્લાના ગામડાના રહેવાસીઓ ઘણા જ અજ્ઞાન અને સરકારી માણસથી બીહીતા હતા. ચોરામાં ને મારા તંબુ પર એકઠા કરવા માગીએ તો તે પણ ન થાય. તલાટીવર્ગના લોકોને ગામડીઆઓ ઘણું જ માન આપે છે ને તેના કહયા મુજબ ચાલે છે, તેઓ પોતાની ખાઉકી ઓછી થાય તેવા સબબથી ગામડીઆઓને ઉંધીજ સલાહ આપતા કે નિશાળોની જરૂર નથી. લોકોનો ભાવ અમારા પર ઓછો અને સરકારી રેવન્યુ-ખાતાના અધિકારીઓ જોઇએ તેટલી સહાયતા આપે નહીં તેથી મુસાફરી આકરી પડતી."૮૧

આવા વિરોધના પ્રબળ ઝંઝાવાતોની વચ્ચે નવી પદ્ધતિની અંગ્રેજી શાળાઓનું ધીમે ધીમે વિસ્તરણ થતું ગયું.

### ૩.૪ શિક્ષણ પ્રશાસનની નવી વ્યવસ્થાની માંડણી :

#### (અ) મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળની કામગીરી (ઇ.સ.૧૮૨૦-૧૮૪૦)

નવી શિક્ષણપ્રથાની શરૂઆત થતાં તેના સંચાલનને માટે શૈક્ષણિક પ્રશાસન વ્યવસ્થાનું નવેસરથી નિર્માણ થયું. ઇ.સ. ૧૮૨૦ થી ૧૮૪૦ સુધી, એટલે કે બોર્ડ ઓફ એજ્યુકેશનની સ્થાપના થતા સુધી, મુંબઇ પ્રાંતના ગુજરાત સહિતના તમામ વિભાગોના શિક્ષણનાં પ્રશાસકીય કાર્યોની જવાબદારી મુખ્યત્વે 'બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલ બુક સોસાયટી'ને શિરે રહી. તેના ઉદ્દેશ અને કામગીરીની વિગતો એમાં પ્રારંભથી જ જોડાઇને ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની કેળવણીનો પાયો નાખનાર 'ગુજરાતની કેળવણીના પિતા' રણછોડદાસ ગીરધરભાઇના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે :

> "ખીડકીની લડાઇ પછી એકલા પેશવાનું રાજ અંગ્રેજ સરકારને સ્વાધીન થયું તે અવસરે મુંબઇ મધ્યે એક મંડળી સ્થાપન થઇ. તેનો ઉદ્દેશ કેળવણી આપવાનો તથા તેને સારું સારાં લાયક પુસ્તકો તૈયાર કરવાનો હતો. તે પરથી તેનું નામ બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલ બુક સોસાયટી 'મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી' એવું પાડયું હતું. તેનો વહીવટ એક સરકારી લશ્કરી અમલદાર જેનું નામ કયાપટન જરવીસ હતું તેને સોંપવામાં આવ્યો હતો. સરકાર તરફથી પણ તેને સારો આશ્રય મળતો, એવા કારખાનામાં આરંભે લાયક માણસોની જરૂર હતી. મુંબઇમાં દક્ષિણી મંડળમાંથી તો યોગ્ય પુરૂષો જડી આવતા પણ ગુજરાતી માણસો મળવા મુશ્કેલ હતા, તેવે વખતે લાર્ડ બીષપ કાર સાહેબની ભલામણ મંજુર થઇને રણછોડદાસને ભરૂચથી બોલાવવાનો ઠરાવ થયો."[૮૨]

અહીં દર્શાવ્યા પ્રમાણે 'બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલબુક સોસાયટી'નો મુખ્ય ઉદ્દેશ કેળવણીનો પ્રસાર કરવાનો હતો. ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની અર્વાચીન કેળવણીનો આરંભ આ સોસાયટીને હસ્તક થયો.

ઉક્ત સોસાયટીની રચના શી રીતે થઇ, એ માટેનાં ધારાધોરણો કયાં હતાં,

એ અંગે ચરિત્રસાહિત્યમાંથી કોઇ માહિતી પ્રાપ્ત થતી નથી. સોસાયટીના ઉપરી એક લશ્કરી અમલદાર હતા એ હકીકત ઘણી સૂચક છે. એમાં દેશવાસીઓનું પ્રતિનિધિત્વ હતું કે કેમ એ અંગે પણ સ્પષ્ટ ચિત્ર ઉપસ્થિત થતું નથી. ઉપર જેનો ઉલ્લેખ થયો છે તે રણછોડદાસ તો સોસાયટીના પગારદાર નોકર હતા. તેઓ રૂ.૪૦/-ના પગારથી ઇ.સ.૧૮૨૫માં એમાં જોડાયા હતા એનો ઉલ્લેખ અગાઉ થયો છે.[63] વળી, 'દક્ષિણી મંડળ'માંથી જોડાનાર સભ્યો પણ રણછોડદાસની જેમ પગારદાર નોકરો હોવાનું સંદર્ભ પરથી સ્પષ્ટ થાય છે. શ્રી રણછોડદાસના જીવનચરિત્રમાં પણ સોસાયટીમાં ગુજરાતી કે દક્ષિણી ગૃહસ્થને સ્થાન આપવામાં આવ્યું હોય એવા સંકેતો પ્રાપ્ત થતા નથી. આ બધી હકીકતો પરથી એવા અનુમાન પર આવી શકાય કે 'બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કૂલ બુક સોસાયટી'માં દેશવાસીઓનું પ્રતિનિધિત્વ નહોતું.

આગળ જોયું તેમ સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ કેળવણી પ્રસારનો હતો. એની સિધ્ધિ અર્થે સોસાયટીએ ત્રિવિધ કામગીરી ઉપાડી હતી : (૧) શાળા-સ્થાપન, (૨) પાઠ્યપુસ્તકો અને શિક્ષણ-સાધનોનું નિર્માણ તથા (૩) શિક્ષક-તાલીમ.

આ સોસાયટીના ઉપક્રમે ઇ.સ.૧૮૨૬માં સુરત, ભરૂચ અને અમદાવાદમાં સરકારી શાળાઓ સ્થપાઇ અને ત્યારબાદ જેમ જેમ શિક્ષકો તૈયાર થતા ગયા તેમ તેમ ઓરપાડ, કાલીઆવાડી, વલસાડ, બગવાડી, અંકલેશ્વર, જંબુસર, આમોદ, નડીઆદ વગેરે જેવાં કસબાના મથકોમાં પણ શાળાઓ શરૂ કરવામાં આવી એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. બોર્ડની મુખ્ય મુશ્કેલી આ શાળાઓ માટે શિક્ષકો મેળવવાની હોય એમ લાગે છે. પૂર્વકથિત લોકવિરોધ જોતાં અને એ જમાનાની શિક્ષણપીઠિકા જોતાં નવી શાળાઓ માટે પ્રારંભમાં શિક્ષકો પ્રાપ્ત કરવાની મુશ્કેલી સ્વાભાવિક રીતે જ રહેતી હશે, એવું અનુમાન કરી શકાય. આથી શરૂઆતમાં નવી નિશાળો ખોલવાની ગતિ ઘણી મંદ રહી હશે, પરંતુ જેમ જેમ આ શાળાઓમાં અધ્યયન કરીને તૈયાર થતા વિદ્યાર્થીઓનો ફાલ બહાર પડતો ગયો તેમ તેમ આ મુશ્કેલી હળવી બની હોવી જોઇએ. અતઃ પાછળથી શાળા-સ્થાપનની ગતિમાં વેગ આવ્યો હશે. તેથી, આ મુશ્કેલી કામચલાઉ હતી, એમ ગણાય.

સોસાયટીની બીજી મહત્ત્વની કામગીરી તે પાઠ્યપુસ્તકો અને શિક્ષણ

M. S. UNIVERSITY OF BARODA



સાધનોના નિર્માણની હતી. આ પ્રકારનું કામ ગુજરાતમાં (સમગ્ર ભારતમાં) કદાચ સૌ પ્રથમ હતું, કારણ કે બ્રિટિશ પધ્ધતિની સરકારી નિશાળોની સ્થાપના સમયે ગુજરાતમાં જે ગામઠી શિક્ષણવ્યવસ્થા પ્રચલિત હતી, તેમાં બધું જ મુખપાઠથી શીખવાતું. [1]આશારામ દલીચંદ શાહના જીવનવૃત્તાંતના લેખકે બ્રિટિશ પધ્ધતિની કેળવણીના પ્રારંભ પહેલાંની શૈક્ષણિક પરિસ્થિતિના નિરૂપેલા ચિત્રનો અગાઉ ઉલ્લેખ થઇ ચૂકયો છે.

તે સમયે બધું જ મુખપાઠથી શીખવાતું. એ જોતાં સોસાયટીએ સૌ પ્રથમવાર ગુજરાતી તેમજ મરાઠી વિધાર્થીઓ માટે વ્યવસ્થિત, વૈવિધ્યપૂર્ણ શિક્ષણક્રમ તૈયાર કરી એ માટેનાં સાધનો અને પુસ્તકો પણ પ્રકાશિત કર્યા એ હકીકત છે. આ સાધનો અને પુસ્તકો કેવાં હતાં તેનો ઉલ્લેખ રણછોડદાસ ગીરધરભાઇના જીવન-ચરિતમાંથી મળે છે.

"મરાઠી તથા ગુજરાતી બેઉ કામ સાથે ચાલતાં હતાં. પ્રથમ વર્ણમાળા તૈયાર કરવામાં આવી. વર્ણમાળા એટલે મોટે અક્ષરે ગુજરાતી તથા બાળબોધ મૂળાક્ષરો કાગળ પર છાપેલા. અ. આ. ક. કાના અક્ષરો પછી બારાખડી પછી જોડાક્ષર - પછી એકાક્ષરી શબ્દ, દ્વિઅક્ષરી શબ્દ વગેરે પાંચ-છ-સાત અક્ષરોના શબ્દો, શબ્દોના અર્થો, તેમજ ગણિતકામ સારૂ આંક તથા રકમો તથા સાદા સરવાળા બાદબાકી - ગુણાકાર - ભાગાકાર - ભાંજણીને વિવિધ સરવાળા બાદબાકી ગુણાકાર વગેરેના કાગળો તૈયાર કરી પાટીઓ પર કે લુગડાના લાંબા પંખા પર ચોડી છોકરાના વર્ગ આગળ તે ટાંગતા ને તેમાંથી શીખવતા. એ રીતે કેળવણી આપવાનું કામ તે વખતના ઈંગ્લાંડમાં ચાલતા લાનકયાસ્ટ્રીઅન ધોરણને અનુસરીને ગુજરાતમાં ચાલતું - વર્ણમાળાના અક્ષરો ઘણા સારા ગણાય છે- હજુ પણ તેની જોડી મળી શકતી નથી - એ સિવાય લિપિધારા - બોધ - વચન - ડાડસ્લીની વાતો - ઈસપનીતિની કથાઓ, બાળમિત્ર - પંચોપાખ્યાન - ભૂગોળ - ખગોળ વિધાના ઉદ્દેશ લાભને સંતોષ વગેરે પુસ્તકો વાંચન કામને સારૂ, તથા ગણિતને સારૂ પૂર્ણાંક, અપૂર્ણાંક (હસ્તકૃત)

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



૪ તથા શિક્ષણમાળા ભાગ-૧ અને ૨, કર્તવ્ય ભૂમિતિ વગેરે એ બધાં શાળા પુસ્તક મંડળી તરફથી તૈયાર થતાં હતાં તેમાં રણછોડદાસની મદદ લેવામાં આવી."૮૪

આના પરથી એમ કહી શકાય કે (બોર્ડ) સોસાયટીએ પ્રારંભથી જ સુયોજિત ક્રમિક વિકાસ દર્શાવતો અભ્યાસક્રમ તૈયાર કરી તેના સફળ અમલીકરણ માટેનાં સાધનો, પુસ્તકો વગેરે પણ શાળાઓને પૂરાં પાડયાં. ગામઠી શાળાઓની ઉપર્યુક્ત સ્થિતિ જોતાં સોસાયટીનો આ પ્રયત્ન ઐતિહાસિક મહત્ત્વનો અને સ્તુત્ય લેખાય. પુસ્તકો, સાધનો વગેરે પૂરા પાડી સોસાયટીએ શિક્ષકોને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડયું એમ નિ:સંકોચપણે કહી શકાય.

સોસાયટીએ ઉપાડેલી ત્રીજી મહત્ત્વની કામગીરી શિક્ષક-તાલીમની હતી. નવી શરૂ થતી શાળાઓ માટે શિક્ષકોને ભણાવીને તૈયાર કરવાનું કામ ઈ.સ.૧૮૨૫માં સોસાયટીની સેવાઓમાં જોડાયેલા અને પાછળથી ગુજરાતી નિશાળોના ઈન્સ્પેક્ટરના હોદ્દા પર પહોંચેલા રણછોડદાસ ગીરધરભાઈને સોંપાયેલું એની નોંધ તો આગળ લેવાઈ ચૂકી છે. પરંતુ આ શિક્ષકો નવી વિધાને સહેલાઈથી આત્મસાત્ ન કરી શકે, એ સ્વાભાવિક હતું. પરિણામે, એમના માટે સેવાંતર્ગત તાલીમનો પ્રબંધ કરવાનું કામ પણ સોસાયટીએ ઉપાડેલું. આવી સેવાંતર્ગત તાલીમ વ્યવસ્થાનો પ્રારંભ શી રીતે થયો તેની રસપ્રદ વિગત રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીના આત્મકથનમાંથી પ્રાપ્ત થાય છે :

"સન ૧૮૩૫ના શીયાળાની મોસમમાં સદર અદાલતના સરકારી જડજ એટલે જ્યુડીશીઅલ કમીશ્નર જીબરીન સાહેબ ભરૂચમાં આવ્યા. તે વખતે સરકારી નિશાળોની પરીક્ષા લેવાનો અધિકાર સરકારે તેમને સોંપેલો હતો. સાહેબે અમારી નિશાળની પરીક્ષા લીધી તે વખતે છોકરાનું વાંચન - સમજુતી ગણીતકામ વગેરેથી તે રાજી થયો પણ ભરૂચમાં બીજી નિશાળ વડાપાડામાં હતી તે જોવા ગયો, ને ત્યાંના નિશાળીઆઓને ભૂગોળના સવાલ પુછયા કે, પૃથ્વીના કેટલા ખંડ છે. છોકરાથી જવાબ ન દેવાયો એટલે મહેતાજીને પુછયું કે તમે જવાબ ધો. તે બિચારાથી નવ ખંડ બોલાઈ ગયા. એટલે સાહેબ ઘણા નારાજ થયા.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

સરકીટ ફરી આવ્યા પછી સરકારમાં રીપોર્ટ કર્યો કે ગુજરાતના મહેતાજીઓને ભૂગોળ આવડતી નથી, માટે તેનો અભ્યાસ થવા ગોઠવણ થવી જોઇએ. તે પરથી સરકારે હુકમ લખી બધા મહેતાજીઓને મુંબઇ તેડી ત્યાં વ્યાકરણ, ભૂગોળ, બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણમીતિ, ક્ષેત્રફળ, ઘનફળ વગેરે વિષયો શીખવવાની ગોઠવણ કરી. દશ માસ ત્યાં રાખ્યા તેટલી મુદત જીલ્લાઓમાં નિશાળો બંધ પડી."[८५]

આ ઘટનાનું સમર્થન, આ વર્ગ ચલાવનારાઓ પૈકીના એક રણછોડદાસ ગીરધરભાઇના ચરિત્રમાં પણ થયું છે. તેમાં દર્શાવ્યા મુજબ તે મહેતાજીઓને ચડતા પગારે તાલીમ લેવા માટે મોકલવામાં આવેલા એટલું જ નહિ પરંતુ અભ્યાસક્રમને અંતે તેમની પરીક્ષા પણ યોજવામાં આવેલી અને એમાં સફળ થનારને પોતાને મૂળસ્થાને મોકલવામાં આવેલા.[८६]

સરકારી જડજ શ્રી જીબરીનની શાળામુલાકાત અને ભૂગોળ વિશે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપવાની વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની નિષ્ફળતાની ઘટના આમ તો નાની છે, તેમ છતાં શિક્ષણના ઇતિહાસમાં તેનું વિશિષ્ટ સ્થાન છે, કારણ કે શિક્ષક-તાલીમના શ્રી ગણેશ એનાથી થાય છે, એટલું જ નહીં પણ શિક્ષકો માટે ચડતા પગારે તાલીમનો પ્રબંધ કરવો એ સરકારની ફરજ છે, એ વિચારનો અહીં સહુ પ્રથમ વાર સ્વીકાર અને અમલ થયો હોય એમ જણાય છે.

આ હકીકતો પરથી નિષ્પન્ન થાય છે કે શિક્ષણના બે પ્રાણપ્રશ્નો (૧)વિસ્તરણ અને (૨) ગુણવત્તાવિકાસ - અંગે સોસાયટીએ જાગૃતિ દાખવી હતી અને એ માટે આવશ્યક પ્રબંધ કર્યો હતો.

આ સમય દરમ્યાન પોતાની કામગીરી પાર પાડવા માટે સોસાયટી કારોબારી અને ન્યાયતંત્ર ઉભય સાથે સહયોગ સાધીને કામ કરતી એ હકીકત પણ નોંધપાત્ર છે :

"એ નિશાળખાતું સરકારે પ્રથમ દરેક જીલ્લાના કલેકટરોના તાબામાં સોંપેલું, તે બધો વહીવટ કરે, પગાર આપે અને દેખરેખ રાખે. કેટલાક વરસ પછી એવો ઠરાવ કરવામાં આવ્યો કે મુંબઇની સદર અદાલત (એટલે હાલની હાઇકોરટ)ના એક જડજ સરકીટ ઉપર

M. S. UNIVERSITY OF BARODA



નીકળતા. તેમણે એ નિશાળોની વાર્ષિક પરીક્ષા લેવી, એટલે જડજ સાહેબ જ્યારે ગુજરાતમાં પધારે ત્યારે તેમની સાથે રહી (ઇન્સ્પેકટરે) નિશાળોની પરીક્ષા કરવી. તે બાબતોનો રિપોર્ટ તે જડજ સરકારમાં દર વરસે કરતા, એવું સને ૧૮૩૪-૩૫ સુધી કામ ચાલ્યું."૮૭

શૈક્ષણિક વહીવટમાં અનુભવે આવી વ્યવસ્થા કામયાબ નહીં જણાતાં એકાદ દાયકાના અનુભવ પછી એમાં ફેરફાર કરવામાં આવ્યા હોય એમ આમાંથી સ્પષ્ટ રીતે ઉપસી આવે છે, પરંતુ પછીથી કેવા પ્રકારના ફેરફાર કરવામાં આવ્યા તેનું ચિત્ર સ્પષ્ટ ચરિત્રસાહિત્યમાંથી મળતું નથી. વળી, કારોબારીથી શિક્ષણના વહીવટી કાર્યને સ્વતંત્ર દરજ્જો પ્રાપ્ત થયો, એવું પણ સિધ્ધ થતું નથી, કારણ કે ઇ.સ. ૧૮૫૯માં રાજકોટમાં લેવાયેલી કૉલેજ એન્ટ્રન્સ પરીક્ષા પોલિટિકલ એજંટ કરનલ જે. ટી. બાર સાહેબની દેખરેખ હેઠળ લેવાયેલી. એવું પ્રમાણ મૂળચંદ આશારામ શાહના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.

"રાજકોટની અંગ્રેજી શાળામાં આ કૉલેજ એન્ટ્રન્સ પરીક્ષા પ્રથમ પહેલી ઇ.સ. ૧૮૫૯ના આરંભમાં લેવાઇ. મુંબઇથી આવેલા છાપેલા પ્રશ્નપત્રકોના જવાબ ઉમેદવારોએ પોલિટિકલ એજંટ કરનલ જે. ટી. બાર સાહેબની કોઠીએ પોલીસના ચોકી પ્હેરા તળે બેસીને લખ્યા, અને હેડ્માસ્તર સાહેબે દફતરદાર સાહેબની નિગેહબાનીમાં દરેક ઉમેદવારનો જવાબ બરાબર સીલ કરીને મુંબઇ મોકલાવ્યા. પરીક્ષાને એટલું ગૌરવ અપાતું કે તે ચાલતી હતી તે દરમિયાન બાર સાહેબ જાતે આંટો મારી જતા તથા છોકરાઓ અંગ્રેજી વાતચીતમાં કેવા છે તે જાણવાને જાતે તેમની સાથે સવાલજવાબ કરતા."૮૮

ગુજરાતી અધિકારીઓની શકિત, નિષ્ઠા અને પ્રમાણિકતામાં અંગ્રેજોના અવિશ્વાસનું આ પ્રસંગ સમર્થન કરે છે. સમગ્ર ભારતીયજનો માટે પણ આ એટલું જ સાચું હતું.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

(બ) કેળવણીના બોર્ડનું નિર્માણ (ઇ.સ. ૧૮૪૦ થી ઇ.સ. ૧૮૫૪):

દોઢેક દાયકાના આ ગાળામાં શિક્ષણની વહીવટી વ્યવસ્થા અને નીતિમાં કેટલાક સામાન્ય ફેરફારો થયેલા જોવા મળે છે.

આ સમય દરમ્યાન થયેલો સૌથી મહત્ત્વપૂર્ણ ફેરફાર તે અસલની 'The Bombay Native Education and School Book Society ને સ્થાને 'Board of Education' ની રચના અને તેમાં ભારતવાસીઓને મળેલું સમાન પ્રતિનિધિત્વ એ ગણાય. આ હકીકતનો ઉલ્લેખ રા. બ. મોહનલાલ રણછોડલાલ ઝવેરી પોતાના આત્મકથનમાં આ રીતે કરે છે :

> "મુંબઇ તળ તથા જીલ્લામાં સરકારી નિશાળો સ્થાપન થઇ તેનો વહીવટ સરકાર તરફથી The Bombay Native Education Institution નામે સભા ચલાવતી. ઇસવીસન ૧૮૩૯માં એ સભાને મોકુફ કરી Board of Education એવે નામે છ સદ્ગૃહસ્થોની કારોબાર મંડળી નીમી, તેમાં ત્રણ નેટીવ અને ત્રણ યુરોપીઅન હતા. અંગ્રેજી અને દેશી કેળવણી આપવાનાં સરકારી ખાતાનો વહીવટ સરકારે તેમને સોંપ્યો અને તેમના તાબામાં એક પગારદાર યુરોપીઅન સેક્રેટરી નીમ્યો."[૮૯]

આ હકીકતનું સમર્થન રણછોડદાસ ગીરધરભાઇના જન્મચરિત્રમાં પણ થયું છે.

કેળવણીને કારોબારી અને ન્યાયતંત્રથી છૂટી પાડવાની દિશામાં બોર્ડ ઓફ એજ્યુકેશનની રચના એ એક મહત્ત્વનું કદમ હતું એમ કહી શકાય. અલબત્ત હજુય વિદ્યાર્થીઓની પરીક્ષા ન્યાયાધીશ દ્વારા લેવાતી એમ દર્શાવતાં પ્રમાણો પણ ઉપલબ્ધ થાય છે. શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠ 'દુર્ગારામચરિત્ર' ભાગ-૧માં આ પ્રમાણે નોંધે છે :

> "સને ૧૮૪૨માં જડજના વિચાર દેશીઓ વિષે કેવા હતા, એનું મન કેવું નાનું હતું તે સૂચવે એવી એક બીના મારા સાંભળવામાં આવી છે. સુરતની નવી ઇંગ્રેજી સ્કૂલની પરીક્ષા એની રૂબરુ અદાલતમાં થઇ. છોકરાને વંચાવ્યા પછી માસ્તર દાદોબાએ વ્યાકરણ તથા ભુગોળ

M. S. UNIVERSITY OF BARODA



આવી વિગતો પ્રાપ્ત થાય છે :

"સને ૧૮૪૦માં સરકારે કેળવણી ખાતાની એક કારોબારી મંડળી સ્થાપીને પ્રથમની મુંબઇની 'નેટીવ નિશાળ પુસ્તક મંડળી' રદ કરી......એ સભાનું નામે 'બોરડ ઓફ એજ્યુકેશન' આપ્યું એટલે કલેકટરના તાબામાંથી નિશાળોનું કામ કહાડી વડી સરકારે બોરડ ઓફ એજ્યુકેશનને સોંપ્યું.........એ બોરડે નવા નિયમો ઠરાવ્યા- નવી નિશાળો કાઢવાને નિયમ ઠરાવ્યા, નિશાળોમાં ફી દાખલ કરી - એ વગેરે ઘણો ફેરફાર કર્યો. બોરડે ગુજરાતી કેળવણીની સાથે અંગરેજી કેળવણી આપવાની શાળાઓ પણ કાહાડી. સરકાર અમુક રકમ આપે તેમાંથી તથા લોકોની આતુરતા હોય તો તથા મકાન-કંટીજંટ ઠરાવેલી ફી એટલું આપે તો બોરડ ગુજરાતી તથા અંગ્રેજી સ્કૂલો સ્થાપન કરતી. તે બોરડના હાથમાં કારભાર આવ્યાથી કેળવણીનો પ્રસાર વધારે થવા લાગ્યો. પુસ્તકો રચનારને ઉત્તેજન મળવા લાગ્યું એટલે ઇતિહાસ - ભૂગોળ - વ્યાકરણ વગેરે નવાં નવાં પુસ્તકો થઇ બહાર પડવા લાગ્યાં. નકશાનું પુસ્તક તૈયાર થયું એટલે કેળવણીનો પ્રચાર ઘણો થવા લાગ્યો. એટલે વધારે શિક્ષકોનો ખપ લાગ્યો. તેથી મુંબાઇમાં મરાઠી અને ગુજરાતી એવા બે નોરમલ કલાસ કાઢયા. પાંચ રૂપીઆનો પગાર વિધાર્થીઓને સરકારથી મળતો ને રહેવાનું સ્થળ - એ કલાસ સન ૧૮૪૫માં સ્થાપન થયો."[૯૨]

આના પરથી ફલિત થાય છે કે શિક્ષણની વધતી જતી માગ સંતોષવા બોર્ડે બે મહત્ત્વનાં પગલાં લીધાં : (૧) કેળવણીના વિસ્તરણમાં સ્થાનિક લોકફાળાનું તત્ત્વ દાખલ કર્યું અને (૨) વિધાર્થીઓ પાસેથી ફી લેવાનું નિશ્ચિત ધોરણ ઠરાવ્યું. સ્થાનિક જનસમાજના ફાળાની અને વિધાર્થીઓ પાસે ફી પેટે લેવામાં આવતી રકમ ઘણી જૂજ હતી એવી રજૂઆત એ સમય-ગાળા દરમ્યાન પ્રથમ શિક્ષક અને પછી વીઝીટર ઓફ સ્કૂલ્સ તરીકે કેળવણી ખાતામાં સેવાઓ આપતા રા. બ. મોહનલાલ રણછોડદાસ ઝવેરીએ પોતાના આત્મકથનમાં આ રીતે કરી છે :

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

"તે મંડળીએ વિદ્યાવૃદ્ધિ અંગ્રેજી તથા દેશી ભાષામાં કરવા સારૂ નવા નિયમો રચ્યા ને તે પ્રસિદ્ધ કરી ખાસ રાખનારા સ્થળોના લોકો પાસેથી જુજ મદદ લેવા ઠરાવ્યું. દેશી નિશાળોમાં છોકરા દીઠ એક આનો ફી તથા અંગ્રેજીમાં આઠ આના ફી લેતી કરી. બોર્ડના વખત પહેલાં ચોપડીઓ સ્લેટો વગેરે છોકરાઓને સરકાર તરફથી મળતું તે બંધ કરીને બોર્ડે છોકરાઓને તે વેચાતાં લેઇને અભ્યાસ કરવાની ફરજ પાડી."[93]

લોકોની શિક્ષણક્ષુધા પ્રદીપ્ત થતી જતી હતી અને નિશાળો ખોલવા માટેની માગ વધી રહી હતી એવા સંજોગોમાં બોર્ડને આવી નીતિ અખત્યાર કરવી યોગ્ય જણાઇ હશે. જો કે ફીના દર મામૂલી હોવાથી આની કોઇ વિપરીત અસર થવા પામી નહોતી એમ ઉપરનાં પ્રમાણો જોતાં જણાય છે. એથી જ બોર્ડ અંગ્રેજી શાળાઓની સ્થાપના પણ કરી શક્યું. ગુજરાતમાં આવી પ્રથમ અંગ્રેજી શાળા ઇ.સ. ૧૮૪૨માં સુરતમાં શરૂ થઇ.[94]

કેળવણીના વધતા વ્યાપ સાથે પાઠ્યપુસ્તકો પૂરાં પાડવાનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. બોમ્બે નેટીવ એજ્યુકેશન એન્ડ સ્કુલ બુક કમિટીનું એક કાર્ય સ્વયં પાઠ્યપુસ્તકો વગેરે તૈયાર કરાવી પ્રકાશિત કરવાનું હતું. પરંતુ એના સમયમાં શિક્ષણવિકાસ ઝાઝો નહોતો, એટલે તે વિદ્યાર્થીઓની જરૂરિયાતને આસાનીથી પહોંચી શકતું હશે. પરંતુ શિક્ષણ વિસ્તરણ સાથે પાઠ્યપુસ્તક નિર્માણ અને પ્રકાશનનું કામ બોર્ડને કઠિન લાગ્યું હશે. એથી જ કદાચ એણે પુસ્તકોના રચયિતાઓને ઉત્તેજન આપી પાઠ્યપુસ્તકોની વધતી માગને પહોંચી વળવાનો પ્રશ્ન હલ કર્યો હશે એમ જણાય છે. આ નીતિને લીધે કેળવણીનો પ્રચાર વધ્યો એવું પ્રમાણ ઉપરના સંદર્ભ પરથી મળે છે.

કેળવણીના વિસ્તરણ સાથે સંકળાયેલો ત્રીજો મહત્ત્વનો પ્રશ્ન તાલીમ પામેલા શિક્ષકો પૂરા પાડવાનો ગણાય. આ દિશામાંય બોર્ડ પ્રયત્નશીલ હતું. એ જરૂરિયાતને પહોંચી વળવા બોર્ડે ગુજરાતી અને મરાઠી શાળાઓના શિક્ષકો માટે નોરમલ વર્ગો-તાલીમી વર્ગો- ઇ.સ. ૧૮૪૫માં શરૂ કર્યા એટલું જ નહીં પણ એમાં જોડાવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય એ માટે પ્રશિક્ષણાર્થીઓને માસિક

રૂ.૫/-નું સ્ટાઇપેન્ડ અને મફત નિવાસ-વ્યવસ્થા પૂરી પાડવાની પણ પ્રબંધ કર્યો. આ તાલીમ વર્ગો મુંબઇની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં ચાલતા અને ગુજરાતી શાળાનું શિક્ષણ પૂરું કરનારને તેમાં પ્રવેશ અપાતો એ દર્શાવતાં પ્રમાણો અન્યત્ર પ્રાપ્ત થાય છે.

શાળા-નિરીક્ષણ વ્યવસ્થાને સંગીન બનાવવાની દિશામાં પણ બોર્ડે મહત્ત્વની કામગીરી કરી એમ જણાય છે. મુંબઇ ઇલાકામાં આગળ જોયું તેમ શિક્ષણ-સંસ્થાઓનું નિરીક્ષણ હાઇકોર્ટના ન્યાયાધીશ દ્વારા થતું, તેને બદલે બોર્ડે પોતાની આગવી શાળા-નિરીક્ષણ વ્યવસ્થા સર્જી. આ માટે એક ખાસ અધિકારી નીમવામાં આવ્યા. ૧૮૪૦માં ગુજરાત વિભાગ માટે અલગ સુપરીન્ટેન્ડન્ટ ઓફ સ્કુલ્સની નિમણૂક કરવામાં આવી અને તેમને મદદ કરવા ગુજરાત ખાતે એક ઇન્સ્પેક્ટર તેમજ કારકુન પણ નિમાયા.[૯૫] જો કે ૧૮૪૫થી સુપ્રિન્ટેન્ડેન્ટનો ચાર્જ સુરતની અંગ્રેજી શાળાના હેડમાસ્તરને સોંપાયો અને ૧૮૫૨ થી ઇન્સ્પેક્ટરની જગા પણ રદ કરવામાં આવી. આમ કરવાનું કારણ 'દ્રવ્યસંકોચ' હતું, એમ રણછોડદાસ ગીરધરભાઇના જન્મચરિત્રમાં દર્શાવવામાં આવ્યું છે. આ સંજોગોમાં શાળા-નિરીક્ષણ-કાર્યનો તમામ બોજ સુરતની અંગ્રેજી શાળાના હેડમાસ્તર અને તે માટે ખાસ નિમાયેલા કારકુનને શિરે રહેતો.

આ રીતે જોતાં ૧૮૪૦થી ૧૮૫૪ સુધીના ગાળા દરમ્યાન શિક્ષણના વહીવટની મુખ્ય ઘટના તે બોર્ડ ઓફ એજ્યુકેશનની સ્થાપના ગણાય. આ બોર્ડની શિક્ષણ વિષયક નીતિ એકંદરે પ્રગતિશીલ રહી. એના સમયમાં અંગ્રેજી શાળાઓની સ્થાપના થઇ, શાળામાં ફીનું તત્ત્વ દાખલ કરવામાં આવ્યું, શિક્ષણમાં સ્થાનિક ફાળાની પદ્ધતિ દાખલ કરી એમાં લોકરસ જાગ્રત કરવામાં આવ્યો, પાઠ્યપુસ્તક પ્રકાશનમાં ખાનગી સાહસનો સ્વીકાર થયો, કારોબારી અને ન્યાયતંત્રથી શિક્ષણને સ્વતંત્ર કરવાની દિશામાં મક્કમ પગલાં લેવામાં આવ્યાં અને શિક્ષકતાલીમના ક્ષેત્રે પણ ઠીક ઠીક ધ્યાન અપાયું.

M. S. UNIVERSITY OF BARODA



૩.૫ કેળવણી ખાતાની રચના અને વિકાસ (ઇ.સ.૧૮૫૪ થી ઇ.સ.૧૯૨૦):

૧૮૫૪નો વૂડનો ખરીતો ભારતીય કેળવણીના ઇતિહાસની શકવર્તી ઘટના છે. બોર્ડ ઓફ કન્ટ્રોલના પ્રમુખ સર ચાર્લ્સ વૂડના ખરીતા તરીકે જાણીતા થયેલા આ ખરીતાએ, અર્વાચીન ભારતીય કેળવણીની ઇમારતનો શિલાન્યાસ કર્યો. ત્યાર પછીની ભારતીય કેળવણીના ઇતિહાસની ઘટનાઓ બહુધા ઉકત ખરીતામાં કંડારાયેલી રીતિનીતિની નિષ્પત્તિ છે, એમ કહી શકાય.

આ ખરીતા દ્વારા સહુ પ્રથમ વાર ભારત સરકારની શિક્ષણનીતિની સ્પષ્ટતા કરવામાં આવી, કેળવણીનું વર્તમાન માળખું રચાયું, નિરીક્ષણ, નિયંત્રણ તથા માર્ગદર્શન માટેનું વહીવટતંત્ર ઊભું થયું, ગ્રાન્ટ-ઇન-એઇડની પદ્ધતિ દ્વારા બિનસરકારી સાહસનો શિક્ષણના વિકાસમાં સહયોગ પ્રાપ્ત કરવાની વ્યવસ્થિત યોજના ઘડાઇ, યુનિવર્સિટીઓની સ્થાપના દ્વારા ઉચ્ચતર શિક્ષણનો પ્રબંધ કરવાની ઉદ્ઘોષણા થઇ અને શિક્ષક પ્રશિક્ષણ અંગે કાયમી સંસ્થાઓ ઊભી કરવાની આવશ્યકતા પર પણ ભાર મૂકાયો. આમ આ ખરીતો ભારતીય શિક્ષણના ઇતિહાસમાં દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

આ ખરીતાની ઉપર્યુકત જોગવાઇઓ અનુસાર ગુજરાતની કેળવણી પ્રથામાં જે ફેરફારો થયા અને વિકાસ ઘટનાઓ બની તેનું પ્રતિબિંબ ગુજરાતી ચરિત્ર-સાહિત્યમાંથી નીચે મુજબ ઉપસે છે.

<u>કેળવણી ખાતાનું નિર્માણ</u> :- આ સમયગાળા દરમ્યાન થયેલા સૌથી મહત્ત્વના ફેરફારોની નોંધ શિક્ષણખાતાના એક ગુજરાતી કર્મચારી રા. બા. મોહનલાલ રણછોડલાલ ઝવેરી પોતાના આત્મકથનમાં આ રીતે લે છે :

"ઇ.સ. ૧૮૫૪માં કોર્ટ ઓફ ડીરેકટર્સનો ડીસ્પાચ કેળવણી સંબંધી આવ્યાથી ફેરફાર થવાનો પ્રસંગ આવ્યો. બોર્ડ ઓફ એજ્યુકશેન સરકારે બંધ કરી અને મુંબાઇ ઇલાકાને સારૂ ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન તથા પ્રાંતોને સારૂ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તથા જીલ્લાને સારૂ તેના હાથ નીચે વીઝીટર ઓફ સ્કુલ્સ નીમવામાં આવ્યા. ગુજરાત પ્રાંતની નિશાળોના ઉપરી એટલે સુપ્રીન્ટેન્ડન્ટ મી. ગ્રેહામ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

હતા તેની જગા પર જે ઇન્સ્પેકટર ઠર્યા, તેમણે મી. ગ્રેહામ પાસે ચાર્જ લીધો ને એ સાહેબને ગુજરાતના દક્ષિણ વિભાગના એટલે સુરત તથા ભરૂચ જીલ્લાની નિશાળોના વીઝીટરની જગા આપી - હેડમાસ્તરની સાથે એ પણ કામ કરવું પડયું એટલે અસલ મુજબ પગાર કાયમ રહયા. ઉત્તર વિભાગને સારૂ રા. સા. પ્રાણલાલ મથુરદાસ વીઝીટર નીમાયા"[૯૬]

આ રીતે શૈક્ષણિક વહીવટના ક્ષેત્રે આ સમયખંડની સૌથી મહત્ત્વની નોંધનીય ઘટના તે પૂર્વોકત બોર્ડ ઓફ એજયુકેશનને બરખાસ્ત કરી, તેની જગાએ ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન તથા તેમના હાથ નીચે એજયુકેશનલ ઇન્સ્પેકટર અને વીઝીટર ઓફ સ્કુલ્સની નિમણુકો થઇ તે ગણાય. આ ફેરફાર બ્રિટિશ સરકારના અત્યાર સુધીના શિક્ષણના વહીવટી અનુભવો, તેમજ દેશીજનોની કેળવણીમાં તેના વધતા જતા રસનો ધોતક હતો. પૂર્વે નોંધ્યું છે તેમ ૧૮૫૪નો આ પ્રખ્યાત ખતપત્ર શિક્ષણના ઇતિહાસમાં એક મહત્ત્વનો સીમાસ્થંભ છે. એના ધ્વારા શિક્ષણના નિયંત્રણ, નિદર્શન અને નિર્માણની સઘળી જવાબદારી બોર્ડ ઓફ એજયુકેશન જેવી અર્ધસરકારી મંડળીને બદલે સંપૂર્ણતયા સરકારે સ્વીકારી એ ઘણું સૂચક છે. આ જવાબદારીઓનું વહન કરવા માટે 'શિક્ષણખાતા'ની રચના થઇ. તદનુસાર સમગ્ર મુંબઇ ઇલાકાના શિક્ષણના વહીવટની જવાબદારી શિક્ષણના નિયામકને ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશનને સોંપવામાં આવી, અને શૈક્ષણિક નિયંત્રણ, નિર્દેશન અને નિર્માણનાં કાર્યોમાં તેમને સહાયભૂત થવા માટે ચડતાઊતરતા દરજ્જાના અધિકારીઓની નિમણુકો કરવાની પ્રથા શરૂ થઇ. અત્યાર સુધી ગુજરાત પ્રાંતના શિક્ષણના પ્રશાસકીય વડા સુરતની અંગ્રેજી નિશાળના હેડમાસ્તર ગણાતા, જેમણે જૂની વ્યવસ્થા પ્રમાણે 'સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્કૂલ્સ' તરીકેની જવાબદારીઓ પણ નિભાવવાની હતી. હવે, 'સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્કૂલ્સ'ની જગા રદ કરી, ગુજરાત પ્રાંતના શિક્ષણની પ્રશાસકીય જવાબદારીઓના નિભાવ માટે એક સ્વતંત્ર શિક્ષણાધિકારી (એજયુકેશનલ ઇન્સ્પેકટર કે ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેકટર) નીમવામાં આવ્યા અને અને તેમના હાથ નીચે 'વીઝીટર્સ ઓફ સ્કૂલ્સ'ની નિમણુકો નિમણુકો કરવામાં

આવી. ગુજરાતના ઉત્તર અને દક્ષિણ એમ બે વિભાગો પાડી તે પ્રત્યેક માટે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર નીમવામાં આવ્યા. એમની પાસે બે કે તેથી વધુ જિલ્લાની શાળાઓના નિયંત્રણ અને નિર્દેશનની જવાબદારીઓ રાખવામાં આવી. આ રીતે સમગ્ર ઇલાકા માટે ડીરેક્ટર ઑફ એજ્યુકેશન, પ્રાંતો માટે એજ્યુકેશનલ ઇન્સપેક્ટર અને જિલ્લાઓના એકમો માટે 'વીઝીટર્સ ઑફ સ્કૂલ્સ'ની નિમણૂકો કરી, શૈક્ષણિક પ્રશાસનનું એક વ્યવસ્થિત તંત્ર ઊભું કરવામાં આવ્યું. શૈક્ષણિક વિકાસ અને વ્યાપને લીધે વિસ્તરતી જવાબદારીઓના નિભાવ માટે આવી સંગીન તંત્રરચના જરૂરી હતી. શિક્ષણના નિયંત્રણ, નિર્દેશન અને નિરીક્ષણ માટે અત્યારે વિવિધ રાજ્યોમાં શિક્ષણનું જે સંકુલ વહીવટી તંત્ર રચાયું છે, એના શ્રી ગણેશ આમ ઇ.સ. ૧૮૫૪માં મંડાયા. એ દૃષ્ટિએ આ ઘટના શિક્ષણના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પ્રાપ્ત પ્રમાણો પરથી એમ પ્રતીત થાય છે કે શિક્ષણખાતાએ શિક્ષણના વિકાસ અને વિસ્તરણ અંગે 'બોર્ડ ઑફ એજ્યુકેશન'ની નીતિ જ અપનાવી, પરંતુ તેને વધારે સુદૃઢ ભૂમિકા પર મૂકયા. શિક્ષણ ખાતાની એતદ્‌વિષયક કામગીરીઓમાં મુખ્યત્વે નીચેનાંનો સમાવેશ કરી શકાય.

(૧) શાળાઓનું પરીક્ષણ નિયંત્રણ અને નિર્દેશન,

(૨) નવી શાળાઓનું નિર્માણ,

(૩) પાઠયપુસ્તકોનું સર્જન, અને

(૪) શિક્ષક તાલીમ.

ઇ.સ. ૧૮૫૫માં સુરતની અંગ્રેજી સ્કૂલના વડા તેમજ સુરત તથા ભરૂચ જિલ્લાની શાળાઓના વીઝીટર્સ તરીકે નિમાયેલા મોહનલાલ રણછોડદાસ ઝવેરીએ પોતાના આત્મવૃત્તાંતમાં એ હોદ્દાઓ પર રહી પોતે બજાવેલી વિવિધ કામગીરીઓનું જે વર્ણન કર્યું છે, તેના પરથી શિક્ષણખાતાની વિવિધ કામગીરીઓની ઝાંખી થાય છે.

<u>શાળા-ઇન્સ્પેકશન</u> :- શિક્ષણ ખાતાનું સૌથી મહત્ત્વનું કાર્ય વિધમાન શાળાઓનાં શૈક્ષણિક ધોરણોના નિરીક્ષણ, નિયંત્રણ અને નિર્દેશનને ને લગતું રહેતું. આ માટે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરો વખતોવખત શાળાઓની મુલાકાત લેતા. કવચિત્

એજ્યુકેશનલ ઇન્સ્પેકટર પણ શાળાની મુલાકાત લઇ પોતાના તાબામાં આવેલી શાળાઓના શિક્ષકો અને ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરોની કામગીરીઓનું નિરીક્ષણ કરતા. બાળકોની શૈક્ષણિક પ્રગતિમાં કચાશ જણાય તો શિક્ષકના પગારમાં કાપ મૂકવાની સત્તા પણ તેમને હતી. એ સત્તાનો તેઓ કયારેક ઉપયોગ પણ કરતા.[૯૭] જરૂર જણાતાં, શિક્ષકોને તાલીમ માટે મોકલવાની અને બદલી માટે ભલામણ કરવાની પોતાની સત્તાનો ઉપયોગ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરો પણ કરતા.[૯૮]

દક્ષિણ વિભાગના ડેપ્યુટી એજ્યુકેશન ઇન્સ્પેકટર મોહનલાલ રણછોડદાસ ઝવેરી પોતાના આત્મકથનમાં પોતાની શાળાનિરીક્ષણની કામગીરીનો ઉલ્લેખ આ રીતે કરે છે :

"સને ૧૮૫૫ના ડીસેંબરના પાછલા પખવાડીઆમાં મેં મુસાફરીનો આરંભ ભરૂચ જીલ્લાથી જ કર્યો. પ્રથમ જંબુસર તાલુકામાં ગયો. ત્યાંના મામલતદાર ઓછવરામ જીવણરામે મને સારો આશ્રય આપ્યો. મુસાફરીમાં મારી જોડે ઓફીસના બે સીપાઇ તથા ગુલાબદાસ ગોપાળદાસ સુરતના બેગમપરાના રહેવાસી તથા સુરત અંગ્રેજી સ્કુલના બીજા કલાસના વિદ્યાર્થિ અને એક ચાકર હતા. મારા કારકુન જીવણરામ જયાનંદે એક માસની રજા અગાઉથી લીધી હતી તેથી તે સાથે આવી શકયા નહીં."[૯૯]

આના પરથી ફલિત થાય છે કે પોતાના વિસ્તારની શાળાઓના શૈક્ષણિક નિરીક્ષણ, નિયંત્રણ અને નિર્દેશનની જવાબદારી મોટે ભાગે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને શિરે રહેતી. આમ છતાં તેમને વહીવટી કામોમાં સહાયભૂત થવા એક કારકુન આપવામાં આવતો. કવચિત્ કારકુનની ગેરહાજરી દરમ્યાન અંગ્રેજી શાળાના વિદ્યાર્થીની સહાય પણ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરો લેતા હશે, એમ માનવાને અહીં આધાર પ્રાપ્ત થાય છે. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરો પોતાની શાળા મુલાકાતો દરમ્યાન મામલતદારોનો આશ્રય પણ લેતા એ હકીકત ઘણી સૂચક છે. એ બતાવે છે કે રેવન્યુખાતાના કર્મચારીઓ જનસમાજ પર જેટલી પકડ જમાવી શકયા હતા એટલી, શિક્ષણખાતાના અધિકારીઓ નહોતી મેળવી શકયા, અર્થાત્ એમનો પ્રભાવ લોકો પર ઓછો રહેતો.

M. S. UNIVERSITY OF BARODA



વિશાળ વિસ્તારમાં પથરાયેલી છુટી છવાઇ નિશાળો, મુસાફરી માટેનાં અલ્પ અને અતિ પ્રાથમિક સવડો તેમજ દુર્ગમ માર્ગોને કારણે ચોમાસાને બાદ કરતાં વર્ષનો ઘણોખરો સમય ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેકટરોને મુસાફરીમાં ગાળવો રહેતો. આ પરિસ્થિતિની પ્રતીતિ પૂર્વોકત ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેકટરની આત્મકથામાંથી થાય છે :

> "ફેબરવારી સન ૧૮૫૬ની આખર સુધી ભરૂચ જીલ્લામાં ફર્યા પછી સુરત જીલ્લા તરફ ઉતર્યો ને વરસાદ થતાં લગી સુરત જીલ્લાની નિશાળો તપાસી,.........ને ચોમાસામાં હેડ કવાર્ટર, સુરત આવી રહયો. પાછી મુસાફરી ઓકટોબરમાં શરૂ કરી, તે સાલ પુરી થતાં લગી ફેરણીનું કામ જારી રહયું હતું." ૧૦૦

શાળામુલાકાત દરમ્યાન હિસાબ-કિતાબ રાખવા અંગે પણ શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવતું પોતાના કારકુન શિક્ષકોને આ અંગેનું જ્ઞાન આપવા ઠીક જહેમત લેતા, એમ ચરિતનાયક મોહનલાલ રણછોડદાસ ઝવેરી પોતાના આત્મવૃત્તાંતમાં દર્શાવે છે :

> "દફતરના નવા નમુના મી. હોપ° મહેતાજીઓને સારૂ નવા રચેલા તે દાખલ કરવામાં આવ્યા. તેમાં રોજમેળ, ખાતાવહી (બ્લેનના તાલુકા તથા ગામના નમુના મુજબના) હતા, તે મહેતાજીઓને સમજ ન પડવાથી દરેકને શીખવવા તથા તૈયાર કરવા મારા કારકુનને ઘણો જ શ્રમ વેઠવો પડતો." ૧૦૧

અહીં એ હકીકત પણ નોંધપાત્ર છે કે ડેપ્યુટી એજયુકેશનલ ઇન્સ્પેકટરના હોદ્દા પર દેશીજનો - ગુજરાતીઓની નિમણૂકો થવા લાગી હતી. આમ, શિક્ષણના વહીવટમાં દેશીજનોનેય મહત્ત્વનું સ્થાન મળતું થયું, અલબત્ત, વિભાગીય ઇન્સ્પેકટરો અને ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશનના ઉચ્ચ હોદ્દાઓ પર હજુ અંગ્રેજોની જ નિમણૂંક થતી. ઇ.સ. ૧૮૫૫ સુધી સૂરતની અંગ્રેજી નિશાળના હેડમાસ્તર તરીકે પણ અંગ્રેજોની જ નિમણૂકો થયેલી. ગુજરાતની અન્ય અંગ્રેજી નિશાળો માટે ય આ સાચું છે. દેશી જનોની કાર્યક્ષમતા, સન્નિષ્ઠા અને પ્રમાણિકતા વિશેના અંગ્રેજ પ્રજાના પૂર્વગ્રહમાં આ શિરસ્તાનાં મૂળ રહેલાં હતાં. પરંતુ ધીમે ધીમે મહત્ત્વનાં વહીવટી

° મિ. ટી. સી. હોપ (પાછળથી સર), ઉત્તર વિભાગના-ગુજરાતના એજયુકેશનલ ઇન્સ્પેકટર તે સમયે હતા.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

સ્થાનો પર દેશીજનોને સ્થાન મળતાં થયાં હતાં. ગુજરાતમાં અંગ્રેજી પદ્ધતિની કેળવણીના પ્રચાર અને પ્રસારમાં ગુજરાતી અધિકારીઓ જ ઝડપથી સફળ થઇ શકે, એ ખ્યાલ વિચક્ષણ અંગ્રેજ પ્રજાના ધ્યાન બહાર નહોતો, એમ કહી શકાય.

શાળાઓનું વિસ્તરણ :- ૧૮૫૪ના ખતપત્ર પછી રચાયેલા કેળવણીખાતાએ પણ શિક્ષણ સુવિધાઓના વિસ્તરણની બોર્ડ ઑફ એજ્યુકેશનની નીતિ જારી રાખી. એ મુજબ નવી નિશાળો સ્થાપવા માટે સ્થાનિક લોકફાળો આવશ્યક રહેતો. નવી નિશાળોની સ્થાપના માટે લોકોને તૈયાર કરવાનું કામ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરોને શિરે હતું અને એમાં મામલતદારો તથા કલેકટરો પણ સહાયભૂત થાય એવી ગોઠવણ કરવામાં આવી હતી. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તરીકેના પોતાના અનુભવોનું વર્ણન કરતાં, રા. બ. મોહનલાલ રણછોડલાલ ઝવેરી પોતાના આત્મચરિતમાં આ જવાબદારીનું આ રીતે નિરૂપણ કરે છે :

> "જંબુસર પરગણામાં ભેત્રણ ગામોમાં નવી નિશાળો સ્થાપન કરવાની ગોઠવણ કરી હતી.........વળી, કસબા સીવાય બીજા ગામોમાં પણ ગામઠી (પ્રાથમિક) નિશાળો ન હતી, એટલે પરીક્ષા લેવાનું કામ ઝાઝું ન હતું. માત્ર લોકોને ઉપદેશ કરી નવી નિશાળો સ્થાપન કરવાનું મુશ્કેલ કામ કરવાનું હતું.........તેની સાથે સરકારના સરક્યુલર કે મહેતાજીનો અડધો પગાર કંટીજંટ - ઘરભાડું લોકોએ આપવાં, તેની કબુલાત લોકો પાસે લખાવી લેવી તથા પાંચ વર્ષ લગી તે પ્રમાણે વર્તવું, એટલી કબુલત બસ ન ધારીને બીજી હકીકત એવી ઘાલેલી કે લોકો એ પ્રમાણે ચાલશે એવી બાંહેધરીની ગામના મુખીઓ એટલે પાંચ અગર સાત સદ્ગૃહસ્થોએ બીજી કબુલત લેવી, એવી રીતે કામ કરી લોકોનાં મન સંપાદન કરવાં તે ઘણું જ અઘરૂં પડતું. ઉપરી તરફથી નિરંતર ઉઘરાણી જારી કે કેટલી નિશાળો સ્થાપન કરી. એવા કષ્ટમાં મન નિરંતર ચિંતાગ્રસ્ત રહેતું. ઇ.સ. ૧૮૫૬ના મેમાં ઓફીશીયલ વરસ બદલાયું ત્યાર પહેલાં ઘણી જ થોડી નિશાળો સ્થાપન થઇ શકી હતી. જેથી એજ્યુકેશન ઇન્સ્પેકટરની ઉઘરાણી એ બાબતમાં મારા પર હતી

તેવી જ મામલતદારો પર તથા કલેકટરો પર પણ જારી હોવાથી તથા પોતાના જાતી શ્રમથી આશરે વીસેક નિશાળ મારા વિભાગમાં નીકળી હતી." [૧૦૨]

આના પરથી ફલિત થાય છે, કે ૧૮૫૪ના કેળવણીખાતાની રચના પછી, શિક્ષણ-સુવિધાઓના વિસ્તરણમાં સરકારનો રસ વધુ તીવ્ર બન્યો. જે ગામના લોકો શાળા માટેના મકાનની વ્યવસ્થા કરવાની અને શિક્ષકોનો અડધો પગાર આપવાની જવાબદારી સ્વીકારે તેવાં ગામોમાં શાળાઓ સ્થાપવાની અને એ માટે લોકોને જાગૃત કરવાની નીતિ સરકારે અપનાવી. ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી મકાન વ્યવસ્થા અને શિક્ષકોના અડધા પગારો પૂરા પાડવાની બાંહેધરી આપે એવાં ગામોમાં જ શાળાઓ શરૂ કરવાનું સરકારે નક્કી કર્યું હતું. ગ્રામવિસ્તારોમાં લોકજાગૃતિ ઓછી હતી અને નવી નિશાળો સ્થાપન કરવા અંગે પૂર્વે જણાવ્યા તેવા બીજા ય કેટલાક અવરોધો હતા, તેથી નવી સરકારી શાળાઓ ખોલવાનું કામ ઘણું કપરું હતું. તેમ છતાંય સંનિષ્ઠ દેશી અધિકારીઓના અવિરત પ્રયત્નોથી અને અંગ્રેજી ભણેલાને પ્રાપ્ત થતી નોકરીઓને લીધે વધતી જતી લોકમાગને કારણે નિશાળો ઠીક ઠીક પ્રમાણમાં સ્થપાયે જતી હતી. જેમ જેમ નિશાળોની સંખ્યામાં વૃદ્ધિ થતી જાય તેમ તેમ ડેપ્યુટી ઇન્સ્પેક્ટરોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવતો હતો. [103] એના પરથી એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે સરકારની અનુદાન પદ્ધતિ શિક્ષણના વિકાસ માટે એકંદરે સફળ પૂરવાર થઇ હતી. નિશાળોમાં થતા વધારા સાથે સરકાર શિક્ષણના નિરીક્ષણ, નિયંત્રણ અને નિર્દેશનકાર્યનો પણ પૂરતો પ્રબંધ કરી, ગુણવત્તાની જાળવણી માટે પણ એટલી જ સજાગ રહી હતી.

<u>પાઠયપુસ્તકોનું નિર્માણ</u> :- શિક્ષણસંસ્થાઓ અને વિદ્યાર્થી-સંખ્યાના વિસ્તરણ સાથે એમને માટે સારાં પાઠયપુસ્તકો અને પૂરક વાચન સાહિત્ય તૈયાર કરવાની જવાબદારી પણ બોર્ડ ઑફ એજ્યુકેશનની જેમ નવા રચાયેલા કેળવણીખાતાએ સ્વીકારી હતી. આ કાર્ય માટે ઇ.સ.૧૮૫૮માં એક ખાસ સમિતિ નીમવામાં આવી હતી, જેમાં વિદ્વાન સાહિત્યકારોનો સમાવેશ કરવામાં આવેલો. મહીપતરામ કે જે એ સમિતિના એક સભ્ય હતા, તેમના જીવનચરિત્રમાં આ હકીકતની નોંધ આ પ્રમાણે લેવાઇ છે :

HANSA MEHTA LIBRARY 151
P/Th 2967

"અંગ્રેજ સરકારે ગુજરાતી તથા અંગ્રેજી ભણાવવાને માટે શાળાઓ સ્થાપી,
પરંતુ તે સમયમાં વાચન યોગ્ય સારાં સારાં પુસ્તકો હતાં નહિ.
પુસ્તકોની ખોટ પોતાના ઉપરી અધિકારીઓને જણાવા લાગી, ને
તેથી સારા સારા લેખકોને હાથે લખાયેલી વાચનમાળા પ્રસિદ્ધ
કરવામાં આવે તો બાલકોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય એવો વિચાર
શાળા ખાતાના અધિકારીઓને થયો, ને તે સને ૧૮૫૮માં અમલમાં
મુકાયો. તરત જ એક સમિતિ નીમવામાં આવી ને તેમાં મહીપતરામને
પણ સામીલ કરવામાં આવ્યા........એ માળામાં લખનારા બધા
વિદ્વાન અને સાહિત્ય રસિક હતા." [૧૦૪]

ગુજરાતી શાળાઓ માટેનાં પાઠયપુસ્તકોના નિર્માણની આ પ્રક્રિયામાં કેટલાક ગુજરાતી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરોનો સાથ પણ લેવામાં આવેલો. આ રીતે ડેપ્યુટી એજ્યુકેશન ઇન્સ્પેકટર મહીપતરામ અને મોહનલાલના જિલ્લાઓનો ચાર્જ અન્ય ઇન્સ્પેકટરોને સોંપી તેમને 'બુક કમિટી'માં વાચનમાળાઓ તૈયાર કરવાના કાર્યમાં જોડેલા.[૧૦૫] પાઠયપુસ્તક - નિર્માણનું આ કાર્ય કેટલી જહેમત અને કાળજી માગી લેતું તેનું વર્ણન ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર અને બુકકમિટીના સભ્ય શ્રી મોહનલાલ રણછોડદાસ ઝવેરી પોતાના 'આત્મકથન'માં આ રીતે કરે છે:

"આ કામમાં હોપ સાહેબનો જાતી શ્રમ અથાગ હતો. ગુજરાતી વાચનમાળા
પાઠ તૈયાર કરવાને સારૂ ઈંગ્લાંડમાં તથા હિંદુસ્તાનમાં ચાલતી
અંગ્રેજી સ્કુલ વાચનમાળાઓનાં પુસ્તકો ભેગાં કર્યાં હતાં, તેમાંથી તે
નિશાન કરે તે મુજબ સારી સાદી ભાષામાં ગુજરાતી પાઠો તૈયાર
કરવા અમને બે જણને ફરમાવતા, તે પાઠ તૈયાર કરી અમે બુક
કમીટીમાં અમારા પ્રેસીડેંટ રાવસાહેબ ભોગીલાલ આગળ વાંચી જતા ને
તેમની સુચના મુજબ ભાષામાં કે બાબતમાં જે સુધારો કરવો ઘટારત
હોય તે કરતા. કમીટીમાં મંજુર થયા પછી તે પાઠ હોપ સાહેબ
જાતે વાંચી જોતા ને તેમાં કાંઇ ફેરફાર જેવું હોય તો તે પાઠ
બનાવનારને બતલાવી વધારો ઘટાડો કરવો પડે તે કરીને તેની
સારૂ નકલ ઉતારવા બુક કમીટીના કારકુનને આપતા. દરરોજ

M. S. UNIVERSITY OF BARODA



એ પ્રમાણે અમારે સવારના દશથી તે પાછલા પોહોરના પાંચ લગી કામ કરવું પડતું. ફકત પેહેલી ચોપડી તૈયાર કરવાને મહીપતરામ અને હોપ સાહેબ, એમને અઢી માસ કરતાં ઓછી મુદત લાગી ન હોતી." [૧૦૬]

આમ, કેળવણીખાતાએ બાળકો માટે સારાં પાઠ્યપુસ્તકોના નિર્માણનું મહત્ત્વ પ્રારંભથી જ પીછાન્યું, એટલું જ નહિ પરંતુ ખૂબ જ કાળજીપૂર્વક એનું નિર્માણ કરવાનું કાર્ય પણ ઉપાડ્યું. આ વાચનમાળાઓ 'હોપ વાચનમાળાઓ' તરીકે જાણીતી થયેલી જેમાં સામાન્યજ્ઞાન, નીતિ, ઈતિહાસ, ભૂગોળ, વનસ્પતિ, પ્રાણી આદિ સંબંધીના પાઠો અને કવિતાઓનો પણ સમાવેશ કરવામાં આવેલો. [૧૦૭] એ પાઠ્યપુસ્તકોની જોડણી માટે પણ સરકારે અમુક નિયમો પ્રસિદ્ધ કરેલા. [૧૦૮] ઈ.સ. ૧૮૬૫માં સરકારે 'ભાષાંતર-ખાતા'ની સ્થાપના કરીને, જુદા જુદા વિષયો પર લખાયેલાં અંગ્રેજી પુસ્તકોનો વિદ્વાન લેખકો દ્વારા અનુવાદ કરાવી, તેને શાળાઓના ઉપયોગ માટે પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ પણ સ્વીકાર્યો. [૧૦૯]

કેળવણીના વિકાસ સાથે ખાનગી લેખકો દ્વારા પણ પુસ્તકો લખાવાં માંડયાં અને તેને શાળાઓમાં દાખલ કરવા માટેની માગણીઓ થવા લાગી. સરકારે આ માટે એક પુસ્તક પરીક્ષક સમિતિની પણ નિમણૂક કરી, પ્રારંભથી જ બાળકો - વિદ્યાર્થીઓના હાથમાં સુયોગ્ય સાહિત્ય જ પહોંચે એવી પ્રથા વિકસાવી હતી :

"કેળવણીનો પ્રચાર જેમ જેમ વધતો ગયો તેમ તેમ લોકો તરફથી સ્વતંત્ર પુસ્તકો પણ લખાવા લાગ્યાં. એમાંનાં કેટલાંક શાળાઓમાં પાઠ્યપુસ્તકો તરીકે વાપરી શકાય તેવા ઉદ્દેશથી લખાતાં હતાં, પરંતુ તેઓને શાળામાં ચલાવવાની મંજુરી સરકાર તરફથી મળે નહિ ત્યાં સુધી તેઓનો ઉપયોગ શાળાઓમાં લેઈ શકાતો નહિ. એવાં પુસ્તકોને પાઠ્યપુસ્તકો તરીકે વાપરવાની મંજુરી માગનારી અરજીઓ એ પુસ્તકોના પ્રસિદ્ધકર્તાઓ તરફથી સરકારને થવાથી સરકારે તેના મંત્રી મહીપતરામને નીમ્યા. એ સમિતિ મંત્રી ઉપરાંત કેટલાક સભ્યોની બનેલી હતી. સમિતિના સભ્યોનું તથા તુ તેના મંત્રીનું કર્તવ્ય પ્રસિદ્ધ થયેલાં અને ઇનામ, પુસ્તકાલય તથા

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

પાઠ્યપુસ્તકને માટે મંજૂર થવા આવેલાં પુસ્તકો કયા કયા વિભાગને માટે યોગ્ય છે તે જોઇ જઇ પોતપોતાના અભિપ્રાય આપવાનું હતું. આ એક પ્રકારની પુસ્તક પરીક્ષક સમિતિ હતી." [૧૧૦]

આ રીતે કેળવણીખાતાએ પાઠ્યપુસ્તક નિર્માણની સીધી જવાબદારી સ્વીકારી, તેની સાથે સાથે ખાનગી લેખકો - પ્રકાશકો તરફથી આવતાં પુસ્તકોની યોગ્યતા ચકાસી વિવિધ હેતુઓ માટે તેમને માન્યતા આપવાની પદ્ધતિ પણ વિકસાવી.

શિક્ષકતાલીમ :- શિક્ષકતાલીમ અંગે પણ કેળવણી ખાતું હવે વધારે અસરકારક પગલાં લેતું થયું હતું. બોર્ડ ઓફ એજ્યુકેશનના વખતમાં નવી સ્થપાતી શાળાઓ માટે શિક્ષકોને સુસજ્જ કરવાનો અને ચાલુ નોકરીવાળા શિક્ષકોને સેવાંતર્ગત તાલીમ આપવાનો પ્રબંધ કામચલાઉ ધોરણે મુંબઇમાં થતો એની નોંધ અગાઉ લેવાઇ ગઇ છે. પરંતુ કેળવણીખાતાની રચના પછી તાલીમ પામેલા શિક્ષકોની વધતી જતી માગનો પ્રશ્ન કાયમી ધોરણે હળવો કરવા કેળવણી ખાતા તરફથી અમદાવાદમાં પુરુષો માટે ગુજરાતની પ્રથમ પ્રશિક્ષણ કોલેજ સ્થાપવામાં આવી. આ કોલેજ અત્યારે પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનીંગ કોલેજ તરીકે ઓળખાય છે. એ જમાનામાં 'પુરુષ શિક્ષણ પદ્ધતિ પાઠશાળા'[૧૧૧] તરીકે ઓળખાતી આ સંસ્થાનું નિશ્ચિત સ્થાપના વર્ષ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતું નથી, પરંતુ ઇ.સ. ૧૮૫૮માં રચાયેલી 'બુક કમિટી' ની મીટીંગો તેના મકાનમાં મળતી એવો નિર્દેશ રા. બ. મોહનલાલ રણછોડદાસ ઝવેરીના આત્મકથનમાંથી પ્રાપ્ત થાય છે.[૧૧૨] એના પરથી એ પ્રશિક્ષણ વિદ્યાલયની સ્થાપના કેળવણીખાતાની રચના પછી ટૂંક સમયમાં જ (૧૮૫૪-૫૮) થઇ હશે, એવું અનુમાન પ્રાપ્ત થાય છે. વળી આ કોલેજમાં શિક્ષક-તાલીમનું સંગીન કામ થઇ શકે, એ માટે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મહીપતરામને ઇ.સ. ૧૮૬૦માં ઇંગ્લાંડમાં ત્યાંની નોર્મલ સ્કૂલોના અભ્યાસાર્થે સરકાર તરફથી મોકલવામાં આવેલા.

"એક દિવસ (કેળવણી-ખાતાના ગુજરાત વિભાગના ઇન્સ્પેક્ટર) હોપ સાહેબે મહીપતરામ આગળ ઇંગ્લાંડની નોર્મલ સ્કૂલ સંબંધી વાત કરીને કહ્યું કે "ત્યાંનો સુધારો અહીં આણવો જોઇએ. નિશાળો ચલાવનારા મહેતાજી કેળવાયેલા ન હોય ત્યાં લગી કેળવણી આપવાનું

કામ સારું ચાલી શકે નહિ માટે તમે ત્યાં જઈને ભણાવવાની
યુક્તિઓ શીખી આવો. તમારા ખર્ચનો બંદોબસ્ત હું કરીશ"...
મહીપતરામે આ બીડું ઝડપ્યું. આ હિમ્મતને લીધે સરદાર ભોળાનાથે
એમને 'હિમ્મત બહાદુર'નો ઈલ્કાબ આપ્યો છે તે યોગ્ય જ છે."[113]

અહીં અંગ્રેજ શિક્ષણ અધિકારીઓની પોતાના માદરે વતનની શિક્ષણપદ્ધતિને આદર્શ માની, તે પ્રમાણે ભારતની શિક્ષણપદ્ધતિઓ ઘડવાનું વલણ અને નીતિનો સંકેત પ્રાપ્ત થાય છે.

મહીપતરામ ઈંગ્લેંડ જઈ ત્યાંની નોર્મલ સ્કૂલોના શિક્ષણક્રમ, શિક્ષણ-પદ્ધતિઓ વગેરેનો અભ્યાસ કરી ૧૮૬૧ના એપ્રિલ માસમાં સ્વદેશ આવ્યા.[114] ૧૮૬૨માં એમની નિમણૂક ઉક્ત પુરુષ શિક્ષણ-પદ્ધતિ પાઠશાળાના મુખ્ય અધ્યાપક તરીકે થઈ.[115] એ સમયથી છેક ૧૮૯૧ સુધી એટલે કે નિધનપર્યંત તે એ હોદ્દા પર કાયમ રહ્યા હતા.

મહીપતરામના વિદેશગમનનો આ આખો ય પ્રસંગ ગુજરાતના શિક્ષણના અને તેમાંય વિશેષતઃ શિક્ષક-તાલીમના ઈતિહાસમાં સીમાસ્થંભરૂપ છે. વિદ્યાભ્યાસ માટે વિદેશે જવાનો અને તેમાંય શિક્ષક-તાલીમના અભ્યાસાર્થે વિદેશ જવાનો કદાચ એ ગુજરાતનો સૌ પ્રથમ પ્રસંગ છે. આ પ્રસંગ પરથી કેળવણીખાતાના અધિકારીઓ શિક્ષકતાલીમને સંગીન પાયા પર મૂકવા કેટલા આતુર હતા, તે પણ જણાઈ આવે છે. દરિયો ઓળંગવો એ મહાપાપ છે એમ માનતા રૂઢિચુસ્ત ગુજરાતી સમાજની તત્કાલીન અંધશ્રદ્ધાઓ પર આ પ્રકારનો આ પ્રથમ પ્રહાર હતો અને તેણે સારાય ગુજરાતના સામાજિક, ધાર્મિક જીવનમાં ભારે હલચલ મચાવી હતી... પરંતુ એની વિસ્તૃત ચર્ચા અત્રે અસ્થાને છે. અહીં તો એટલું જ નોંધવું બસ થશે કે વિદ્યાભ્યાસ માટે વિદેશગમનના દ્વાર આ રીતે કેળવણી-ખાતાના એક અંગ્રેજ અધિકારીની પ્રેરણાથી એક ગુજરાતી શિક્ષકે ખોલ્યા. પુરુષ શિક્ષણ-પદ્ધતિ પાઠશાળાની સ્થાપના પછી, મહીપતરામ અને અન્ય સ્ત્રીહિતચિંતકોના પ્રયાસોને પરિણામે ૧૮૭૪માં, કેળવણી ખાતાએ કન્યાકેળવણીને વેગ આપવા સ્ત્રીઓ માટે પણ 'મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજ'ની સ્થાપના કરી.[116]

આમ કેળવણી-ખાતાની રચના પછી ગુજરાતમાં પ્રાથમિક શાળાના શિક્ષક -

-શિક્ષિકાઓની તાલીમ માટે કોલેજો સ્થાપવાનો પ્રવાહ શરૂ થયો.

કેળવણી-ખાતાના કેટલાક અંગ્રેજ ઇન્સ્પેક્ટરો શિક્ષક-તાલીમ માટે ઘણા જાગૃત હતા અને તેમના હાથ નીચેના ડેપ્યુટી ઇન્સ્પેક્ટરોને પણ તાલીમ આપવાનો પ્રબંધ કરતા. આવો પ્રબંધ પાઠયપુસ્તકોના નિર્માણ વખતે ઇ.સ.૧૮૫૮-૫૯માં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સર ટી. સી. હોપે કરેલો.[૧૧૭] આ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરો તેમના તાબાની નિશાળોના શિક્ષકોને પોતે પ્રાપ્ત કરેલું જ્ઞાન અને - પધ્ધતિઓથી અભિમુખ કરે એવી કેળવણી ખાતાની અભીપ્સા રહેતી :

"સન ૧૮૬૦ના વર્ષમાં એવો હુકમ થયો હતો કે ડેપ્યુટી ઇન્સ્પેક્ટરોએ નવી નિશાળ પધ્ધતિ વિશે જે જ્ઞાન મેળવ્યું છે તે જ્ઞાન પોતાના તાબાના હુશીઆર મેહતાજીઓને એક સ્થળે એકઠા કરી ભાષણને રૂપે આપવું તથા કથિત પાઠ કેમ આપવા, તેનો પણ અભ્યાસ કરાવવો. તે મુજબ મેં નવસારી મુકામે આશરે પંદર મહેતાજીઓને બોલાવી પંદર વીશ દિવસ સુધી ભાષણો આપ્યાં તથા સામાન્ય જ્ઞાન વગેરે વિષયો કથિત પાઠ આપી શીખવવાનો મહાવરો પાડયો."[૧૧૮]

આમ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરો ધ્વારા શાળામાં કામ કરી રહેલા શિક્ષકોને માટે પણ સેવાંતર્ગત તાલીમ વ્યવસ્થા સર્જવા કેળવણી-ખાતાએ સહૃદયી પ્રયત્નો કર્યા હતા, એમ કહી શકાય. કથિત પાઠ આપવાની પરંપરા પણ આજ સમયથી શરૂ થઇ હશે.

વળી શાળાઓમાં કામ કરી રહેલા શિક્ષકોને પણ શિક્ષણના શાસ્ત્રીય સિધ્ધાંતો અને વ્યવહારોનું જ્ઞાન પ્રાપ્ત થાય, એ માટે શાળાખાતાના ઉપરી અધિકારીઓની મંજૂરી મેળવી મહીપતરામે 'ગુજરાત શાળાપત્ર' નામના સૌ પ્રથમ શિક્ષણસામયિક (માસિક) નું પ્રકાશન કરવાનું કામ હાથ પર લીધું હતું. આ સામયિક આજેય 'જીવન શિક્ષણ'નું નવું નામાભિધાન પામી અમદાવાદથી રાજ્ય શિક્ષણ ભવન (ગુજરાત રાજ્ય) ધ્વારા પ્રકાશિત થઇ રહ્યું છે. તેના લગભગ ૧૧૩ વર્ષોના સમયમાં આજ સુધીમાં તેરસો જેટલા અંકો પ્રકાશિત થયા છે. અર્વાચીન પધ્ધતિની કેળવણીના પ્રારંભકાળમાં આ સામયિકે ગુજરાતની પ્રાથમિક શિક્ષક આલમની ઉત્કૃષ્ટ

M. S. UNIVERSITY OF BARODA



સેવા કરી છે અને હજુ આજેય કરી રહ્યું છે.

આમ, શિક્ષક-તાલીમ અંગેય કેળવણીખાતાની રચના પછી ઘણું સંગીન કામ થઇ શકયું છે, એ હકીકત સ્પષ્ટપણે જણાઇ આવે છે.

ઇ.સ. ૧૮૫૪ના વૂડના ખરીતાએ કેળવણી-ખાતાની માંડણી કરી, નવી કેળવણીની નીતિ કંડારી અને શૈક્ષણિક વિકાસ માટેની યોગ્ય ભૂમિકાનું નિર્માણ કર્યું. ગુજરાતની કેળવણી પર તેની કેવી અસરો થઇ, તેની સમીક્ષા ચરિત્ર સાહિત્યને આધારે ઉપર કરવામાં આવી છે. ઓછેવધતે અંશે સમગ્ર બ્રિટિશ શાસનપર્યંત, આ ખરીતાએ માંડેલી મૂળભૂત નીતિ અનુસાર કેળવણીની વિકાસ ઘટનાઓ સકાર થતી રહી. પરંતુ બ્રિટિશ સરકારની બદલાતી રાજનીતિ અને એણે વારંવાર નીમેલાં શિક્ષણપંચોની ભલામણોને લીધે શિક્ષણના વહીવટમાં જે પરિવર્તનો આવ્યાં અને ગુજરાતના શૈક્ષણિક વિકાસ પર તેની જે અસરો થઇ, તેની સંગીન વિગતો ચરિત્ર-સાહિત્યમાંથી પ્રાપ્ત થતી નથી. એથી સંશોધકે મુખ્યત્વે ઇ.સ. ૧૮૮૫થી ઇ.સ. ૧૯૨૦ સુધીમાં શિક્ષણના વહીવટના ક્ષેત્રે આવેલાં મુખ્ય પરિવર્તનો અને તેની ગુજરાતના શૈક્ષણિક વિકાસ પર થયેલી અસરોનું નિરૂપણ કરવામાં ચરિત્રસાહિત્ય ઉપરાંત બીજા કેટલાક આધારભૂત ગ્રંથોનો પણ ઉપયોગ કર્યો છે.

ઇ.સ. ૧૮૫૪ના ખરીતા અનુસાર શિક્ષણ-નીતિની માંડણી થઇ, પ્રાંતોમાં કેળવણી ખાતાં રચાયાં, કેટલાંક શૈક્ષણિક નવપ્રસ્થાનો શરૂ થયાં એ બધું ખરું, પરંતુ એથી બ્રિટિશ પદ્ધતિની કેળવણીનો ખૂબ ઝડપથી વિસ્તાર વધ્યો, એમ માનવાને કારણ નથી. આ પ્રાંતીય કેળવણી-ખાતાંઓ, વાસ્તવમાં લૉર્ડ મેયોની વિકેન્દ્રીકરણની નીતિ અનુસાર પ્રાંતિક સત્તા હેઠળ મૂકાયાં તે પહેલાં તો તે કેન્દ્ર સરકારની શિક્ષણનીતિ, યોજનાઓ અને આદર્શોનો અમલ કરનાર 'મધ્યસ્થીઓ' જ બની રહયાં હતાં. મુકરજી નોંધે છે કે "ઇ.સ. ૧૮૧૩થી ૧૮૭૦ દરમિયાન, કેળવણી માટેની તમામ જવાબદારી ભારત સરકારને હસ્તક હોવા છતાં કેળવણીના વહીવટની દૃષ્ટિએ તેનો રસ ગૌણ હતો."[૧૧૯] શ્રી દેસાઇ પણ ઇ.સ. ૧૮૫૪થી ઇ.સ. ૧૮૭૦ના સમયને ભારતના શૈક્ષણિક ઇતિહાસમાં કેન્દ્ર સરકારના 'જલદ વર્ચસ્વ'નો સમય ગણે છે.[૧૨૦] કેન્દ્રના વર્ચસ્વવાળા આ સમયમાં ૧૮૫૪ના ખરીતામાં કંડારાયેલી નીતિ ગુજરાતમાં શિક્ષણની પ્રગતિને વેગ આપવામાં જોઇએ તેવી ને તેટલી ફળીભૂત

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

થઇ નહોતી, એવું કેટલાક વિદ્વાનોનું અવલોકન છે. પારેખ નોંધે છે તેમ આ નીતિ "પૈસાની તંગાશને લઇને પ્રાથમિક કેળવણીનો વિસ્તાર વધારવામાં નિષ્ફળ નિવડી હતી, તેમજ માધ્યમિક શાળાઓ પાસે ગ્રાન્ટની બાબતમાં સખ્ત અને ઉંચા ધોરણની માગણી કર્યાથી, તેમાં પણ પ્રગતિ સાધી શકાઇ નહોતી."[૫૨૧]

ઇ.સ. ૧૮૭૦માં પ્રાંત સરકારોને, લૉર્ડ મેયોના વિકેન્દ્રીકરણના ઠરાવ અનુસાર પોતાના વિસ્તારોમાં કેળવણીના વહીવટની રીતરસમોનું નિર્માણ કરવાની, શિક્ષણના વિસ્તરણ અને સુધારણા માટેની યોજનાઓ ઘડવાની વગેરે જેવી કેટલીક સત્તાઓ પ્રાપ્ત થઇ. પરંતુ હજુય તેણે કેન્દ્ર સરકારે આંકેલી મર્યાદાઓમાં રહીને જ કામ કરવાનું હતું. ઇ.સ.૧૯૧૬માં મુંબઇની ધારાસભામાં વિઠ્ઠલભાઇ પટેલનો ફરજિયાત શિક્ષણનો ખરડો દાખલ કરાયો ત્યારે 'હિન્દ સરકારે ૧૯૧૩ના કેળવણી વિષયક ઠરાવથી આંકેલી ચોક્કસ નીતિની આડે પ્રાંતિક સરકાર આવી શકે નહીં' એવી ક્ષુલ્લક દલીલ કરીને તેને ઉડાડી મૂકવામાં આવેલો.[૫૨૨] આ જ ખરડો પુનઃ ૧૯૧૭માં ધારાસભામાં દાખલ કરવાની અનુમતિ આપતાં ભારત સરકારે એની કોઇ કલમ પ્રાંતીય મહેસૂલની આમદાની પર ખર્ચનો બોજ ઉપાડવાની કોઇ જવાબદારી ન લાદે, એ માટે પૂરતી જોગવાઇ કરવાનો મુંબઇ સરકારને અનુરોધ કરેલો.[૫૨૩] આ ઉદાહરણો પરથી ૧૮૭૦ના વિકેન્દ્રીકરણ પછીય શૈક્ષણિક પ્રશાસનમાં પ્રાંત સરકારો પર કેન્દ્રની પકડ કેટલી મજબૂત હતી, તેની ઝાંખી થાય છે. આ પરિસ્થિતિ ૧૯૧૯માં મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ યોજના અનુસાર, પ્રાંતિક સ્વરાજ્યની યોજના હેઠળ દ્વિમુખી શાસન-પદ્ધતિનો અમલ થયો ત્યાં સુધી ચાલુ રહી.

શિક્ષણના વહીવટમાં સ્થાનિક સત્તા-મંડળો (મ્યુનિસિપાલિટીઓ, લોકલબોર્ડ વ.) અને ખાનગી સાહસનો પ્રવેશ શી રીતે થયો અને કેળવણીના વિકાસ પર તેની શી અસરો થઇ તેનીય નોંધ અહીં ટૂંકમાં લેવી ઘટે. ઇ.સ. ૧૮૮૨માં નિમાયેલા ભારતીય શિક્ષણપંચે કેન્દ્ર સરકારને મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણની જવાબદારી ઉપાડવાની અને તેના વહીવટમાં સ્થાનિક સત્તામંડળોને સામેલ કરવાની ભલામણ કરી હતી. શિક્ષણ પંચે જિલ્લા દીઠ એક આદર્શ માધ્યમિક શાળા અને કોલેજનું સંચાલન કરી, માધ્યમિક અને ઉચ્ચતર કેળવણીના સંચાલનમાં પચાસ ટકા અનુદાનની પદ્ધતિ

અપનાવી, ખાનગી સાહસને પ્રોત્સાહન આપવાની નીતિ અપનાવવાની અનુરોધ પણ કરેલો.

ઉક્ત ભલામણ અનુસાર, મુંબઇ પ્રાંતમાં ઇ.સ. ૧૮૮૫માં પ્રાથમિક કેળવણીનો વહીવટ મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા લોકબોર્ડોને સોંપાયો.[૧૨૪] પરંતુ ૧૯૨૩માં મુંબઇ પ્રાંતમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો પસાર થયો, ત્યાં સુધીમાં સ્થાનિક સત્તા-મંડળોને આપવામાં આવેલી સત્તાઓ નામની જ હતી.[૧૨૫] વસ્તુતઃ "કેળવણીના વિષયમાં વડી સરકારે તેની (નાણાકીય) જવાબદારીનો બોજો, નવાં સ્થપાયેલાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉપર લાદી તેમાંથી છટકબારી શોધી હતી."[૧૨૬] સ્થાનિક સત્તા મંડળો પાસે વહીવટી સ્વાતંત્ર્યનો અભાવ, ટાંચાં આર્થિક સાધનો, અટપટી અનુદાન પ્રથા વગેરેને લઇને ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો અધ્યેયકાલ દરમ્યાન જોઇએ તેવોને તેટલો વિકાસ સધાયો નહોતો, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. પ્રાણલાલ કિરપારામ, ધોળકામાં ઇ.સ. ૧૯૨૫માં યોજાયેલા અમદાવાદ જિલ્લા શિક્ષક સંઘના અધિવેશનમાં, એ સમયે મુંબઇ ઇલાકામાં પ્રાથમિક કેળવણીની નિરાશાજનક સ્થિતિ દર્શાવતા કેટલાક આંકડા રજૂ કરે છે. એના પરથી સમગ્ર અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શિક્ષણની પ્રગતિ કેવી મંદ રહી તેનું વેધક પ્રમાણ સાંપડે છે.

> "આપણા ઇલાકામાં ૧૧.૨ ચોરસ માઇલના ક્ષેત્રફળ વચ્ચે ૧ પ્રાથમિક શાળા છે. મોટા શહેરોમાં આવેલી નજદીકની શાળાઓ ધ્યાનમાં લઇએ તો ગામડાઓને માટે ૧૪-૧૫ ચોરસ માઇલ વચ્ચે માત્ર એક જ પ્રાથમિક શાળા આવેલી છે એમ કહી શકાય.......એટલે ત્રણ ગામમાં બેગામ પ્રાથમિક શાળા વગરનાં છે. સામાન્ય રીતે એવી ગણતરી થાય છે કે એંકદરે વસ્તીની સેંકડે ૧૫ ટકા વસ્તી શાળાઓમાં ભણવા યોગ્ય ઉંમરના છોકરા છોકરીઓની છે. આપણા ઇલાકામાં પુરુષોની વસ્તીના માત્ર સેંકડે ૬.૩ ટકા નિશાળોમાં ભણે છે, એટલે લગભગ ૯ ટકા ભણતા નથી. તેથી ભણવા યોગ્ય છોકરાઓનો લગભગ ૨/૩ ભાગ ભણતો નથી. માત્ર ૧/૩ ભાગ જ ભણે છે. સ્ત્રીઓના આંકડા આથી પણ વધારે નિરાશાજનક છે....

તેમાંથી માત્ર ૨ ટકા જ ભણે છે, એટલે (ભણવા યોગ્ય ઉંમરોની) ૧૫ છોકરીઓમાંથી માત્ર બેજ છોકરીઓ ભણે છે, અને ૧૩ છોકરીઓ ભણ્યા વગરની જ રહે છે." ૧૨૭

આમ ૧૮૮૨ પછી થયેલા ફેરફારો વ્યવહારમાં પ્રાથમિક શિક્ષણની પ્રગતિને વેગ આપવામાં, જોઇએ તેટલા સફળ નીવડયા નહીં અને તેથી છેક ૧૯૨૦ સુધી પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં સંગીન પ્રગતિ થઇ શકી નહિ એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

૧૮૮૨ના હંટર કમિશનની ભલામણ અનુસાર માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણના સંચાલનમાં ખાનગી સાહસને અનુદાન ધ્વારા ઉત્તેજન આપવાની સરકારી નીતિ એકંદરે સફળ નીવડી. ૧૮૮૫ થી ૧૯૨૦ના ગાળા દરમ્યાન અંગ્રેજી ભણેલા-ઓને સરળતાથી મળતાં પૈસો, પદવી ને પ્રતિષ્ઠાને લીધે અંગ્રેજી શિક્ષણ માટેની લોકભૂખ ઉઘડતી ગઇ. એને સંતોષવા નવી નીતિ અનુસાર ગુજરાતમાં ખાનગી સાહસ ધ્વારા અંગ્રેજી સંખ્યાબંધ અંગ્રેજી શાળાઓ ઊભી થઇ. આમાંની મોટાભાગની સંસ્થાઓનો આશય શુદ્ધ વિદ્યાકીય જ રહયો, પરંતુ સમય જતાં એમાં કેટલાંક વ્યાપારી તત્ત્વોએ પણ પ્રવેશ કર્યો. આવી સંસ્થાઓએ વિદ્યાકીય ગુણવત્તાને નેવે મૂકી સંખ્યાબંધ ગેરરીતિઓ આચરી નફો કરવા તરફ જ ધ્યાન આપ્યું :

"હરીફાઇ વધતાં, એમાંની કેટલીક સંસ્થાઓ, કેળવણીની સંસ્થાઓ મટી, વેપારની પેઢીઓ થઇ પડી હતી, અને ધનપ્રાપ્તિના લોભને વશ થઇ, તેઓ વર્ગમાં જોઇએ તે કરતાં વધુ પ્રમાણમાં વિદ્યાર્થીઓ લેતાં, શિક્ષકોને હલકા પગાર આપતા, અને શિક્ષણનાં સાધનો જેવાં કે લાઇબ્રેરી, લેબોરેટરી, હોસ્ટેલ વગેરે નામનાં રાખી, જેમ વધુ નફો મળે એવી તજવીજ કરતાં, અને તેના પરિણામે શિક્ષણનું ધોરણ બગડતું તેમ શિષ્ટનો ( discipline ) લોપ થતો હતો...........". ૧૨૮

આમ, ૧૮૮૨ના હંટર કમિશનની ભલામણ અનુસાર ખાનગી સાહસને માધ્યમિક અને ઉચ્ચતર કેળવણીના વહીવટમાં સ્થાન આપવાની ઉકત નીતિમાંથી, શિક્ષણમાં કેટલાંક અનિષ્ટ તત્ત્વોએ પ્રવેશ કર્યો. ગ્રાન્ટ-ઇન-એઇડની પ્રથા આ માટે નિમિત્ત બની.

સરકાર, ગેરરીતિઓને સંપૂર્ણતઃ ડામી શકે એવું તંત્ર રચી શકી નહિ, અને આ પ્રશ્ન શિરોદર્દ સમાન થઇ પડયો. સ્વતંત્ર ભારતને આ દર્દ બ્રિટિશ રાજયના વારસામાં પ્રાપ્ત થયું હતું એનો નિર્દેશ માત્ર અત્રે પૂરતો છે. આમ છતાં ૧૮૮૫ થી ૧૯૨૦ દરમ્યાન માધ્યમિક અને ઉચ્ચ કેળવણી માટે ઉઘડેલી પ્રજાની ભૂખ સંતોષવા ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં શુધ્ધ વિધાકીય ધોરણોને વરેલાં કેટલાંક કેળવણી મંડળો ઊભા થયાં અને તેમણે નમૂનેદાર હાઇસ્કૂલો ઊભી કરી ગુજરાતની જનતાની અપ્રતિમ સેવા કરી એ પણ ન ભૂલાવું જોઇએ. આમાં સૂરતની સાર્વજનિક એજયુકેશન સોસાયટી (૧૮૮૮), ભરૂચની લોકહિતેચ્છુ સભા (૧૮૮૬) ભાવનગરનું દક્ષિણામૂર્તિ વિધાભવન (૧૯૧૦), આણંદની ચરોતર એજયુકેશન સોસાયટી (૧૯૧૪) વગેરેની સેવાઓ મુખ્ય ગણાય.

ઇ.સ.૧૮૫૪ના વૂડના ખરીતાની એક મુખ્ય ભલામણ ઇલાકાનાં શહેરોમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવા અંગેની હતી. તદ્અનુસાર ૧૮૫૭માં મુંબઇ, મદ્રાસ અને કલકત્તા ખાતે યુનિવર્સિટીઓનું નિર્માણ થયું, ત્યાર પછી ઉચ્ચતર શિક્ષણને વેગ મળવા લાગ્યો. ભારતમાં પ્રાચીન અને મધ્યકાલીન વિશ્વવિધાલયોની ઉત્તમ પ્રણાલી હોવા છતાંય આ યુનિવર્સિટીઓનું નિર્માણ લંડન યુનિવર્સિટીના મોડેલ પર થયું એ ઉચ્ચતર ભારતીય શિક્ષણની દુઃખદ ઘટના છે. આમ છતાંય દેસાઇ નોંધે છે તેમ "વૂડના ખરીતાથી ઉચ્ચશિક્ષણ વ્યવસ્થિત બન્યું અને યુનિવર્સિટીઓ સાથેની સંલગ્ન કોલેજો ધ્વારા શિક્ષણ વધુ ક્ષમતાભર્યું બનવાની શકયતા સર્જાઇ. ઉચ્ચશિક્ષણનો ઝડપથી સાંખ્યિક અને ગુણાત્મક વિકાસ સધાવો શરૂ થયો."[૧૨૯] આ યુગમાં આમ જનતામાં કોલેજ શિક્ષણની મોહિની અતિપ્રબળ હોવાનું સમર્થન હીરાલાલ પારેખ પણ કરે છે.[130] સરકારી અને રજવાડી નોકરીઓ તે મુખ્યત્વે એની પાછળનું પ્રભાવક પરિબળ હતું. ઇ.સ.૧૯૨૦માં ભારત-ગુજરાતના લક્ષાં પર ગાંધીજીના આગમન પછી આ પરિસ્થિતિમાં કંઇક ફેર પડયો હોવાની નોંધ ચરિતકારોએ લીધી છે.

લોર્ડ કર્ઝનને કોલેજશિક્ષણના આવા અનિયંત્રિત વિસ્તારમાં બ્રિટિશ સરકાર માટે મોટો ભય જણાયેલો અને તેથી ૧૯૦૨માં તેણે ભારતીય યુનિવર્સિટી શિક્ષણપંચની રચના કરી તેની ભલામણો અનુસાર યુનિવર્સિટીના વહીવટનું પુનર્ગઠન કરવા ૧૯૦૪માં યુનિવર્સિટી ધારો પસાર કરાવ્યો. તદનુસાર "યુનિવર્સિટીના વહિવટમાં સરકારનો

ચાર્ટ નં.-૩

# ગુજરાતની કેળવણીને ઘડનારી કેટલીક મહત્વની તવારીખો

- ૧૮૨૦ — ઈ.સ.૧૮૨૦ મુંબઈ હિંદ પુસ્તક અને શાળામંડળીની સ્થાપના
- ૧૮૨૫ — ઈ.સ.૧૮૨૬ સુરતમાં પ્રથમ ગુજરાતી શાળાની સ્થાપના
- ૧૮૩૦
- ૧૮૩૫
- ૧૮૪૦ — ઈ.સ. ૧૮૪૦ બોર્ડ ઓફ એજ્યુકેશનની સ્થાપના
  - ઈ.સ. ૧૮૪૨ સુરતમાં પ્રથમ અંગ્રેજી નિશાળની સ્થાપના
- ૧૮૪૫
- ૧૮૫૦ — ઈ.સ. ૧૮૫૪ ચાર્લ્સ વુડ્ઝ ડિસ્પેચ: કેળવણીખાતાની સ્થાપના
- ૧૮૫૫ — ઈ.સ. ૧૮૫૭ મુંબઈ વિશ્વવિદ્યાલયની સ્થાપના
  - ઈ.સ. ૧૮૫૮ હોપ વાચનમાળાનું નિર્માણ
  - ઈ.સ. ૧૮૫૯ મુંબઈ વિશ્વવિદ્યાલયની મેટ્રીક્યુલેશનની પરીક્ષાનો પ્રારંભ
- ૧૮૬૦ — ઈ.સ. ૧૮૬૦ શાળા-શિક્ષણપદ્ધતિઓના અભ્યાસ અંગે મહીપતરામનું ઇંગ્લેંડ-પ્રયાણ
- ૧૮૬૫
- ૧૮૭૦ — ઈ.સ. ૧૮૭૦ પ્રાંતીય સરકારોને શિક્ષણખાતાની સોંપણી
- ૧૮૭૫
- ૧૮૮૦ — ઈ.સ. ૧૮૭૯ અમદાવાદમાં ગુજરાત કોલેજની સ્થાપના
  - ઈ.સ. ૧૮૮૨ ભારતીય શિક્ષણપંચની સ્થાપના
  - ઈ.સ. ૧૮૮૨ વડોદરામાં કોલેજની સ્થાપના
- ૧૮૮૫ — ઈ.સ. ૧૮૮૫ ભાવનગરમાં કોલેજની સ્થાપના
- ૧૮૯૦
- ૧૮૯૫
- ૧૯૦૦ — ઈ.સ. ૧૯૦૧ જૂનાગઢમાં કોલેજની સ્થાપના
- ૧૯૦૫
- ૧૯૧૦
- ૧૯૧૫
- ૧૯૨૦ — ઈ.સ. ૧૯૧૮ સુરતમાં કોલેજની સ્થાપના

દરમ્યાન અનેક જડતાઓ પ્રવેશી ગઇ હતી. એનો ઉદ્દેશ મુખ્યત્વે વૈશ્યોનાં બાળકોને વ્યાપાર રોજગારમાં ઉપયોગી થાય એવાં લેખન, વાચન, ગણનનાં કૌશલ્યો ખીલવવા પૂરતો મર્યાદિત બની ગયો હતો. ફલસ્વરૂપે તેનો અભ્યાસક્રમ પણ ઘણો જ સંકુચિત અને જડ બની ગયો હતો. શિક્ષણપદ્ધતિઓ પણ યાંત્રિક અને નીરસ હતી. બાળકોની કક્ષા, ગ્રહણ ક્ષમતા કે અભિરુચિઓને શિક્ષણમાં કોઇ સ્થાન નહોતું. શિક્ષકોનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો વ્યવહાર પણ ધૃણાજનક હતો. મુખ્યત્વે, યજમાન-વૃત્તિ, વૈદક, જ્યોતિષ વગેરે જેવા વ્યવસાયોમાં નિષ્ફળ જનાર બ્રાહ્મણો દ્વારા વંશપરંપરાથી આવી નિશાળો ચલાવાતી. એમને મન શિક્ષણ એ આજીવિકાપ્રાપ્તિ માટેનો ધંધો જ હતો, વ્યવસાય નહીં. એ શિક્ષકોની શિક્ષણસિદ્ધિ પણ ઘણી ઓછી રહેતી. આવી શાળાઓ મુખ્યત્વે મહેતાજીના ઘરના એકાદ ઓરડા, ઓસરી કે ઓટલા પર બેસતી. સાધનસુવિધાઓની દૃષ્ટિએ આવી શાળાઓની મૂલવણી કરવાનો પ્રયત્ન હાસ્યાસ્પદ લેખાય કારણ કે ખાનગી ધોરણે મહેતાજીઓ દ્વારા ચલાવાતી આવી શાળાઓને રાજ્ય કે સ્થાનિક સત્તા મંડળો તરફથી કોઇ સહાય મળતી નહીં. વિદ્યાર્થીઓ દ્વારા થતી આવક પર મહેતાજીઓને ગુજરાન જોગું મળી રહેતું. અંગ્રેજી શાસનના પ્રારંભકાળે ગુજરાતમાં ગામઠી શિક્ષણ-પ્રથાનો આવો અધઃપાત થઇ ચૂકયો હતો.

ગુજરાતની લોકશિક્ષણ પ્રણાલીની આવી પશ્ચાદ્ભૂમાં ઓગણીસમી સદીના ત્રીજા દાયકામાં ગુજરાતમાં બ્રિટિશ કેળવણીના શ્રી ગણેશ મંડાયા. પ્રારંભમાં રૂઢિચુસ્ત જનતા દ્વારા તેનો ઉગ્ર વિરોધ થયો. ગામઠી શાળાના મહેતાજીઓ અને પ્રજાના અજ્ઞાનનો લાભ ઉઠાવવા માગતા મહેસૂલી ખાતાના અધિકારીઓ પણ તેમાં ભળ્યા. પરંતુ કેળવણી ખાતાના બાહોશ અને સંનિષ્ઠ અધિકારીઓ અને શિક્ષકોની અથાગ જહેમતને લીધે ધીમે ધીમે આવો વિરોધ સમતો ગયો. અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરનારને મળતી ઉજ્જવળ તકોએ પરિસ્થિતિને પલટવામાં મુખ્ય ભાગ ભજવ્યો. વળી, પશ્ચિમની સંસ્કૃતિ અને શિક્ષણની અસર હેઠળ આવતી જાગૃત્તિ પણ એમાં નિમિત્ત બની. પરિણામે, બ્રિટિશ કેળવણીના વિકાસ માટે ક્રમશઃ સાનુકૂળ ભૂમિકા સર્જાતી ગઇ.

કેળવણી-ખાતાના અધિકારીઓએ પ્રારંભથી જ નવી કેળવણીને સંગીન ધોરણ

પર મૂકવાના સહૃદય પ્રયત્નો આદર્યા હતા. ઇ.સ. ૧૮૨૯ થી ઇ.સ. ૧૮૪૦ સુધી ગુજરાત સહિત મુંબઇ પ્રાંતની સમગ્ર કેળવણીનો વહીવટ 'મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી'ના હાથમાં રહયો. આ મંડળી હસ્તક ગુજરાતમાં પ્રાથમિક સરકારી શાળાઓની સ્થાપના થઇ. આ મંડળીએ સહુ પ્રથમ વાર શાળાઓ માટે પાઠયપુસ્તકો અને શિક્ષણ સાધનો પણ તૈયાર કરાવ્યા, એટલું જ નહિ પરંતુ નવી ખુલતી શાળાઓના શિક્ષકો માટે અભિમુખતા-તાલીમનો પણ પ્રબંધ કર્યો.

ઇ.સ. ૧૮૪૦થી માંડી ઇ.સ. ૧૮૫૪માં કેળવણીખાતાની રચના થઇ ત્યાં સુધી ગુજરાત સહિત મુંબઇ પ્રાંતના શિક્ષણની વહીવટી વ્યવસ્થાનો દોર બોર્ડ ઓફ એજયુકેશનના હાથમાં રહયો. આ બોર્ડમાં શૈક્ષણિક વહીવટને લાગે વળગે છે ત્યાં સુધી હિંદવાસીઓને પણ કદાચ પ્રથમ વાર જ સ્થાન મળ્યું. બોર્ડના વખતમાં ગુજરાતમાં અંગ્રેજી શાળાઓની સ્થાપનાનો પ્રારંભ થયો. બોર્ડે 'મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી' એ ઉપાડેલી પ્રવૃત્તિઓને વેગ આપ્યો એટલું જ નહિ, પણ કેળવણીને કારોબારી અને ન્યાયતંત્રથી મુકત કરવાની દિશામાં પણ કેટલાંક મક્કમ ડગ ભર્યાં. કેળવણીમાં સ્થાનિક ફાળાની પધ્ધતિ દાખલ કરી એણે શિક્ષણમાં લોકરસ પ્રદીપ્ત કર્યો.

ઇ.સ. ૧૮૫૪નો વૂડનો ખરીતો કેળવણીના વિકાસમાં મહત્ત્વનું સીમાચિહ્ન બની રહયો. એણે કેળવણીના વર્તમાન સંકુલ વહીવટી તંત્રની બુનિયાદ નાખી, ઉચ્ચતર કેળવણીનો પ્રારંભ કર્યો અને મુકરર અનુદાનનીતિ ધ્વારા શૈક્ષણિક વિકાસના વિરાટ કાર્યમાં ખાનગી સાહસની ભાગીદારીનેય આવકારી. એના પુરોગામી શિક્ષણ સંગઠનોએ ઉપાડેલાં શૈક્ષણિક દાયિત્વોને પણ એણે પ્રાગતિક દૃષ્ટિ બક્ષી.

ઇ.સ. ૧૮૮૨ના હંટર શિક્ષણપંચની ભલામણો અનુસાર સરકારે મુખ્યત્વે પ્રાથમિક શિક્ષણની જવાબદારી ઉપાડી, માધ્યમિક અને ઉચ્ચતર કેળવણીની જવાબદારી ખાનગી સાહસો પર છોડવાની નીતિનું સૂચન કર્યું. આ નીતિ અનુસાર ગુજરાતમાં ઇ.સ. ૧૮૮૫ પછી મુખ્યત્વે માધ્યમિક શિક્ષણને ઠીક ઠીક વેગ મળ્યો. પરંતુ ૧૯૧૯માં પ્રજાકીય પ્રધાનમંડળો સ્થપાયાં ત્યાં સુધી પ્રાથમિક શિક્ષણનું જોઇએ તેટલું વિસ્તરણ ન થઇ [illegible] શકયું. પ્રજાકીય પ્રધાનમંડળો રચાતાં ફરજિયાત

M. S. UNIVERSITY OF BARODA



પ્રાથમિક શિક્ષણની યોજના સાકાર બનવાની શકયતા સર્જાઇ. અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરનારાઓને મળતી ઉજવળ તકોને લઇને માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણનો એકંદરે સારો વિકાસ સધાયો.

આમ, અધ્યેયકાલ (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન એક તરફ બ્રિટિશ કેળવણીનો યોજનાબદ્ધ વિકાસ અને વિસ્તરણ થઇ રહયાં હતાં ત્યારે, બીજી તરફ ગામઠી શિક્ષણપ્રથા સરકાર તેમજ પ્રજાના સંપૂર્ણ દુર્લક્ષને લીધે ઘસાતી જતી હતી.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

संदर्भसूचि


૧. પરીખ, નરહરિ દ્વારકાદાસ : નુવલગ્રંથાવલિ, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, પ્રકાશન વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૪૦૩-૪૦૪.

૨. એજન, પૃ. ૪૦૩-૪૦૮.

૩. સંપા: વકીલ, રસિકલાલા માણેકલાલ : તળપદી પ્રતિભાનું નૂર : સ્વ. હરિલાલ દામોદરદાસ વકીલ : જીવન અને સાહિત્ય, કપડવંજ, રસિકલાલ માણેકલાલ વકીલ, ~~કપડવંજ~~, ૧૯૬૪, પૃ. ૬૧.

૪. રાવળ, રવિશંકર મ. : આત્મકથાનક, ખંડ - પહેલો, અમદાવાદ, કુમાર કાર્યાલય લિ., ૧૯૬૭, પૃ. ૨૭-૨૮.

૫. ભટ્ટ, ગણપતરાય રાજારામ : ભરૂચ જિલ્લાના કેળવણી ખાતાનો ઇતિહાસ અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૮૭૭, પૃ. ૨૨-૨૩.

૬. પરીખ, નરહરિ દ્વારકાદાસ : ઉપર્યુદ્ધૃત

૭. શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય, અમદાવાદ મૂળચંદ આશારામ શાહ, ૧૯૩૪, પૃ. ૨૩.

૮. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : મહીપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્ય માળા - પુષ્પ ૧૭૪મું, ૧૯૩૦, પૃ. ૧૬.

૯. સંપા. રામલાલ નવનીતલાલ : "દીવાન બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો", અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સૂરત, પ્રકાશક : સંપાદક સ્વયં, વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૬૧.

૧૦. દેસાઇ રમણલાલ વસંતલાલ : ગઇકાલ, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ. ૧૦.

૧૧. લે. મહેતા, વિનાયક નંદશંકર, સંપા. ત્રિવેદી, ભૂપેન્દ્ર બાલકૃષ્ણ : નંદશંકર જીવનચિત્ર, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૧, પૃ. ૩૭.

૧૨. નાનાભાઈ ભટ્ટ : ઘડતર અને ચણતર (ભાગ : ૧ - ૨) 'લોકભારતી' સણોસરા, સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૯, પૃ. ૨૫.

૧૩. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા (જીવનવિકાસ : ભાગ પહેલો), અમદાવાદ, રવાણી પ્રકાશન ગૃહ, ૧૯૬૭, પૃ. ૬૭.

૧૪. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત, પૃ. ૧૧-૧૨.

૧૫. રામલાલ નવનીતલાલ : "રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર" ઉપર્યુક્ત, પૃ. ૧૩.

૧૬. નીલકંઠ, મહીપતરામ રૂપરામ : દુર્ગારામ ચરિત્ર (ભાગ : પહેલો) (પ્રકાશન સ્થળ, પ્રકાશક, પ્રકાશન વર્ષ અમુદ્રિત) પૃ. ૨.

૧૭. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૫.

૧૮. દવે, નર્મદાશંકર લાલશંકર : મારી હકીકત, મુંબઈ, 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ, ઈ.સ. ૧૯૬૬, પૃ. ૨૧.

૧૯. નારાયણ હેમચંદ્ર : હું પોતે, અમદાવાદ, વિજય પ્રવર્તક પ્રેસ, ૧૯૦૦, પૃ.૭.

૨૦. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત, પૃ. ૬૭.

૨૧. રામલાલ નવનીતલાલ : "રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર" ઉપર્યુદ્ધૃત.

૨૨. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૬.

૨૩. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત, પૃ. ૧૧.

૨૪. વકીલ, રસિકલાલ માણેકલાલ : ઉપર્યુક્ત, પૃ. ૨૯.

૨૫. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુદ્ધૃત.

૨૬. નારાયણ હેમચંદ્ર : ઉપર્યુદ્ધૃત.

૨૭. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુદ્ધૃત.

૨૮. મહેતા, જગજીવન નારાયણ : મારાં જીવન સંસ્મરણો, મુંબઈ, જગજીવનદાસ મહેતા ટ્રસ્ટ, પ્રકાશન વર્ષ: અપ્રાપ્ય, પૃ. ૫૦.

M. S. UNIVERSITY OF BARODA




૨૯. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુદ્ધૃત.

૩૦. રામલાલ નવનીતલાલ : "દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો", ઉપર્યુદ્ધૃત.

૩૧. રામલાલ નવનીતલાલ : "રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર", ઉપર્યુદ્ધૃત.

૩૨. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૫૨-૫૩.

૩૩. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુકત, પૃ. ૨૧-૨૨.

૩૪. એજન, પૃ. ૨૨-૨૩.

૩૫. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત, પૃ. ૨૭.

૩૬. ઓઝા, કાશીરામ ભાઈશંકર : સદ્‌ગત શેઠ અમૃતલાલ લાલજી ઓઝા, કલકત્તા, ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી, ૧૯૪૭, પૃ. ૧૦૫.

૩૭. ચંદ્રવદન મહેતા : બાંધ ગઠરિયાં (ભાગ : પહેલો), સૂરત, ગાંડીવ સાહિત્ય મંદિર, ૧૯૫૬, પૃ. ૪૦.

૩૮. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૫૩-૫૪.

૩૯. એજન, પૃ. ૫૩.

૪૦. એજન.

૪૧. દેસાઈ, રમણલાલ વસંતલાલ : ઉપર્યુકત, પૃ. ૯.

૪૨. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુદ્ધૃત.

૪૩. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત, પૃ. ૨૭-૨૮.

૪૪. નારાયણ હેમચંદ્ર : ઉપર્યુકત, પૃ. ૮.

૪૫. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુકત, પૃ. ૩૬-૩૭.

૪૬. દેસાઈ, રમણલાલ વસંતલાલ : ઉપર્યુકત, પૃ. ૧૦.

૪૭. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૫૪.

૪૮. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુકત, પૃ. ૨૪.


FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



૪૯. નારાયણ હેમચંદ્ર : ઉપર્યુકત, પૃ. ૯-૧૦.

૫૦. રામલાલ નવનીતલાલ : "દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો", ઉપર્યુદ્ધૃત.

૫૧. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૫.

૫૨. શાહ, બાપાલાલ ગરબડદાસ : વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઇ, હસોટ (વા. અંકલેશ્વર), પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૧, પૃ. ૮.

૫૩. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુકત, પૃ. ૨૩-૨૪.

૫૪. દવે, કાશીશંકર મૂળશંકર : દલપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા : પુષ્પ -૬૨મું, ૧૯૨૧, પૃ. ૧૮.

૫૫. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુદ્ધૃત.

૫૬. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુકત, પૃ. ૩૬.

૫૭. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુદ્ધૃત.

૫૮. શાહ, બાપાલાલ ગરબડદાસ : ઉપર્યુદ્ધૃત.

૫૯. નારાયણ હેમચંદ્ર : ઉપર્યુકત, પૃ. ૮.

૬૦. દેસાઇ, રમણલાલ વસંતલાલ : ઉપર્યુદ્ધૃત.

૬૧. નાનાભાઇ ભટ્ટ : ઉપર્યુદ્ધૃત.

૬૨. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુદ્ધૃત.

૬૩. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત, પૃ. ૨૮.

૬૪. દેસાઇ, રમણલાલ વસંતલાલ : ઉપર્યુકત, પૃ. ૧૫.

૬૫. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૨.

૬૬. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુદ્ધૃત.

૬૭. વકીલ, રસિકલાલ માણેકલાલ : ઉપર્યુકત, પૃ. ૬૨.

૬૮. નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુકત, પૃ. ૫-૬.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

૬૯. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત, પૃ. ૧૬.

૭૦. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૭.

૭૧. એજન. પૃ. ૩૮.

૭૨. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઇનું જન્મચરિત્ર', ઉપર્યુક્ત, પૃ. ૩૮.

૭૩. એજન, પૃ. ૧૬.

૭૪. એજન. પૃ. ૧૫.

૭૫. એજન, પૃ. ૧૬.

૭૬. લે. ભટ્ટ છોટાલાલ નરભેરામ, સંપા. ભટ્ટ ગોવિંદલાલ હરગોવિંદ : આત્મવૃત્તાન્ત, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા : પુષ્પ - ૩૧૪મું, ૧૯૫૩, પૃ. ૩૩.

૭૭. નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુક્ત, પૃ. ૮.

૭૮. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૯.

૭૯. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત, પૃ. ૧૭-૧૮.

૮૦. એજન. પૃ. ૧૬.

૮૧. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત, પૃ. ૪૨.

૮૨. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઇનું જન્મચરિત્ર', ઉપર્યુક્ત, પૃ. ૧૫.

૮૩. એજન. પૃ. ૧૫.

૮૪. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઇનું જન્મચરિત્ર' ઉપર્યુદ્ધૃત.

૮૫. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત, પૃ. ૨૮-૨૯.

૮૬. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઇનું જન્મચરિત્ર' ઉપર્યુક્ત, પૃ. ૧૬-૧૭.

M. S. UNIVERSITY OF BARODA



૮૭. એજન, પૃ. ૧૬.

૮૮. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુક્ત, પૃ. ૩૧-૩૨.

૮૯. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત, પૃ. ૩૨.

૯૦. નીલકંઠ, મહીપતરામ રૂપરામ : ઉપર્યુક્ત, પૃ. ૫૧-૫૨.

૯૧. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર' ઉપર્યુક્ત, પૃ. ૫૭.

૯૨. એજન.

૯૩. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત, પૃ. ૩૨-૩૩.

૯૪. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૮.

૯૫. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર' ઉપર્યુક્ત, પૃ. ૧૫૮.

૯૬. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત, પૃ. ૩૯-૪૦.

૯૭. ભટ્ટ, છોટાલાલ નરભેરામ : ઉપર્યુક્ત, પૃ. ૪૮.

૯૮. એજન, પૃ. ૫૦.

૯૯. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન', ઉપર્યુક્ત, પૃ. ૪૧-૪૨.

૧૦૦. એજન, પૃ. ૪૩.

૧૦૧. એજન.

૧૦૨. એજન, પૃ. ૪૨-૪૩.

૧૦૩. એજન, પૃ. ૪૭.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

૧૦૪. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૪૫.

૧૦૫. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન, ઉપર્યુકત, પૃ. ૪૧-૪૨.

૧૦૬. એજન, પૃ. ૪૫-૪૬.

૧૦૭. એજન, પૃ. ૪૬.

૧૦૮. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૧૦૨.

૧૦૯. એજન, પૃ. ૧૦૫.

૧૧૦. એજન, પૃ. ૧૦૩.

૧૧૧. એજન, પૃ. ૮૯.

૧૧૨. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત, પૃ. ૪૫.

૧૧૩. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત, પૃ. ૪૨.

૧૧૪. એજન, પૃ. ૫૩.

૧૧૫. એજન, પૃ. ૬૨.

૧૧૬. એજન, પૃ. ૯૩.

૧૧૭. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન', ઉપર્યુકત, પૃ. ૪૭.

૧૧૮. એજન. પૃ. ૪૯.

૧૧૯. Mukerji S. N. : History of Education in India, Baroda Acharya Book Depot, 1959, p. 126.

૧૨૦. દેસાઈ, ધનવંત મ. : અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ (૧૭૮૫થી ૧૯૬૭), વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, ૧૯૬૯, પૃ. ૬૬.

૧૨૧. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન (ખંડ : ૨) અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૬, પૃ. ૧૫૮.

૧૨૨. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન (ખંડ : ૩) અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૩૭, પૃ. ૩૮.

૧૨૩. Desai, D. M. : Compulsory Primary Education in India, (Bombay University Doctoral Thesis), Vol. II,1951 p.454.

૧૨૪. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ : ૨), પૃ. ૯૪.

૧૨૫. સંપા. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે, હરિપ્રસાદ રામચંદ્ર : પ્રાણલાલ કીરપારામ દેસાઇ સન્માનગ્રંથ : ચીતળ (સૌરાષ્ટ્ર), દવે, ગિરિજાશંકર રામચંદ્ર, ૧૯૪૮, પૃ. ૯૪.

૧૨૬. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ : ૨), પૃ. ૧૫૯.

૧૨૭. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે, હરિપ્રસાદ રામચંદ્ર : ઉપર્યુકત, પૃ. ૩.

૧૨૮. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુદ્ધૃત. (ખંડ : ૨)

૧૨૯. દેસાઇ, ધનવંત મ. : ઉપર્યુકત, પૃ. ૨૬૯.

૧૩૦. પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : ઉપર્યુકત (ખંડ :૨), પૃ. ૧૫૮-૫૯.

૧૩૧. એજન, પૃ. ૧૬૧.

૧૩૨. શારદા મહેતા : જીવન સંભારણાં, વડોદરા, પ્રકાશક : લેખિકા સ્વયં, ૧૯૩૮, પૃ. ૩૯૭.

X X X X X

"કેળવણીનો મુખ્ય ઉદ્દેશ તો મનુષ્યની શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરવો એ છે. કેળવણીથી મનુષ્ય જેટલે અંશે શારીરિક તંદુરસ્તી પ્રાપ્ત કરી શકે છે, જેટલે અંશે તેની માનસિક શક્તિઓનો વિકાસ થાય છે અને તે સંસ્કારી બને છે, જેટલે અંશે તે સેવાભાવી, સત્યવાદી, ન્યાયી, નીડર અને અહિંસક બને છે અને જેટલે અંશે તે ધાર્મિક અને પ્રભુમય બને છે તેટલે અંશે તેને અપાયેલી કેળવણી સફળ કે નિષ્ફળ નીવડી છે, એમ આપણે કહી શકીએ."

-- પ્રાણલાલ કીરપારામ દેસાઈ

X X X X X